રાષ્ટ્રીય વિરાસત સંસ્થા શ્રી ગ્રામદક્ષિણામૂર્તિ ટ્રસ્ટ દ્વારા પ્રકાશિત

# કોડિયું

લોકાભિમુખ નઈ તાલીમી કેળવણી દ્વારા સંતુલિત વિકાસ સાધવા પ્રયત્નશીલ સંસ્થા-સામયિક

## સન્માનિત થતી 'લોકભારતી'

### મા. રાષ્ટ્રપતિશ્રીના હસ્તે પદ્મશ્રી સન્માન સ્વીકારતા શ્રી રઘુવીરભાઈ ચૌધરી



વર્ષ : ૨૦૨૪ સ્થળઃ રાષ્ટ્રપતિ ભવન, ન્યુ દિલ્હી

વર્ષ: ૭૭ અંક : ૧૧ ૧૫ જૂન, ૨૦૨૪

# ફ્રાંસની શૈક્ષણિક મુલાકાતની યાદગાર તસ્વીરો




શ્રી અરુણભાઈ દવે અને શ્રી અર્ચનાબહેન દવેને ફ્રાંસની યાત્રા માટે શુભેચ્છા પાઠવતા લોકભારતી પરિવારજનો





'તપોવન' સંસ્થાના સ્થાપક- સંચાલક પદ્મશ્રી કિરણભાઈ વ્યાસ સાથે












સોનલ પરીખ

# કોડિયું

વર્ષ : ૭૭ જૂન: ૨૦૨૪ અંક : ૧૧

## અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| ૦૧ | સૂર્ય સૌનું સત્ય છે<br>મોરારિબાપુ | ...૦૬ |
| ૦૨ | રઘુવીર એટલે તરણેતરનો મેળો<br>સુરેશ દલાલ | ...૦૭ |
| ૦૩ | રઘુવીર ચૌધરીને વાંચતા<br>સંજય શ્રીપાદ ભાવે | ...૧૦ |
| ૦૪ | શિક્ષણ એટલે માનવમાં થતું મૂડીરોકાણ<br>ગુણવંત શાહ | ...૧૩ |
| ૦૫ | પુસ્તક અવલોકન ‘અ’ અહિંસાનો ‘અ’ LEARNING NON-VIOLENCE<br>ડૉ. દિનુ ચુડાસમા | ...૧૫ |
| ૦૬ | કથા આશા અને વિકાસની : રાહુલના લગ્ન<br>બિંદુ- પાર્થેશ | ...૧૮ |
| ૦૭ | ભારતભૂમિની ઊર્જાવાન નારી : ચાંદ સુલતાના<br>ટીના દોશી | ...૨૧ |
| ૦૮ | લોકભારતીના દાદાઓ : જ્ઞાનપિપાસુ ગાંધીમાર્ગી અધ્યાપક : પ્રભાતસિંહ બારોટ<br>પ્રવીણચંદ્ર ઠક્કર | ...૨૪ |
| ૦૯ | ઓપનહાઈમર<br>સોનલ પરીખ | ...૨૭ |
| ૧૦ | શબરી<br>વિશાલ જોષી | ...૩૨ |
| ૧૧ | મન મગન હુઆ<br>ડંકેશ ઓઝા | ...૩૪ |
| ૧૨ | તું તારા જેવો થજે<br>ભાણદેવજી | ...૩૭ |
| ૧૩ | સંસ્થા સમાચાર<br>પ્રશાંત મહેતા | ...૪૦ |

**આદ્યતંત્રીઓ :**
સ્વ. શ્રી નાનાભાઈ ભટ્ટ
સ્વ. શ્રી મનુભાઈ પંચોળી
સ્વ. શ્રી મૂળશંકરભાઈ ભટ્ટ
સ્વ. શ્રી અનિલભાઈ ભટ્ટ

**તંત્રી :**
ડૉ. અરુણ દવે
(મો. ૯૪૨૬૪૬૧૨૭૭)

**સહતંત્રી :**
ડૉ. દિનુ ચુડાસમા
(મો. ૯૯૭૯૧૮૭૫૮૭)

**સંપાદક-મંડળ:**
સોનલ પરીખ
(મો. ૮૩૬૯૭૭૦૮૬)
વિશાલ ભાદાણી
(મો. ૯૪૨૬૮૮૫૩૮૭)
તારક ઓઝા
(મો. ૯૮૭૯૨૧૩૬૯૬)
પ્રશાંત મહેતા
(મો. ૯૮૭૯૪૦૭૫૮૨)

**મુદ્રક-પ્રકાશક :**
શ્રી સુરસંગભાઈ ચૌહાણ
(મો. ૯૯૨૫૬૩૨૩૦૪)

**માલિક :**
ગ્રામદક્ષિણામૂર્તિ ટ્રસ્ટ

**મુદ્રણ-સ્થાન :**
ચામુંડા પ્રિન્ટિંગ પ્રેસ,
રેલવે સ્ટેશન રોડ,
સોનગઢ,
ફોન : ૨૮૪૬-૨૪૪૦૫૦

**પ્રકાશન-સ્થળ :**
ગ્રામદક્ષિણામૂર્તિ, આંબલા

**◆ સૂચના ◆**

- 'કોડિયું' દરેક મહિનાની પંદરમી તારીખે પ્રગટ થાય છે. તા. ૨૫ સુધીમાં અંક ન મળે તો ટપાલમાં તપાસ કર્યા પછી જ કાર્યાલયને જણાવવું.
- પત્રવ્યવહારમાં ગ્રાહક નંબર અવશ્ય લખવો. સરનામામાં ફેરફાર થાય તો કાર્યાલયને તરત જાણ કરવી.
- ગમે તે મહિનાથી ગ્રાહક બની શકાય છે. લવાજમ મ.ઓ. ડિમાન્ડ ડ્રાફ્ટ અથવા ઓનલાઈનથી સ્વીકારવામાં આવે છે.

Ac Name: ગ્રામદક્ષિણામૂર્તિ, Ac No.56016001728,
IFSC Code : SBIN0060016, Branch: SBI, Amargadh

**◆ લેખ મોકલવા માટે ◆**
'કોડિયું' કાર્યાલય,
લોકભારતી, સણોસરા,
જિ. ભાવનગર ૩૬૪૨૩૦
kodiyusanosara@gmail.com

**◆ લવાજમ અને અંક વિષેની ફરિયાદ માટે પત્રવ્યવહાર ◆**
શ્રી રવિભાઈ પંડયા
(મો. ૯૮૨૪૮૧૨૫૬૫)
ગ્રામદક્ષિણામૂર્તિ લોકશાળા,
મુ. આંબલા- ૩૬૪૨૧૦
pandyavrp532@gmail.com

**◆ લેખકોને ◆**
અહીં લેખોમાં રજૂ થયેલા વિચારોની જવાબદારી લેખકની છે.
લેખ સાથે સરનામું અવશ્ય લખશો.

**◆ લવાજમ ◆**

| | |
|---|---|
| વાર્ષિક | રૂ. ૨૦૦/- |
| પાંચ વર્ષના | રૂ. ૧૦૦૦/- |

## તંત્રીસ્થાનેથી...

જીવનને તન,મન અને ધનથી માણવું એ ફ્રેંચ લોકોનો ધ્યાનમંત્ર છે ! ખાવું, પીવું, ફરવું, નાચવું, વાતો કરવી, ફેશન કરવી, બધી જ કળાઓમાં રસ લેવો, સુંદર અને સુઘડ બાગ-બગીચા, રસ્તાઓ રાખવા, માતૃભાષાને પ્રાધાન્ય આપવું તેમનો સ્વભાવ છે. પેરિસમાં જ વિવિધ પ્રકારના ૧૪૦ મ્યુઝીયમ છે ! ફ્રાન્સની માનવ વસ્તી સવા છ કરોડની અને દર વર્ષે સાડા છ કરોડ વિશ્વભરમાંથી પ્રવાસીઓ આવે !! માત્ર લુવ્ર મ્યુઝીયમ જોવા જ એકાદ કરોડ કળાપ્રેમીઓ એક વર્ષમાં આવે છે. વિશ્વની અજાયબી એવા કુલ ૧૦૮૩ ફૂટના એફિલ ટાવરની ટોચે અમે બુદ્ધપૂર્ણિમાના દિવસે હતા ! નીચે ઉતરી તેના ૧૭ ફૂટ ઉચ્ચા ફાઉન્ડેશનના ચોખંડામાં ઊભા. એ ભવ્ય ચોકની વચ્ચેથી એફિલ ટાવર ઉપર ધ્યાનથી નજર કરવી એ દિવ્યતાની અનુભૂતિ હતી. ત્યાં ઊભા રહી કરેલી પ્રાર્થના ફળે છે તેવી માન્યતા છે. અમે મા 'લોકભારતી' માટે પ્રાર્થના કરી. અમારી શ્રદ્ધા કહો કે અંધશ્રદ્ધા કહો અગાઉ ફળી છે એટલે પુનઃ અહીં દક્ષિણામૂર્તિ દેવને ભજયા.

વાત એમ છે કે ઈ.પૂ. ૧૯માં ચૂનાના પથ્થરોથી એનસીઅન્ટ રૉમન આર્કટિકથી રચાયેલ વેસ્ટર્ન વૉલ ઈઝરાએલમાં આવેલી છે. તે વેલિંગ વૉલ તરીકે પણ જાણીતી છે. રૂદન, આક્રંદથી મોટેથી રડી રડીને જ્યાં પ્રાર્થના થાય છે તે આ દિવાલ જેરૂસલેમના જૂના શહેરમાં આવેલી છે. યહુદીઓ અને ખ્રિસ્તીઓ માટે બહુ પવિત્ર જગ્યા છે. દર વર્ષે લાખો લોકો ત્યાં પ્રાર્થના કરી હૈયું ઠાલવવા, રડવા આવે છે. ત્યાંના પથ્થરો વચ્ચેના ખાંચામાં સૌ પોતાની ઈચ્છા લખીને ખોંસી દે અને પછી દિવાલને માથુ ટેકવીને પ્રાર્થના કરે. ૨૦૧૨માં પૂ. બાપુ અમને કથા માણવા લઈ ગયેલા ત્યારે અમે આ દિવાલે પ્રાર્થના કરવા ગયેલા. પોતાના પ્રિયજનો માટે સૌ લખે. અમને સ્વતંત્ર રીતે પણ એક જ વિચાર આવેલો!! રવિશભાઈ તો પ્રભુસેવામાં પહોંચી ગયા છે અને દીકરી અવનિ ક્યારેય ક્યાંય 'ગોઠવાઈ' જવા કે પૈસાની માંગણી કરતી નથી. ઉલટાનું અમને કહે કે તમારે જ્યાં પૈસા વાપરવા હોય ત્યાં વાપરો, મારી ચિંતા ન કરો. હું જે મળે છે અને જે છે તેમાં સંતોષથી-આનંદથી જીવું છું. હાર્ટફુલનેસની તેની સાધના જીવનમાં ઉતરી છે એનો અમને ખૂબ સંતોષ છે. તો હવેના ક્રમે અમારું પ્રિય કોણ ? અમે સ્વતંત્ર રીતે લખેલી ચિઠ્ઠીમાં જોયું તો લોકભારતી માટેની પ્રાર્થના હતી !! જો અમે પૂરા સમર્પિતભાવથી, નિસ્વાર્થભાવે તન-મન અને ધનથી લોકભારતીને ગુણવત્તાસભર બનાવવા મથીએ તો હે દયાળુ ભગવાન ટેકો કરજે... અને મારા લોકદક્ષિણામૂર્તિના વ્હાલા વ્હાલા પરિવારજનો, એ પછી ધાર્યા બહારની મદદો મળી.. આ રૂદન-પ્રાર્થના દિવાલ, એફિલ ટાવરનો ચોખંડો અને આજે તા. ૨૮મી-મે એ આ લખવાનું થયું ત્યારે આ સુખદ સ્મરણો સહેજે આપની સાથે વહેંચીને ગમતાનો ગુલાલ કર્યો છે. ક્યાંય આત્મશ્લાઘા જણાય તો માફી ચાહુ છું. ઘણું જીવો મા લોકભારતી.

આપણી ગ્રામદક્ષિણામૂર્તિ આંબલા, મણાર અને માઈધાર સંસ્થામાં ધો. ૧૦ અને ૧૨ના આવેલા સો ટકા પરિણામોએ પુનઃ સાબિત કરી આપ્યું છે કે નઈ તાલીમનું શિક્ષણ બળવત્તર છે ! સૌને ખૂબ ખૂબ અભિનંદન.

## ૦૧ સૂર્ય સૌનું સત્ય છે

**મોરારિબાપુ**

જીવન જ સત્ય છે સહજ રહો. અસત્ય બોલીને જીતવું એના કરતાં સત્ય બોલીને હારી જવું વધું સારું છે.સિદ્ધાંતો બદલાઈ શકે, સત્ તો શાશ્વત છે. અસત્યનો આશરો લેનારા સાચી વ્યકિતને છેતરતા હોય છે. કોઈનાથી છેતરાઇ જવાય ત્યારે આપણે ઝાઝું ગુમાવવાનું હોતું નથી,પણ આપણે કોઈને છેતરીએ છીએ ત્યારે જિંદગીભરનું ઘણું ઘણું ગુમાવતા હોઈએ છીએ. સત્ય અને પ્રમાણિકતાના રસ્તા પર બહું ઠોકરો વાગશે,બહુ પીડા થશે અને મંઝિલ પણ જલદી નહીં મળે પરંતુ જયારે મંઝિલે પહોંચશો તો તમારા જેટલો સુખી વ્યકિત દુનિયામાં કોઈ નહીં હોય.

તમે કોઈને સત્ય આપશો તો તમારું સત્ય ઓછું નહીં થાય, તમને સત્ય મળી જશે. તમે પ્રેમ આપશો તો પ્રેમ મળશે. કરુણા આપવાથી ઓછી નહીં થાય. તમારી પાસે પ્રેમ છે, તો એ ખૂબ વહેંચો, મને કહેવા દો, કરુણા વિના પ્રેમ વિધુર છે. પ્રેમની છાયા કરુણા હોવી જોઈએ. સત્યથી જીવો, પ્રેમથી જુઓ અને કરુણા રેલાવીને જાઓ.

સત્યને શાનદાર બનાવો, ધારદાર નહીં. આપણો અહંકાર આપણને અમુક સત્ય સ્વીકારવા દેતો નથી. સત્તાની આસપાસ ભીડ હોય છે. સત્‌ની આસપાસ કયારેય ભીડ નથી હોતી. સત્ય જયાંથી મળે ત્યાંથી લઈ લો, તમારા બારણાં ખુલ્લાં રાખો. સત્ય અને અહિંસાના માર્ગ પર ચાલવાની આજે જરૂર છે. સત્યના અજવાળામાં જીવે એ પરમાર્થી. જયાંથી પણ સત્ય અને શુભ મળે એને ખેંચી લો.આપણે સત્ય બોલીએ, બીજા બોલે કે ન બોલે એની ચિંતા ન કરવી.

અસત્ય આવે છે, ત્યારે પ્રેમપ્રવાહ કુંઠિત થઈ જાય છે, અવશ્ય. સત્ય આપણા જીવનમાં અક્ષુણ્ણ રહે, તો સમગ્ર અસ્તિત્વ આપણને પ્રેમ કરશે. આપણા હોઠ જેટલા અસત્યથી બચે એટલી પ્રેમની ધારા વધશે. રસમય, સત્યમય,નૃત્યમય જીવન પ્રેમ પ્રગટ કરે છે. પ્રેમમાં રસિક રહેવું પડે છે, કેમ કે તમે જે અસ્તિત્વને પ્રેમ કરો છો,એ અસ્તિત્વનું નામ છે, 'રસો વૈ સઃ!'

એક હોય છે મારું સત્ય. મારું સત્ય ઠીક છે,પરંતુ મારે આદર કરવો જોઈએ કે તમારું પણ કોઈ સત્ય છે. પરંતુ એ બંને સત્યની ઉપર એક સત્ય છે, જે પરમ સત્ય છે, જે સૌનું સત્ય છે.એક મીણબત્તી હું જલાવું, તો એ મારું સત્ય છે; તમે દીવો જલાવો તો એ તમારું સત્ય છે, પરંતુ સૂર્ય આપણા બંનેનું સત્ય છે. સૂર્ય સૌનું સત્ય છે.

સત્ય કયારેય અપહરણ નથી કરતું, સમર્પણ જ કરે છે. સત્ય આશ્રિતને કયારેય અનાશ્રિત નથી કરી શકતું. સત્ય બૌદ્ધિક ન હોવું જોઈએ, હાર્દિક હોવું જોઈએ. સત્ય સાધકનું રસપૂર્ણ આંતરિક નૃત્ય છે. સત્ય નિયમ નથી,સત્ય વ્રત છે. નિયમ ઉપરથી લાદી શકાય છે. વ્રત ભીતરથી પ્રગટ થાય છે. સત્ય સિદ્ધાંત નથી, સત્ય તત્ત્વ નથી, સત્ય રસ છે. સત્યનો અર્થ શબ્દકોશમાંથી નથી મળતો, જીવનકોશમાંથી મળે છે.

(સંકલન : દિનુભાઈ ચુડાસમા )

## ૦૨ રઘુવીર એટલે તરણેતરનો મેળો

**સુરેશ દલાલ**

---

કવિ તરીકે મને રઘુવીર ગમે છે. એ પડઘાઓનો માણસ નથી. અત્યારે ગુજરાતી સાહિત્યમાં આ પ્રકારની કવિતાઓ લખાય છે અને સ્વીકારાય છે, તો ચાલો, આપણે પણ કંઈક લખીએ; એવી રીતે એ લખતા નથી. ભાષા, ભાવાભિવ્યક્તિ રઘુવીરની પોતાની છે, ઉછીની નથી. કોઈ કવિ એટલી પણ પ્રતીતિ આપે કે એનો શબ્દ એની કોઈ વિશિષ્ટ અનુભૂતિમાંથી આકાર પામ્યો છે, તો એટલું પણ મારે માટે પૂરતું છે.

રઘુવીર કવિતામાં જાણે કે એ જાત સાથે વાતચીત કરતા હોય એવો લયલહેકો ગદ્યકાવ્યમાં પણ પકડી આણે છે. 'રાજસ્થાન' નામનું એમનું કાવ્ય ખાસ વાંચવા જેવું છેઃ 'પાન વિનાનાં ઝૂરતાં ટચૂકડાં ઝાડ, ઝરણ વિનાના કોરા ડુંગરા, પ્રશ્ન વિનાના ચિત્ત જેવું પ્રસરેલું રાજસ્થાન, ઊંટનાં સ્તબ્ધ રૂંવાં જેવું ઘાસ' - આ બધાંનું સ્પંદન ઝીલ્યું, વર્ણન કર્યા પછી કવિ કહે છે, 'લાવી શકતો નથી હું રાજસ્થાન'. હકીકતમાં તો આંખમાં જેટલું ટક્યું છે, એટલા રાજસ્થાનને કવિ મૂર્તિમંત કરે છે. બીજા એક કાવ્યમાં કવિ કહે છે :

કોક કામળી, કોક બંસરી, કોક અધૂરું ગાન, બધું ગયું વીસરાઈ, એકલું ટકી ગયું વેરાન.

જે વેરાન છે એમાંથી કવિતાનો વૈભવ ઊભો કરતાં રઘુવીરની કલમને આવડે છે. શબ્દ અને કવિતા વિશે એ સાવધાન છે અને બરાબર જાણે છે કે કવિતામાં 'અપ્રગટ સતર્કતાથી શબ્દ પાસેથી કામ લેવાનું હોય છે.'

રઘુવીર પ્રમાણમાં લાંબાં કહી શકાય એવાં ગદ્યકાવ્યો પણ લખી શકે છે, તો નાનકડાં મુક્તક પણ રચી શકે છે. દા.ત.

'મેં ખેતરમાં મન વાવ્યું ને ઊગી આવ્યું નગર.'

રઘુવીરની કવિતામાં તમને પુનરાવર્તન ભાગ્યે જ જોવા મળશે. 'ચાંદાને મોલે સૂરજ આપે' એવો એ કવિ છે. 'તમસા'માં તમને સંસ્કૃત ભાષાનો સ્પર્શ અનુભવાય, પણ એનો પાંડિત્યપ્રચુર ભાર નહીં. યુગ ભલે બધિરઈન્દ્રિય હોય, પણ કવિની કલમની ઈન્દ્રિયો સતેજ છે. દા.ત.,

'ઘાસનાં નાનકડાં ફૂલોની ઝૂલ નીચે નિરાશ્રિત પવન ઊંઘી ગયો.'

પવનનું નજાકતભર્યું નવજાત શિશુ જેવું આ સ્વરૂપ કવિએ શબ્દની ફ્રેમમાં સજીવ તસવીર જેવું મઢી લીધું છે. રઘુવીરમાં કટાક્ષની એક આગવી સૂઝ છે. એક કાવ્યનો પ્રારંભ જુઓઃ

'એક દિવસ મને એમણે કહ્યું કે
ગાંધીજી ઝભ્ભો પહેરતા હોત તો
અમે એમનું ખીસું કાપત.'

આ કટાક્ષ પાછળ નરી અને નકરી વેદના હોય છે. ગાંધીજીની છાતી વિશાળ હતી. થાક્યાપાક્યાને માથું ટેકવવાનું મન થાય એવી હતી. આટલું કહ્યા પછી કવિ કહે છે :

'પણ એ છાતીમાં એક-બે-ત્રણ
ગોળીઓ સમાઈ
તે પછી કેટલાકને લાગે છે કે
હજી તો એમાં ઘણું બધું સમાઈ શકશે.'

એમની કવિતા ખાતર નથી, પણ ફૂલ છે, એની પ્રતીતિ એમના કાવ્યસંગ્રહો વાંચતાં થાય છે.

રઘુવીર ચૌધરીને મળ્યો છું. એક વાર નહીં અનેક

વાર. મંચ પર મળ્યો છું અને અંગત મળ્યો છું અને છતાંય બહુ નિરાંતે મળ્યો હોઉં એવું ભાગ્યે જ બન્યું છે. માણસને ઓળખવા-પામવા માટે અઢળક મળવું અનિવાર્ય નથી. રઘુવીર હંમેશાં કશુંક નવું ને નવું કરતા રહે છે અને એટલે જ કદાચ એમના વ્યક્તિત્વમાં સવારના સૂર્યની ઉષ્મા અને તાજગીનો અનુભવ થતો રહે છે. સાહિત્યના ક્ષેત્રે એમણે અનેક પ્રકારમાં કામ કર્યું છે અને એમની સર્જકતા સિદ્ધ કરી બતાવી છે. એ વિશેષણના માણસ નથી, પણ ક્રિયાપદના માણસ છે. એ અર્થમાં એ કર્મયોગી છે. એક વાક્ય યાદ આવે છે A man is not a noun but a verb. રઘુવીરની પહોંચ ઘણી છે, કારણ કે એમનામાં કામ કરવાની ત્રેવડ છે. મનમાં જે સંકલ્પ કરે એને એ પાર પાડે, તન્મયતા અને તલ્લીનતાથી.

રઘુવીર માટે પક્ષપાત તો છે જ, પણ એક એ ઘટનાથી એમને માટેનો મારો આદર વધી ગયો. આપણી લગભગ લોથપોથ થયેલી સાહિત્ય પરિષદને એમણે સંજીવની આપી, કાર્યશીલ બનાવી. રઘુવીરના હાથમાં દમયંતીપણું છે. બીજી એક ઘટનાની મને ખબર તો હતી, પણ આજે સવારે ઉત્પલ ભાયાણી જોડે વાત કરતાં એ ઘટના તાજી થઈ. રઘુવીરની પહેલી નવલકથા 'પૂર્વરાગ'. એ લખાઈ ત્યારે ગૂજરાત વિદ્યાપીઠમાં અધ્યાપકની નોકરી કરે. ગૂજરાત વિદ્યાપીઠનો કંઈક એવો નિયમ હશે કે સર્જક જે લખે અને છપાવે એ પહેલાં એની હસ્તપ્રત સંચાલકોને બતાવવી. સ્વમાની અને સ્વાભિમાની સર્જક આવી ગુલામી સાંખે નહીં. ગૂજરાત વિદ્યાપીઠની નોકરી અને નિવાસસ્થાન બંને એમણે એકઝાટકે છોડી દીધાં. હરિવલ્લભ ભાયાણીના પાડોશી થયા. આજે રઘુવીરના ધોળા વાળ જોઉં છું ત્યારે ભાયાણીસાહેબ યાદ આવે છે અને ભોળાભાઈનું હાસ્ય સાંભળું છું ત્યારે ભાયાણીસાહેબ યાદ આવે છે. એ રીતે જોઈએ તો ભોળાભાઈ ને રઘુવીર, ઉમાશંકર એ ભાયાણીસાહેબના જ વંશજ કહેવાય.

જે માણસ પદ અને પદવી ઘડીના છઠ્ઠા ભાગમાં છોડી શકે એને જ પદ અને પદવી ભોગવવાનો અધિકાર છે. અને એ રીતે રઘુવીર ગુજરાતી સાહિત્ય પરિષદના પ્રમુખ થયા એમાં ઔચિત્ય છે. રઘુવીરે પુરવાર કરી આપ્યું છે કે એમને પદ કે પ્રસિદ્ધિની પડી નથી. એમને જે પડી છે તે કશુંક નવું ને નોખું કરવાની.

ઉમાશંકરની જેમ કારભારું એમના લોહીમાં છે. એ કારભારું કરે પણ કારભારનો ભાર ન રાખે. અને પોતાનો ભાર બીજા પાસે ઊંચકાવે પણ નહીં. એ મુત્સદ્દી છે પણ મેલા નથી. એ મુગ્ધ છે પણ ઘેલા નથી. એ પરિપક્વ છે પણ વેદિયા નથી. એ શહેરની ડામરની સડકના પણ છે અને ગામડાની શેરીના પણ છે. એ કાર્યરત અને કાર્યશીલ છે, પણ વર્કોહોલિક નથી. એ રસિક વક્તા છે. વ્યંગ માટે પ્રસિદ્ધ છે. ચાલતાંચાલતાં ગમે ત્યારે, ગમે તેને એ કોણી મારી શકે છે. હું આવા માણસોને વધારે પસંદ કરું છું. કોઈની કોણીએ ગોળ ચોંટાડવાને બદલે કોણી મારનારા માણસો ખુલ્લા અને પારદર્શક હોય છે. એ આક્રમક છે, પણ જુલમી નથી. એમનો વ્યંગ ધારદાર હોય છે, પણ દ્વેષીલો કે ડંખીલો નથી. અનેક માણસોને મળે છે છતાંય એ ખોવાઈ કે ખવાઈ જતા નથી. મુગ્ધતા અને પરિપક્વતાની સમતુલાને એ ધરમના કાંટાની જેમ સાચવી શકે છે. ફરંદા માણસ છે. છતાંય સર્જનની બાબતમાં પલાંઠી વાળીને બેઠેલા જીવ છે. વક્તા તરીકે પણ ઉદાર છે. મોટા ભાગના વક્તાઓ માઈકને વળગેલા જ હોય છે. વક્તવ્ય સમયસર સમેટી શકતા નથી, જ્યારે રઘુવીર પોતાને માટે મળેલો સમય અન્ય વક્તાઓને ફાળવી દે છે. માઈકને માદળિયાની જેમ પહેરતા નથી. બેત્રણ વર્ષ પહેલાં જ્યારે ગુણવંત શાહને રણજિતરામ સુવર્ણચંદ્રક મળ્યો ત્યારે અકસ્માતે હું અમદાવાદ હતો. હું તો માત્ર શ્રોતા તરીકે ગયો હતો, પણ રઘુવીરે પોતાના વક્તવ્યનો સમય ઓછો કરી ગુણવંત વિશે મારે પણ કંઈક કહેવું એવું જાહેર કર્યું.

રઘુવીર અમદાવાદના છે, પણ અમદાવાદી નથી. આશર, ભાયાણીસાહેબ કે મહેશ દવે સાથે તો કૌટુંબિક સંબંધ. ગમે ત્યારે હું જઈ શકું. જ્યાં રહેવું હોય ત્યાં રહી શકું. રઘુવીર એ એક જ સાહિત્યકાર છે જેમને ત્યાં મેં ભાણું માંડ્યું હોય. મોટા ભાગના સાહિત્યકારો મને ઘરે આવવાનું આમંત્રણ આપે, પણ અવાજના આરોહ-અવરોહ પરથી સમજી જઈએ કે આ આમંત્રણ લૂલું છે. એક સાહિત્યકારે તો એટલે સુધી કહ્યું કે તમે તો ઊડતા ઊડતા આવો ને ઊડતા ઊડતા જાઓ એટલે અમે તમને કેવી રીતે બોલાવી શકીએ? રઘુવીરના આમંત્રણમાં સચ્ચાઈ હતી એટલે એમને ત્યાં ગયો હતો. આમ પણ હું ફોર્માલિટીનો માણસ નથી ને કેવળ ફોર્માલિટીને કારણે, મારી પોતાની વ્યસ્તતાને કારણે આવી રીતે કોઈને ત્યાં જવું- મળવું પણ મને પોતાને ગમતું નથી. રઘુવીર સહજ છે. એ વહેવારુ પણ છે અને તહેવારુ પણ છે. એ મહેફિલના છે અને મેદાનના છે.

મને કવિ તરીકે પણ એ ખૂબ ગમે છે. એ કોઈપણ વિષય પર લખી શકે. એમની કવિતા કોઈના પ્રભાવ તળે નહીં પણ પોતાના સ્વભાવ તળે લખાયેલી છે. રાજસ્થાન વિશે પણ લખે, જયપ્રકાશ કે બાબા આમટે વિશે પણ લખે. દીર્ઘકાવ્ય પણ લખી શકે. ગીત પણ અને છંદોબદ્ધ કાવ્ય પણ. વ્યક્તિ વિશે લખી શકે અને પરિસ્થિતિ વિશે પણ. પવનનો એમણે એક સુંદર ફોટોગ્રાફ લીધો છે, માત્ર બે પંક્તિમાં : 'ઘાસનાં નાનકાં ફૂલોની ઝૂલ નીચે નિરાશ્રિત પવન ઊંઘી ગયો.'

'ખળખળ વહેતાં વૃક્ષ પવનમાં' આ કાવ્યસંગ્રહનું નામ પણ કાવ્ય જેટલું જ કાવ્યમય છે.

'તિલક કરે રઘુવીર' પુસ્તક પણ એટલું જ સર્જનાત્મક અને વિશિષ્ટ છે, જો માણસમાં મુગ્ધતા ન હોય તો એક માણસ અનેક પ્રકારના આટલા બધા માણસોને મળી ન શકે અને આટલાં સુંદર, સચ્ચાઈથી ધબકતાં રેખાચિત્રો ન આપી શકે. મૂળ તો એ તરણેતરના મેળાના જીવ છે. 'સહરાની ભવ્યતા' પુસ્તક પણ ફરીફરીને વાંચવા જેવું છે. સ્મૃતિના ભોંયતળિયામાં જે કંઈ પડયું હશે તે અનાયાસે આજે ઉપર ઊપસી આવ્યું. આ બધી વાત મેં અગાસી પર મૂકી દીધી. રઘુવીર ધરતીનો જીવ છે. અગાસીને સંબંધ છે આકાશ સાથે રઘુવીર ગુજરાતી સાહિત્ય પરિષદના પ્રમુખ થયા એ અવસરનો આનંદ ઊજવી લઈએ.

રઘુવીર ચૌધરી એટલે એક વ્યક્તિનો કાફલો. એક રઘુવીરમાં અનેક રઘુવીર છે અને અનેક રઘુવીરમાં એક રઘુવીર છે. બધા જ રઘુવીર એકસાથે સંપી-જંપીને જીવે છે. વાર્તાકાર, નવલકથાકાર, નાટ્યકાર, નિબંધકાર, વિવેચક, કવિ, કટારલેખક, વક્તા, સંપાદક, આયોજક, પ્રકાશક, પ્રવાસક, સાહિત્ય પરિષદને જીવંત રાખનાર ભેખધારી, મોરારિબાપુથી માંડીને અનેક સાથે જનસંપર્ક ધરાવનાર અને કૃષિજીવન અને નગરજીવન બંનેના છેડાની વચ્ચે વસનાર તળપદા નાગરિક, એક માણસ આટલી બધી પ્રવૃત્તિ વ્યાપકપણે કરે એટલે એની નિંદા પણ થાય અને સ્તુતિ પણ થાય. છતાં પણ માણસ માત્ર માટે જેટલું શક્ય હોય એટલા સમતોલ થઈને પુરુષાર્થ કરનાર એકલવીર રઘુવીરના સાતત્ય માટે પ્રેમ અને માન બંને અવશ્ય થાય. મને હંમેશાં એમ લાગ્યું છે કે સત્ય જો ક્યાંય હોય તો તે એકલા સાક્ષીભાવે કરેલી પ્રવૃત્તિના સાતત્યમાં.

વાર્તા હોય, નવલકથા હોય કે અન્ય કોઈ કલાપ્રકાર હોય પણ મનમાં રઘુવીર વિશે એક એવી મુદ્રા અંકિત થઈ છે કે રઘુવીર મૂલ્યોના માણસ છે. આ વાત એમની કૃતિમાં સહજપણે ઊપસી આવે છે. એમના આલેખનમાં આંધળી ભાવિકતા નથી પણ સહજ સ્વાભાવિકતા છે અને એટલે એમાં પ્રચારશૂન્ય રમ્યતા અને ધન્યતા બંનેનો અનુભવ થાય છે.

(સાભારઃ પુસ્તક- 'અમૃતાથી ધરાધામ'- સંપાદનઃ દૃષ્ટિ પટેલ, સુનીતા ચૌધરી)

# ૦૩ રઘુવીર ચૌધરીને વાંચતા

**સંજય શ્રીપાદ ભાવે**

રઘુવીર ચૌધરી તેમને જ્ઞાનપીઠ સન્માન મળ્યું તે પહેલાથી મારા પ્રિય ગુજરાતી લેખકોમાંના એક છે. મેઘાણી, ઉમાશંકર, દર્શક, સ્વામી આનંદ, હિમાંશી શેલત, સરૂપ ધ્રુવ, રમેશ પારેખ, સૌમ્ય જોશી પણ મને ઘણાં ગમે છે. આ બધાંને મેં પૂરાં તો નહીં પણ ઠીક ઠીક વાંચ્યાં છે, વિવેચક ન હોવાથી માણ્યાં પણ છે. કેટલાક વિવેચકો કરે છે તેમ મરાઠી અને ખાસ કરીને અંગ્રેજી લેખકોની આવી યાદી આપીને કેટલાક વાચકોને ઇમ્પ્રેસ પણ કરી શકું.

પાઠ્યપુસ્તકમાંના રઘુવીર બીજા અનેક લેખકોની જેમ ભૂલાઈ ગયા છે. તેમને કંઈક સભાનતાથી સહુથી પહેલા વાંચ્યા તે ૧૯૯૧માં. એ વખતે હું માણસાની આર્ટ્સ કૉલેજમાં અધ્યાપક હતો. 'ઇન્ડિયન એક્સપ્રેસ'માં અવારનવાર લખનાર તરીકે, વિષ્ણુપ્રસાદ ત્રિવેદીને અંજલિ રૂપે કંઈક લખવું હતું. ગુજરાતીના એ જમાનાના એક અધ્યાપકે રઘુવીર ચૌધરીનું 'સહરાની ભવ્યતા' (૧૯૮૦) સૂચવ્યું. વ્યક્તિચિત્રોનો એ સંગ્રહ ઘણે હિસ્સે ભવ્ય લાગે છે. પછી તો યશવંત શુક્લ, દર્શક, બચુભાઈ રાવત, ઉમાશંકર વગેરે વિશે પ્રસંગે પ્રસંગે ક્યારેક પહેલા અંગ્રેજીમાં અને પછી ગુજરાતીમાં લખવાનું બન્યું, અને લગભગ દરેક વખતે આ પુસ્તક મહત્ત્વનું લાગ્યું છે.

કોઈપણ સમયના પ્રમુખ સર્જકની એક વિશેષતા એ છે કે તેની કૃતિઓ પાસે સર્જન પાસે આપણે વારંવાર જવું પડતું હોય છે – આનંદ માટે તો ખરું, પણ આપણા સમયના આકલન માટે પણ! મેઘાણી, ઉમાશંકર, દર્શક, પુ.લ. દેશપાંડે, કર્નાડ, થોડાક પાછળ જઉં તો ઑરવેલ જેવા કેટલાક સાહિત્યકારોની બાબતમાં મારે આવું થયું છે. તેમાં રઘુવીર પણ છે તેની વાત આવતી જશે .

માણસામાં હું હતો તે ૧૯૯૩ સુધીના ત્રણ રમણીય વર્ષો દરમિયાન એ જ ભૂમિની 'ઉપરવાસ' (૧૯૭૫) કથાત્રયી વાંચવાનો રોમાન્સ હજુ યાદ છે. લેખકે પ્રસ્તાવનામાં લખ્યું છે તેમ 'પાત્રોની સાથે જ આખા પ્રદેશમાં ફરવાનું બન્યું છે'. ગયા બે દિવસથી 'ઉપરવાસ'નો આનંદ ફરીથી ચપટી ચપટી ફરી માણી રહ્યો છું. માણસાના દિવસોમાં રઘુવીરના 'વતનની આત્મકથા' થકી આખા પંથકને વ્યક્તિરૂપે અને શબ્દરૂપે એક સાથે જાણવા-માણવાનું મારું અહોભાગ્ય હતું. આ સામાજિક બૃહત્ નવલ પાસે ફરીથી જવાનું થયું તે મરાઠી દલિત લેખક લક્ષ્મણ માનેના 'ઉપરા' નામના અત્મકથનના અનુવાદ (૨૦૦૫) વખતે. આ લેખક વાંસનાં કામ કરનારી ભટકતી અને વિમુક્ત જાતિના છે. આપવીતીમાંથી અરધી તેમની કૈકાડી બોલીમાં છે. અનુવાદને તળપદનો પાસ આપવા માટે મેં તેને ઉત્તર ગુજરાતની સાધારણ ગ્રામીણ લઢણમાં ઢાળવાની કોશિશ કરી. તેમાં મનથી એ ભાષા સાથે રહેવા માટે જે નવલકથાઓ વાંચી તે મફત ઓઝાની 'જાતર', પન્નાલાલની 'વળામણાં' તેમ જ 'માનવીની ભવાઈ' અને રઘુવીરની 'ઉપરવાસ'.

વ્યક્તિચિત્ર મને ગમતો એક સાહિત્યપ્રકાર. એટલે 'તિલક કરે રઘુવીર'(૧૯૯૮)નો બીજો ભાગ મળતા સોતો જ વાંચી ગયો. પહેલો ભાગ સાહિત્યકારો વિશે હતો. બીજા ભાગનું પેટાશીર્ષક જ એની તરફ ખેંચી ગયું 'કર્મશીલ સારસ્વતો'. સમાજ માટે કામ કરનાર, જાહેર જીવનમાં બદલાવ માટે ફાળો આપનાર જે વ્યક્તિઓનાં નામ મેં સાંભળ્યા હતા, જેમના વિશે હું જાણવા માગતો તેમાંથી ઘણા એમાં હતા. રઘુવીરે કરેલી એમની વાતમાં સામાજિક કૃતજ્ઞતા મારા માટે બહુ મહત્ત્વની હતી. સાથે ચરિત્રકારનાં રમતિયાળ ગદ્ય અને લાક્ષણિક તીર્યકતામાં પણ મને મજા પડી. પુસ્તક વાંચ્યું ત્યારે એમાંથી કેટલુંક તો ખાસ મિત્ર સૌમ્યને રાત્રે સાડા અગિયારે લૅન્ડલાઈન પર ફોન કરીને વાંચી સંભળાવ્યું. તેમાં સહુથી મનભર લાગ્યું તે પુરોવચન.

એને મેં હમણાં જ્ઞાનપીઠ નિમિત્તે ફેઇસબુક પર શેઅર કર્યું છે. છતાં અહીં ટપકાવવાની લાલચ રોકી શકતો નથી :

'માણસમાં એક ગુણ પણ અવિચળ રહે તો ભયો ભયોઃ માત્ર ગુણદર્શી કે નર્યા વાંકદેખા થયા વિના સજીવ સૃષ્ટિને ચાહવાનો સ્વભાવ મને મળેલો છે. અનંત ઉદારતાઓ અને વિરાટ લિપ્સાઓ જોયા પછી, મનની સંકુલતા સમજવા છતાં વિશ્વાસ મુકવાનું જોખમ ખેડ્યું છે. આથી સર્જકો સારસ્વતો, લોકસેવકોને વખાણી શકું છું. આ ઉધાર જમાનામાં યૌન હિંસા અને દગાફટકાનાં ઘેરાં દશ્યોના પ્રસારથી સમૂહ માધ્યમોએ સહૃદયને લગભગ રતાંધળો કરી મૂક્યો છે. ત્યારે પ્રશ્ન થાય : માણસની ભલાઈ જોવાના રાજીપામાં એ જોડાશે ખરો?' દોષ પર હસી લેવું અને ગુણ પર મુગ્ધ થવું એટલે તિલક કરવા પ્રેરાવું. મનમાં તીર્થનું વાતાવરણ સર્જવું, જેમાં અજાણ્યા રહીને આગળ વધી ગયેલા યાત્રીઓની હાજરી અનુભવી શકાય. શક્ય છે કે એ વાતાવરણમાં પ્રેમનો ઉજાશ પ્રગટે ને એકલવાયું ન લાગે. કશા હેતુ વિના શુભને વખાણવું એ ચાહનાનું એક રૂપ છે. કંઈક આવી મૂડી આ રેખાચિત્રોમાં રોકાયેલી છે.'

આ ફકરા એ વખતે આદરણીય મહેન્દ્રભાઈને 'કંઠસ્થ અને હૃદયસ્થ કરવા જેવા ગદ્યાંશો' કહીને લખી મોકલ્યા હતા, અને વળતા પત્રમાં તે મારી વાત સાથે સંમત પણ થયા હતા. મહેન્દ્રભાઈને રઘુવીરે ઉત્તમ રીતે તિલક કર્યું છે. તેમાં એક વાક્ય લખ્યું છે : 'ગુજરાતના મોટા ભાગના પ્રકાશકો મહેન્દ્ર મેઘાણી વિશે ઍમ્બિવૅલન્સ અનુભવે છે. સમજી શકતા નથી કે એમને વખાણવા કે વખોડવા.' હું પણ રઘુવીર વિશે ઍમ્બિવૅલન્સ અનુભવું છું. વખોડવાના છેડાનો સવાલ નથી. પણ મારું ઍમ્બિવૅલન્સ કંઈક આવું છે. 'તિલક' ના બીજા ભાગ વિશે એ વખતે ધોરણસરની ગુણવત્તા ધરાવતા 'પરબ' (જૂન ૧૯૯૮) માસિકમાં લેખ કર્યો તેમાં રઘુવીર પણ 'ક્યારેક તિલક કરવાને યોગ્ય લાગે છે' એવો પ્રયોગ પણ હતો. રઘુવીર ચૌધરી અધ્યયનગ્રંથ 'અમૃતાથી ધરાધામ' (૨૦૧૪) પ્રસિદ્ધ થયો. ગ્રંથની પ્રક્રિયા દરમિયાન મને બાતમી મળી હતી કે 'પરબ'વાળો મારો લેખ તેમાં સમાવવામાં આવી રહ્યો છે. પણ લેખના પુનર્મુદ્રણમાં આ વાક્ય ન આવે તે માટેની મારી આગોતરી કોશિશ સફળ થઈ ન હતી. અલબત્ત, આ સંપાદકીય મામલો હતો. એને જવા દઈએ તો ય રઘુવીર મારા માટે કોયડો રહ્યા છે!

રઘુવીર છૂટાછવાયા નાના-મોટા સંદર્ભે વંચાતા જ રહ્યા. જેમ કે મહાભારત આધારિત, દલપત ચૌહાણની નાટ્યકૃતિ 'અનાર્યાવર્ત' પર 'દલિત અધિકાર'ના ઉપક્રમે વક્તવ્ય આપવાનું થયું ત્યારે તેના સ્વાધ્યાય તરીકે દુર્ગા ભાગવતના 'વ્યાસપર્વ' અને ઇરાવતી કર્વેના 'યુગાન્ત'ની જેમ રઘુવીરની ત્રયી 'ગોકુળ-મથુરા-દ્વારકા' (૧૯૮૬) પણ જોઈ ગયો હતો. 'માનવીની ભવાઈ'ના મરાઠી અનુવાદનું પરામર્શન કરવાનું થયું ત્યારે એક-બે જગ્યાઓની સ્પષ્ટતા માટે, વિ.વાય. કંટકે 'એન્ડ્યોરન્સ : અ ડ્રૉલ સાગા' નામે કરેલો તેનો અંગ્રેજી અનુવાદ અને રઘુવીરે 'જીવન એક નાટક' નામે છેક ૧૯૬૮માં કરેલો હિંદી અનુવાદ જોયો હતો. ચારેક વર્ષ પહેલાં લોકનાયક ચુનીભાઈ વૈદ્ય પરના અભિવાદન ગ્રંથ માટેનું કામ મિત્રોએ શરૂ કર્યું, તે નિમિત્તે રઘુવીરે 'તિલક' માં કરેલું ચુનીકાકાનું રેખાચિત્ર વાંચ્યું. 'દર્શકના દેશમાં' તો અવારનવાર ઉપયોગમાં લીધું છે.

ડૉ. પ્રકાશ આમટેના મરાઠી આત્મકથન 'પ્રકાશવાટા'નો 'પ્રકાશની પગદંડીઓ' (૨૦૧૨) નામે અનુવાદ કર્યો. તેના પ્રકાશક મહેશ દવેએ રઘુવીરભાઈને પુસ્તકની નકલ મોકલી હતી. પંદરમી સપ્ટેમ્બરના પ્રકાશન સમારંભના સમાચાર આવ્યા, તે પછી બીજા જ અઠવાડિયે 'દિવ્ય ભાસ્કર'માં પુસ્તકનું પહેલવહેલું અવલોકન લખનાર તે રઘુવીર. ડૉ. પ્રકાશના પિતા અને લોકોત્તર સમાજસેવક મુરલીધર અર્થાત્ બાબા આમટે. રઘુવીરે અવલોકનમાં લખ્યું હતું 'સને ૧૯૮૫માં—આજથી સત્તાવીસ વર્ષ પહેલાં એમને બાબા આમટેને મળવા જતાં દીર્ઘ કાવ્ય રચાયેલું 'મારે તારી જરૂર છે મુરલીધર !' એ રચના પછી ક્યાં ગઈ એનો ઉલ્લેખ ન હતો, મને ય ખબર ન હતી. પણ રઘુવીરનો 'ફૂટપાથ અને શેઢો' (૧૯૯૭) કાવ્યસંગ્રહ મારી પાસે હતો. એમાં જોયું તો ત્રીજા ક્રમે ત્રણ પાનાંની આ કવિતા હતી! આવો જ અચંબો જુલાઈ-ઑગસ્ટ ૨૦૧૪માં થયો હતો. અધ્યયન

ગ્રંથમાંથી 'ધરાધામ' કાવ્યસંગ્રહ વિશે જાણ્યું, તે વસાવ્યો, વાંચવા લાગ્યો. તેમાં એક કવિતા હતી 'પ્રકાશની પગદંડીઓ', ડૉ. પ્રકાશ અને ડૉ. મંદા આમટે વિશેની જ તો. લખ્યા તારીખ ૧૪-૧-૧૩! અઠ્ઠ્યાવીસ વર્ષ પછી ય ગુણાનુરાગિતાનું એ જ સાતત્ય!

'ધરાધામ'(૨૦૧૪)ની કેટલીય રચનાઓ વારંવાર વાંચી. 'વહેતા વૃક્ષ પવનમાં' (૧૯૮૪) સંચયના કવિએ અહીં ફરી એક વાર ઝાડ, માટી, ખેતર અને તેની આસપાસની આખી ય સૃષ્ટિનો જે મહિમા કર્યો છે ! મને તો એ કૃતિ કુદરતને વાંચનારના તીર્થધામ જેવી લાગે છે. તેમાંથી શું સંભળાવું ને શું ટાંકું એવું થઈ જાય. 'ધરાધામ' અને 'બચાવનામું'(૨૦૧૧)ના પ્રકાશન વચ્ચે ત્રણ વર્ષનો ફેર, પણ મારા વાંચવામાં બંને પુસ્તકો સાથે જ આવ્યાં.

'બચાવનામું' એ રઘુવીર અને ગુજરાતી કવિતા બંનેની રીતે મને બિલકુલ જ સીમાચિહ્ન સમી કૃતિ લાગી. એની ખબર જ ન હતી એ મને ન ગમ્યું. પણ અધ્યયનગ્રંથમાંથી ખબર પડી કે આ સાંપ્રત મુખ્ય કૃતિની આપણા અભ્યાસીઓએ લગભગ નોંધ જ નથી લીધી; તેના વિશે સુરેશ દલાલની પ્રસ્તાવના અને ભોળાભાઈ પટેલના પુસ્તકમાં જ મૂકેલા દીર્ઘ લેખ ઉપરાંત માત્ર બે જ લેખો લખાયા છે, એ પણ ટૂંકા! આવું શા માટે થયું હશે? કારણ એ લાગે છે કે સમાજ અને સમષ્ટિના ધરતી પરના નક્કર પ્રશ્નોની વાત આપણા અભ્યાસીઓના શાહમૃગી વૃત્તિ ધરાવતા એક મોટા હિસ્સાને માફક જ આવતી નથી. ઘટનાનું રઘુવીરે પ્રજાશક્તિના વિજય તરીકે ઉદાત્તીકરણ કર્યું છે. સમકાલીન જીવનના અર્થઘટન અને વર્ણનના સર્જક-સ્વાતંત્ર્યને સ્વીકારીને પણ એ કહેવું જોઈએ કે લેખકે અહીં સેક્યુલર લોકશાહી દેશની એક પ્રતિગામી ઘટનાને વિપરિત રીતે રજૂ કરી છે. સાથે એવું ય બન્યું છે કે હિંદુ ધર્મની વર્ણવ્યવસ્થાને કારણે ઊભી કરવી પડેલી અનામત પ્રથાને તેમણે - તેના રાજકીય સ્વાર્થ માટે કરવામાં આવેલા ઉપયોગના હિસ્સાની વૈચારિક સભાનતા અને વાર્તાકીય અવગણના સાથે - યથોચિત સમર્થન આપ્યું છે. એક જ લેખકના એકસો સડસઠ પાનાંમાં પ્રગતિશીલ અને પ્રતિગામી દૃષ્ટિબિંદુઓ એકસાથે જોવા મળે એવું ઓછું બને છે. જો કે અપવાદો બાદ કરીને, અત્યારના ગુજરાતી સાહિત્યની સમાજવિમુખતાને ધ્યાનમાં લેતા લેખકના શબ્દો નોંધવા જેવા છે : 'કલાવાદીઓ અને સત્તાવાદીઓને આ પ્રકારનું લખાણ ન ગમે એ સમજી શકાય, હું માનું છું કે લેખકે સમાજલક્ષી વિવાદોમાં પડવું જોઈએ. છાંટા ઊડવાની બીકે સંઘર્ષથી બચીને ચાલવાને બદલે જોખમ ઉઠાવવું જોઈએ.' આવું જોખમ રઘુવીર ગોધરાકાંડ પછીના ગુજરાત અને દેશમાં જે કંઈ બની રહ્યું છે તે બાબતે ઊઠાવે એવી અપેક્ષા રહી છે. એ વાત સાચી કે 'સોમતીર્થ'(૧૯૯૬) નવલકથા, વધતા જતા કોમી વૈમનસ્યના સંદર્ભમાં સોમનાથ મંદિરના ધ્વંસનો ઇતિહાસ તપાસે છે. 'સમજ્યા વિના છૂટા પડવું'(૨૦૦૩)માં રમખાણો અને વર્લ્ડ ટ્રેડ સેન્ટર પરનો આતંકવાદી હુમલો, ગુજરાતના ભૂકંપની જેમ જ વાર્તાનો હિસ્સો છે. પણ એક પ્રમુખ લેખક તરીકે ગુજરાતમાં ખેતીનો વિનાશ, શિક્ષણની પડતી, વિરોધ પર દમન, તેમ જ દેશમાં ચાલી રહેલી લોકવિરોધી નીતિઓ અને અસહિષ્ણુતા જેવા મુદ્દે તેમની પ્રતિક્રિયાની અપેક્ષા રહે જ છે.

રઘુવીરભાઈએ સાને ગુરુજીના 'ભારતીય સંસ્કૃતિ'(૨૦૦૦)નો મારો અનુવાદ તેમના રંગદ્વાર પ્રકાશન તરફથી બહાર પાડ્યો. 'ઉપરા' તેમના અને મારા પિતાજીના સતત ટેકા વિના ન થઈ શક્યું હોત. પ્રોત્સાહન ઉપરાંત પ્રેમ પણ કેવો? રંગદ્વારના પુસ્તક ભંડાર પર ગયો છું ત્યારે લગભગ દરેક વખતે પુસ્તકો ભેટ મળ્યાં છે - 'ફૂટપાથ અને શેઢો', 'ભૃગુસંહિતા', 'સહરાની ભવ્યતા', 'દર્શકના દેશમાં', 'વાડમાં વસંત', 'પ્રાણપ્રતિષ્ઠા'. આ બધામાં રઘુવીરની સહી અને તારીખ હોય, પણ સાથે મારી પત્ની અને દીકરીનાં નામ પણ હોય. રઘુવીર માટે પરિવાર કેટલો મહત્ત્વનો છે - પોતાનો અને બીજાનો પણ. અમારા ઘર વિશે તેમણે વાર્તાના પાતળા આવરણ હેઠળ 'દિવ્ય ભાસ્કર' (૨૬/૧૨/૨૦૦૪) માં લખ્યું હતું, જે પછી 'જિંદગી જુગાર છે ?' (૨૦૦૫) સંગ્રહમાં મૂક્યું છે. કેટલીય બાબતો માટે કૃતજ્ઞ છું!

સાભારઃ નિરીક્ષક, ૧૬-૦૧-૨૦૧૬ઃ પૃષ્ઠ ૮,૯,૧૦

## ૦૪ શિક્ષણ એટલે માનવતામાં થતું મૂડીરોકાણ

**ગુણવંત શાહ**

---

પાકીસ્તાનમાં શાણા માણસો કેટલા? આવા માણસનો કોઈ ભાવ ન પૂછે, એ જુદી વાત છે. પાકીસ્તાનમાં જયારે જનરલ ઝિયા-ઉલ હકનું શાસન હતું. તે વખતે એક ઘટના બની. એ શાણા માણસનું નામ હતુંઃ અબ્દુલ કાદિર ખાન. હોંગકોંગની એક જર્નલમાં એમણે લેખ લખ્યો. એ લેખમાં એક વાકય એવું હતું. જેણે આખી દુનિયામાં એમને ભારે જશ અપાવ્યો. એ વાકય સાંભળોઃ

**'મધરાતે જયારે માતા બાળકને ધવડાવે છે,**
**ત્યારે**
**લશ્કરના જનરલો ટેન્કની**
**ખરીદી કરવા માટે નીકળી પડે છે.'**

પછી બન્યું એવું કે ઈન્દિરાજી વડાપ્રધાન હતા ત્યારે આ જ વિધાન યથાતથ ઈન્દિરાજીના નામે પ્રગટ થયું. ઊહાપોહ મચી ગયો. કેટલાક લોકોએ અબ્દુલભાઈને સમજાવ્યા કે આવી સીધી ઉઠાંતરી માટે ઈન્દિરાજી પર કોર્ટમાં કેસ દાખલ કરો. અબ્દુલભાઈ જેવા સજ્જને એમ કરવાની સ્પષ્ટ ના પાડી. કાળક્રમે વાત ભુલાઈ ગઈ. ઘીના ઠામમાં ઘી પડી રહ્યું !

જનરલ ઝિયા જાપાનની મુલાકાતે આર્થિક સહાય માટે ગયા ત્યારે અબ્દુલભાઈને સાથે લેતા ગયા. વાટાઘાટો ચાલી. એ વખતે પાકિસ્તાની ડેલિગેશન તરફથી જાપાનની ટીમ સમક્ષ એક વિચિત્ર માગણી મૂકીઃ 'અમે જાપાનના ત્રણ શાણા માણસોને મળવા માંગીએ છીએ. એવી ગોઠવણ શકય છે?' સામે પક્ષે તરત સંમતિ આપી. એ ત્રણે શાણા માણસો ખરેખર 'શાણા' હતા.

પાકિસ્તાની ડેલિગેશને એક જ પ્રશ્ન પૂછયોઃ 'બીજા વિશ્વયુદ્ધ પછી થોડાંક જ વર્ષોમાં જાપાન બેઠું થઈ ગયું એનું રહસ્ય શું?' જવાબમાં જાપાનના શાણા માણસોએ કહ્યુંઃ 'એટમ બોંબ હિરોશિમા-નાગાસાકી પર ઝિંકાયો પછીનો સર્વનાશ પાછળ રહી ગયો તેનું એક કારણ છે. અમે શાંતિનો માર્ગ પસંદ કર્યો અને રાષ્ટ્રના શિક્ષણમાં જ રોકાણ કરવાનું શરૂ કર્યું. આ માર્ગ અપનાવ્યો તેથી જાપાન ઊંચે આવતું ગયું.' અમને પ્રતીતિ થઈ કેઃ 'શિક્ષણ એટલે માનવમાં થતું મૂડીરોકાણ' આ જ વાત અન્ય દેશો સમજે તો લાભ જ લાભ!

પાકિસ્તાન પાસે આવી ઉમદા વાત સમજવાની શકિત જ બચી નથી. થોડાક મિલિયન ડોલર મેળવીને ડેલિગેશન પાછું વળ્યું. આજે પણ એ દેશના ભિખારીવેડા ચાલુ છે.

પાકિસ્તાનના બીજા શાણા માણસનું નામ છેઃ હસન નિસાર. પાકિસ્તાન પ્રજા ખુલ્લંખુલ્લા મનથી તેમની ધરાઈને નિંદા કરે છે, તોય હજી એ જીવતો રહ્યો છે,એ આશ્ચર્યની વાત ગણાય ! એણે જાહેરમાં કહ્યું : 'ઘોરી મિસાઈલ અને ગજની મિસાઈલ' બંને લૂંટારા, બદમાશ અને સ્ત્રીઓને રંજાડનારા હતા. પાકિસ્તાનની નવી પેઢી સમક્ષ શું આપણે આવા નીચ પ્રકારના લોકોને 'રોલ મોડેલ' તરીકે આગળ ધરવા માંગીએ છીએ? ખરેખર તો આજે પાકિસ્તાનને એક નરેન્દ્ર મોદીની જરૂર છે. કોઈ સ્નેહીએ હસન નિસારને પૂછયુંઃ 'તમને મૃત્યુનો ભય નથી લાગતો?' હસનભાઈએ કહ્યુંઃ 'પાકિસ્તાનનું જે સરેરાશ આયુષ્ય છે, તેના કરતા મારી ઉંમર વધારે છે. હવે હું વહેલો મરી જાઉં તોય શું?'

આ લેખ લખતી વખતે વડોદરા પ્રાતઃસ્મરણીય મહારાજ સયાજીરાવનું સ્મરણ કેમ ન કરું? 'શિક્ષણ એટલે માનવમાં થતું મૂડીરાકાણ' જેવું સૂત્ર એમણે દેશમાં સૌપ્રથમ સાશન સાથે વણી લીધું હતું. વર્ષ-૧૮૯૮માં તેમણે મફત

અને ફરજિયાત શિક્ષણની નીતિનો અમલ અમરેલી જિલ્લામાં કર્યો અને વર્ષ ૧૯૦૨માં એ સૂત્રનો અમલ ગાયકવાડી રાજયમાં કર્યો. 'Education investment in man' વડોદરા મહારાજાએ કેટલું વહેલું સમજી લીધું? એ જ પ્રમાણે લાઈબ્રેરી વિનાનું એકપણ ગામ ગાયકવાડી રાજયમાં ન હતું.

વર્ષ ૧૯૬૦ના અરસામાં એક શકવર્તી ગ્રંથ પ્રગટ થયો હતો. ત્રણ પુસ્તકો હતાં, મેં જ્યારે યુનિવર્સિટી ઓફ મિશિગન(એન બાર્બર)થી વિદાય લીધી ત્યારે પાર્ટી ગોઠવી અને મને ત્રણ પુસ્તકો ભેટ આપ્યાંઃ Asian Drama લેખક ગુન્નાર મિરડાલ. જે આજે પણ ઘરની લાઈબ્રેરીમાં સચવાયાં છે. આવી સુંદર પ્રથા શરૂ કરવા જેવી છે.

એ ગ્રંથમાં પ્રથમ વાર એક મંત્ર જેવું વિધાન પ્રગટ થયુંઃ 'Education is investment in man' આવા અર્થપૂર્ણ વિધાન પર મેં ઘણાં પ્રવચનો દેશ-પરદેશમાં આપ્યાં હતાં ગુન્નાર મિરડાલને એમના પ્રદાન બદલ નોબેલ પારિતોષિક પણ મળ્યું હતું. પત્ની શ્રીમતી મિરડાલ શાંતિના કામમાં સક્રિય હતાં. એમને પણ વિશ્વશાંતિના ક્ષેત્રે કરેલા પ્રદાન બદલ નોબેલ પારિતોષિક પ્રાપ્ત થયું હતું. આવું યુગલ વિશ્વને વારંવાર નથી મળતું.

શિક્ષણના ક્ષેત્રમાં જે મૂડીરોકાણ થાય તે કદી પણ વ્યર્થ નથી જતું. એ માટે આ મહાગ્રંથમાં પ્રયોજાયેલા બે શબ્દો નોંધવા રહ્યાઃ Population (વસ્તીની ગુણવત્તા) શિક્ષણ વસ્તીની ગુણવત્તામાં વધારો કરે છે. આ વાત ખૂબજ મહત્ત્વની છે. પાકિસ્તાની પ્રજાની ગુણવત્તા ઓછી ન હોય તો સરકારમાન્ય આતંકવાદ ચાલુ રહી શકે ખરો? પ્રજા અને સરકારને આતંકવાદ સદી ગયો છે, તેથી એ ખૂંચતો નથી. પ્રજાની સંવેદના જ ખૂટી પડે ત્યારે બીજું શું થાય? હસન નિસારસાહેબ હજી જીવે છે. પરંતુ એમનું કોણ સાંભળે? પ્રજાની ગુણવત્તા ખૂટે ત્યારે આવું જ બને છે. હજારો વર્ષથી ચાલતી આવેલી અસ્પૃશ્યતા ટકી રહી, કારણ કે પ્રજાની ગુણવત્તા(સંવેદના) ઓછી પડી.

છેલ્લે એક સુંદર વાત કરું? નેપોલિયન બોનાપાર્ટ યુરોપના મહાન કવિ ગેટેને મળવા ગયેલો. તે વખતે ગેટેની વય ૬૦ વર્ષની હતી નેપોલિયને મહાકવિ ગેટેને નજીકથી જોયા ત્યારે એના મુખમાંથી એક વાકય નીકળી પડયુંઃ 'આનું નામ તે માણસ ! ' કયારેક વિચારવા જેવું છેઃ આપણા ઘરે કોઈ મળવા આવે પછી સામા માણસના મુખેથી આવું વાકય નીકળી પડે ખરું?

આવું 'એક કેવળપ્રયોગી વાકય' પ્રાપ્ત થાય તે માટે આયખું ટૂંકું પડે. જીવનની સાર્થકતા આવા એક ઉદ્ગારમાં સમાઈ જાય એમ બનેઃ 'આનું નામ તે માણસ !' કવિ ગેટે સ્વસ્થ હતા અને આત્મસ્થ હતા. એમણે 'સત્ય' પર લખેલા વિચારો મહાત્મા ગાંધીને ગમી જાય તેવા હતા.

ટહુકો

વડોદરું

(શ્રી ગુણવંત શાહના માતૃશ્રી પ્રેમીબહેન નાનાભાઈએ સ્થાપેલી દક્ષિણામૂતિ સંસ્થા-ભાવનગરના વિદ્યાર્થિની હતાં. ગિજુભાઈ બધેકા પાસે એમણે શિક્ષણ લીધેલ.)

---

ફૂલ ખીલવા દો, મધમાખીઓ પોતાની મેળે જ આવી જશે.

ચારિત્ર્યવાન બનો, જગત પોતાની જાતે જ મુગ્ધ બની જશે.

- રામકૃષ્ણ પરમહંસ

નદીઓ સરોવરો પૃથ્વીની સૌથી સુંદર અને મૂલ્યવાન બક્ષીસ છે.

આ પૃથ્વીની આંખો છે. પ્રકૃતિને જોનારાઓ પોતાની ઊંડાઈને પણ ઓળખી જાય છે.

- હેનરી ડેવિડ થોરો

---

## ૦૫ પુસ્તક અવલોકનઃ 'અ' અહિંસાનો 'અ' LEARNING NON-VIOLENCE

**ડો. દિનુ ચુડાસમા**

વિશ્વની 'ગઈ કાલ' યુદ્ધગ્રસ્ત હતી, જગતની 'આજ' યુદ્ધગ્રસ્ત છે.'આવતી કાલ' કેવી હશે એ આપણે બધાં સાંપ્રત સ્થિતિ જોતા જાણીએ છીએ. વર્તમાન એવો છે કે જગતભરમાં 'શિક્ષણ' કે 'આરોગ્ય' કરતા અધિક બજેટ યુદ્ધના 'શસ્ત્રો' ખરીદવા માટે ફાળવવામાં આવે છે. કવિ માધવ રામાનુજ ખરું કહે છેઃ

એક ક્ષણ જો યુદ્ધ અટકાવી શકો,
તો ટેન્ક પર માથું મૂકી ઊંઘી લઉં !

આજે જગતમાં યુદ્ધથી ઘર વિહોણા બનેલા કરોડો લોકો રાહત છાવણીઓમાં રહે છે. એમની લાચારી,પીડાનો પોંકાર ડિઝિટલ મીડિયા દ્વારા જોઈ આંખમાં આંસુ આવી જાય છે. લાખો બાળકો માબાપ, અન્ન, પાણી, આવાસ, આરોગ્ય, શિક્ષણ, હૂંફ વિહોણા અધુરપમાં જીવે છે. આ બધું એકમાત્ર હિંસાથી, યુદ્ધના કારણે થઈ રહ્યું છે. આવી માનવની લોહીભીની લાચારી અટકાવવી હશે તો વૈશ્વિક સ્તરે અહિંસા અપનાવવી પડશે. આજે જગતમાં ખરી કેળવણી એ અહિંસાના 'અ'ની આચરણમાં લાવવાની જરૂરિયાત છે. જો જીવનમાં બાળકોને શિક્ષણ દ્વારા પ્રાથમિક તબક્કાથી અહિંસાના 'અ'નું શિક્ષણ આત્મસાત્ કરાવવામાં આવે તો લોહીની નદીઓ નહીં...શાંતિના ઝરણાંઓ વહી નીકળે એમાં બે મત નથી. આવી કેળવણીની દિશા ચીંધી જનાર મહાવીર અને મહાત્મા ગાંધીને સો સો સલામ. 'અ' અહિંસાનો 'અ' જીવનમાં આચરણ કરી જગતને નૂતન મારગ ચીંધનાર ગાંધીજીએ કેળવણી વિશે કહ્યું હતુંઃ

'ખરી કેળવણી તો એ છે કે માણસના અંતરના ગુણોનો વિકાસ કરે. કેળવણી એટલે બાળક કે મનુષ્યના શરીર મન અને આત્મામાં જે ઉત્તમ અંશો હોય તેનો સર્વાંગી વિકાસ સાધીને તેને બહાર આણવા જીવનના દરેક ક્ષેત્રમાં ઊઠતા પ્રશ્નોનો સાચો ઉકેલ શોધવાની શકિત આવે તે રીતે વિદ્યાર્થીઓની આંતરિક શકિતઓને જે ખીલવે એ જ કેળવણી કીંમતી છે. જે કેળવણી આપણને સારા નરસાનો ભેદ કરતા; સારું ગ્રહણ કરતા ને નરસું ત્યજતા શીખવતી નથી તે ખરી કેળવણી નથી. શિક્ષણ એટલે અક્ષરજ્ઞાન નહીં પણ ચારિત્ર્યની ખીલવણી.કેળવણીનો ઉદ્દેશ ચારિત્ર્ય ઘડવાનો છે. કેળવણીનો હેતુ ચારિત્ર્યગઠન હોવો જોઈએ. વિદ્યાનું ફળ જ એ છે કે વિદ્યાર્થી ઉત્તમ નાગરિક બને. વિદ્યાનું લક્ષ્ય આત્મવિકાસ છે જયાં આત્મવિકાસ છે ત્યાં આજીવિકા છે.'

તમે, લેખનું શીર્ષક વાંચ્યું હશે? 'અ' અહિંસાનો 'અ' LEARNING NON-VIOLENCE આ ટાઈટલ નામે પુસ્તકની સંવર્ધિત દ્વિતીય આવૃત્તિ જાન્યુઆરી-૨૦૨૪માં પ્રકાશિત થઈ. 'સાબરમતી આશ્રમ પ્રિઝર્વેશન એન્ડ મેમોરિયલ ટ્રસ્ટ' (SAPMT) અને 'પર્યાવરણ શિક્ષણ કેન્દ્ર (CEE) દ્વારા પ્રકાશિત થનાર આવી શ્રેષ્ઠ જીવનધારા, વિચારબીજના જનક છે : પીયૂષ દેસાઈ, કાર્તિકેય સારાભાઈ, ત્રિદીપ સુહૃદ. પ્રકલ્પ નિયામક અને પરામર્શક : અતુલ પંડયા. પ્રવૃત્તિ-નિર્માણ-કાર્યક્રમ અમલીકરણ અને સંપાદક : કેતન રૂપેરા. પુસ્તક સજાવટ : એન્હાન્સર ઓન્લી. પ્રકલ્પ સહાયક : અયુબ શેરસિયા, હસમુખ પટેલ. પ્રાથમિક સંશોધન : રાજેશ્વરી ગોરાણા,

દીપ શાહ, રાહુલ દાસપટનાયક છે.

'અ' અહિંસાનો 'અ' LEARNING NON-VIOLENCE 'જીવનશિક્ષણની આનંદપોથી' પુસ્તક ભાવકના કરકમળોમાં રાખવામાં અને જીવનમાં અહિંસા અમલમાં આવે એ માટે કેટલી બધી પ્રતિભાવંત-ચેતનાઓની ઊર્જા પોષક બની છે ! 'ગાંધી-૧૫૦'-૨૦૧૯ નિમિત્તે પુસ્તકની પહેલી આવૃત્તિ માર્ચ-૨૦૨૧માં પ્રકાશિત થઈ હતી. એ 'ગાંધી-૧૫૦'ની ઉજવણી ગુજરાતના ૧૪ જિલ્લાની ૩૦૦ જેટલી શાળાઓમાં આ કાર્યક્રમનું અમલીકરણ થતાં બાળકો અને શિક્ષકોમાં 'અહિંસા' વિશે ઊંડાણપૂર્વકની સમજ કેળવવાનો ઉમદા પ્રયાસ થયેલો.

'બા-બાપુ ૧૫૦' વર્ષને અનન્ય રીતે ઉજવવા માટે ૨૦૧૯માં સાબરમતી આશ્રમ દ્વારા 'અહિંસાની કેળવણી ' કાર્યક્રમ આરંભ થયો તેમાં ગુજરાત સરકાર અને કેન્દ્ર સરકારની અનેક સંસ્થાઓનો સહયોગ મળતો રહ્યો હતો. સાંપ્રત સ્થિતિને અનુરૂપ સમજીને સહિયારી પ્રતિબદ્ધતા સાથે આ પ્રકલ્પને-મહાત્મા ગાંધીજીના અહિંસાના વિચારને દૃઢતાપૂર્વક અમલમાં મુકવા,બૃહદ માનવસમાજ સુધી લઈ જવો એ આજના સમયની મહત્વની આવશ્યકતા છે. હા એના પાયામાં આજે શિક્ષણ લેતા લાખો-કરોડો વિદ્યાર્થીઓ પણ છે. 'અ' અહિંસાનો 'અ' LEARNING NON-VIOLENCE એટલે ગાંધીજી જે ભાવને જીવી ગયા તેનો પુસ્તકમાં ઉઘાડ છે. એમ.કે. ગાંધી કહેતાઃ

**'સત્યમાં અહિંસા છુપાયેલી છે, અહિંસામાં સત્ય. તે બંને એક સિક્કાની બે બાજુ છે. એક બાજુ અહિંસા,બીજી બાજુ સત્ય. સત્યને સાક્ષાત્કાર કરવાનો એક જ માર્ગ,એક જ સાધન તે અહિંસા.'**

બંદૂક, તોપો, પરમાણું બોમ્બ ફેકવા મિસાઈલો અને સબમરીનોથી સજજ સળગતાં, યુદ્ધખોર જગતને 'સત્ય' અને 'અહિંસા'ની તાતી જરૂર આજના શાંતિદૂતોને જણાય છે કે નહીં? જગતના પ્રત્યેક જન સુધી 'અહિંસા'નો ભાવ જીવાતાં જીવનમાં જીવાય તો પૃથ્વી ઉપર વિશ્વશાંતિની રમણીયતા ઉજાગર થઈ શકે. એવી કેળવણી કેમ આપવી એનો નકશો, બંધારણ આ પુસ્તક : 'અ' અહિંસાનો 'અ' LEARNING NON-VIOLENCE માં અપાયો છે.

પુસ્તકમાં ૨૪ મોડ્યુલ, પ્રવૃત્તિઓ આપવામાં આવી છે. મૌલિક અભિગમથી અહિંસક બનવાની કેળવણી આપતી આ ૨૪ રમતો જ કહો તો ચાલે...રમત એટલા માટે કે ખરી કેળવણી તો બાળકોને આપવાની ને ! ભણેલા તો સમજું છે એમ આપણે માનીએ છીએ પરંતુ આપનારમાં પણ અહિંસા રોપાય,ઊગે એ પણ ધ્યેય છે. આ રમત ત્રણ ભાગમાં વિભાજિત કરવામાં આવી છેઃ ક્રમઃ એકથી આઠ સ્વ વિશે, નવથી સોળ આપણી આસપાસના સમાજ અને પર્યાવરણ અંગે અને સત્તરથી ચોવીસ જાતને ઉચિત દિશામાં લઈ જવા માટે. આ રમતોમાં વસ્તુ,સામગ્રી પણ આપણી પાસે જ ઉપલબ્ધ હોય એવી જ છે. શિક્ષકો ક્રિ તાસમાં પણ કરાવી શકે અને છાત્રોને મજા આવે એવી મોજીલી આ રમતો રાખવામાં આવી છે. પણ એનો ખરો ઉદ્દેશ,નવનીત તો વિદ્યાર્થીઓમાં અહિંસાનું, આ દિવ્યભાવનું બીજ રોપવાનું છે. રમતાં રમતાં સહજ એ કાર્ય થઈ જાય,બાળક આનંદિત થઈ ઊઠે એવું આ પુસ્તકમાં ઘણુંક ઘણુંક છે.

રાષ્ટ્રીય શિક્ષણનીતિ-૨૦૨૦ જે સિદ્ધાંતોની અમલવારી કરવા માટે બેતાબ થઈ કેળવણીના ખેતરને ખેડીને બીજ વાવે છે તેની ફળશ્રુતિ એટલેઃ 'સર્જનાત્મક, જીવંત માણસનું સર્જન કરવું, આવો માણસ અડગ,પરિશ્રમી, સાહસિક,સમ-સંવેદનશીલ હોય, નૈતિકમૂલ્યોને જીવતો, વૈજ્ઞાનિક અભિગમ + અધ્યાત્મને સેવતો રહી, કૌશલ્યોને કર્મશીલ બની શ્વસતો અને માનવકલ્યાણ તેમજ સૃષ્ટિના સંરક્ષણમાં નિમગ્ન બની જાય.'

વિશ્વને આજે આવા માણસોની બહુમતીની અતિ

જરૂરિયાત છે. જે માણસાઈને જીવતો, સત્યને શ્વસતો,અહિંસાનું આચરણ કરતો પૃથ્વી ઉપરથી સહજ પસાર થઈ જાય. આ પુસ્તકમાં એના ફળદ્રુપ બીજ આપવામાં આવ્યાં છે. આપણે બસ આપણા હૃદયપ્રદેશમાં રોપી, માવજત, ઉછેર કરી...વિશ્વને સુખ, શાંતિ, પરોપકાર, પરિતોષ, નિજ મસ્તીનો છાંયડો આપવા નિમિત્ત બનવાનું છે.

આ કાર્યક્રમમાં નિમિત્ત બની એના અમલીકરણ માટે જે વિદ્યાલયો અને સંસ્થાઓ સહયોગ આપે છે તે નામો અહીં રાખું છું:

એફ.ડી. હાઈસ્કૂલ-અમદાવાદ. કુમકુમ વિદ્યાલય અમદાવાદ. સી.એન.વિદ્યાલય- અમદાવાદ . સંત કબીર સ્કૂલ- અમદાવાદ. અરવિંદ ફાઉન્ડેશન - અમદાવાદ. ગ્રામશિલ્પી-શંખેશ્વર અને જંબુસર. દીનબંધુ ગ્રામવિકાસ ટ્રસ્ટ - પેઢામલી. નિયો ફાઉન્ડેશન - રાજકોટ. લોકભારતી ગ્રામવિદ્યાપીઠ ટ્રસ્ટ - લોકભારતી-સણોસરા. લોકમંગલમ્ ચેરીટ્રેબલ ટ્રસ્ટ-ખોબા-ધરમપુર. શારદા ટ્રસ્ટ-અમદાવાદ. શૈશવ-ભાવનગર, શ્રી રાજસોભાગ સત્સંગ મંડળ-સાયલા. શ્રી વિવેકાનંદ રિસર્ચ અને તાલીમ ઇન્સ્ટિટયૂટ-માંડવી (કચ્છ). સર્વાંગી વિકાસ ટ્રસ્ટ-કરુઠા. સાબરમતી હરિજન આશ્રમ ટ્રસ્ટ - અમદાવાદ.

ઉપરોકત સ્કૂલો અને સંસ્થાઓ આ કાર્યમાં સહયોગ આપી માનવમૂળને,સૃષ્ટિના પાયાને મજબૂતી આપે છે. યુનેસ્કોના ટકાઉ વિકાસ લક્ષ્યાંક-૪ (Sustainable Development Goals)માં જગતભરની યુનિવર્સિટી, શૈક્ષણિક સંસ્થાઓને અહિંસાની કેળવણી આપવા પ્રતિબદ્ધ બનવાનું કહેવામાં આવ્યું છે. અહિંસા વિશે વાતો નહીં અધોળ આચરણ જોઈએ. અમારે દક્ષિણામૂર્તિ-ભાવનગર, ગ્રામદક્ષિણામૂર્તિ-આંબલા અને લોકભારતી-સણોસરાના સ્થાપક ઋષિવર્ય નાનાભાઈ ભટ્ટ કહેતા કે: **'આપણે નહીં આપણું કામ બોલે'** લોકભારતીને નાનાભાઈ પછી સંભાળનાર મનુભાઈ પંચોળી 'દર્શક' **વિશ્વશાંતિની ગુરુકિલ્લી અહિંસાના શિક્ષણમાં જુએ છે.** આજે લોકભારતી અને લોકભારતીની ત્રણ સંસ્થાઓને પ્રાણ પુરતા અરુણભાઈ દવે કહે છે: **'સંવેદનાની કેળવણી'થી 'સંસ્કાર' અને 'સંસ્કૃતિ' પોષણ પામશે તો માણસાઈ કોળાશે. માણસ પ્રેમાળ બની અહિંસક થશે.'** આ બધા કેળવણીમાં જીવન સમર્પીત કરનારા લોકોનું દર્શન પણ અહિંસાનો 'અ' LEARNING NON-VIOLENCEની ધજા-પતાકા લહેરાવે છે.

આપણી પાસે નિદાન થઈ ગયા પછી ઈલાજ અને દવા પણ હાજર છે. દુનિયાને આજે કોઈ એક રામબાણ ઔષધની ખાસ્સી જરૂરિયાત હોય તો એ છે: અહિંસાની કેળવણી- LEARNING NON-VIOLENCE. આ 'જીવનશિક્ષણની આનંદપોથી' પુસ્તક આપણી પ્રત્યેક શાળાઓમાં, સ્કૂલો, હાઈસ્કૂલો, યુનિવર્સિટીઓના વિદ્યાર્થીઓ, શિક્ષકોના હાથમાં, બેગમાં,ઓફિસમાં,ઘરના ટેબલ ઉપર રાખવું પડશે. સતત એમાંથી પસાર થઈ આપણે કેવી રીતે હિંસા તરફથી અહિંસા અને ધૃણાથી પ્રેમ તરફ જઈએ એ માટે ભગીરથ પ્રયાસો સહિયારા કરવા પડશે. આપણે આપણી પછીની પેઢીને સર્જનાત્મક,કળાત્મક,શાંતિ અને સુખપૂર્વકની રમણીય દુનિયા આપી જવી હશે તો જાગ્યા ત્યારથી સવાર કરવું પડશે.

પુનઃ પુસ્તકના પ્રકાશકોને અભિનંદન,સમગ્ર ટીમને આનંદ.

મો: ૯૭૭૯૧૮૭૫૮૭

પુસ્તક મેળવવા માટે:

સાબરમતી આશ્રમ-અમદાવાદ- ફોન: ૯૮૨૫૪૦૬૬૦૮

**બિંદુ- પાર્થેશ**

રાહુલની માતા ચિંતિત ચેહરે આશાનાં ઘરે આવી. આવતાની સાથે બોલી, ‘બેન, અમારે તો બહુ ભારે થઈ! રાહુલની વહુને તો સાતમો જાય છે...’ આ સાંભળી રોટલી વણતી આશાના હાથ આંચકા સાથે થંભી ગયાં. તેણે જે સાંભળ્યું તેના પર તેને વિશ્વાસ ન બેઠો હોય તેમ તેણે ફરી પૂછ્યું, ‘તમે શું કીધું?’ રાહુલની માતાએ ફરી એ જ વાત દોહરાવી...... થોડી વાર માટે શાંતિ ફેલાઈ. બંનેમાંથી કોઈ કશું બોલ્યું નહીં. પછી આશા બોલી, ‘આ શક્ય નથી.’ રાહુલની માતા તરત જ બોલી, ‘હું પણ એમ જ કહું છું...... ’

આ નાનાં ગામમાં માણસોની વસ્તી કરતાં કુરિવાજો, વહેમો અંધશ્રદ્ધાની વસ્તી ઘણી વધારે હતી. જેમાં એક ભયંકર રિવાજ હતો - બાળ લગ્ન.ઘરનું મોટું સંતાન પરણે ત્યારે તેની સાથે નાનાં સંતાનનાં પણ લગ્ન કરી દેવામાં આવે. મોટાભાગે બે દીકરી કે બે દીકરાના લગ્ન સાથે જ કરી દેવામાં આવે. તે સમયે ઉંમર જોવામાં ન આવે. વળી એક જ ઘરમાં બે દીકરીઓને આપવી કે એક જ ઘરની બે દીકરીઓ લાવવી તે રિવાજ પણ ખરો.

રાહુલ અને તેના મોટાભાઈ બંનેના લગ્ન સાથે કરવામાં આવેલાં. વિપુલનાં સમૂહ લગ્નમાં અને રાહુલનાં ઘરે થયેલા.(એ સમયે સમૂહ લગ્નવાળા પણ ૨૧- ૧૮ ની વયનો આગ્રહ ન રાખતા.) રાહુલને રાતે ઊંઘમાંથી ઉઠાડી સામ સામે હાર પહેરાવી લગ્નની વિધિ સંપન્ન કરી નાખવામાં આવેલી. મા- બાપને થયું કે એક ચિંતા પૂરી. વહુઓ પણ એક જ ઘરની બે દીકરીઓ હતી. રાહુલની ઉંમર એ વખતે માત્ર નવ વર્ષની ! લગ્ન એટલે શું? તેની તો તેને સમજ પણ ક્યાંથી હોય? અરે ! તેની આસપાસમાં તો પાંચ વર્ષની ઉંમરે પરણી ગયાં હોય તેવાં બાળકો પણ હતાં.

વારે તહેવારે રાહુલની વહુ સાસરે આવે. નાની એવી છોકરી - સાડી પહેરી, માથે ઓઢી ફરે ! સાસુને ઘરનાં બધાં કામ કરાવે. રાહુલ તો છોકરાઓ સાથે ગીલ્લી દંડા, લખોટી, ભમરડા કે ક્રિકેટ રમતો હોય. ક્યારેક તેની વહુ સાથે ઝઘડે તો તેને ઘરમાં પૂરી દે. આ બંને બાળકોના નાદાન તોફાન જોઈ આશાને ગાંધીજીને કસ્તુરબાના બાળ લગ્ન યાદ આવતાં.

રાત પડેને રાહુલની માતા પોતાની આ નાનકડી વહુને પડખામાં લઈ સુઈ જતી. આખા વર્ષમાં બે ચાર વાર રાહુલની વહુ આવતી. થોડા દિવસ સાસુને મદદ કરી પાછી પિયરમાં જતી રહેતી. પરંતુ, વિપુલની વહુ ભાગ્યે જ આવતી. એનું એક કારણ કદાચ એ હતું કે વિપુલ થોડો મંદ બુદ્ધિ હતો. કદાચ તેને પરણાવવા માટે જ રાહુલને પણ પરણાવવામાં આવ્યો હતો. એક સારા દીકરા સાથે એક નબળા દીકરાનું પણ ગોઠવાઈ ગયું હતું. વિપુલ મંદ બુદ્ધિ હોવાની સજા રાહુલે ભોગવાની હતી.રાહુલ જ્યારે આઠમાં ધોરણમાં આવ્યો ત્યારે હાઈસ્કૂલમાં તેની સાથે ભણતાં છોકરાંઓને તે પરણિત હોવાની ખબર પડી. તેથી કુતુહલવશ તેના સહધ્યાયીઓ તરેહ તરેહના પ્રશ્નો પૂછતાં. જેમાં ‘તમે સાથે સુવો છો કે જુદાં જુદાં?’ જેવા વિચિત્ર પ્રશ્નો પણ હોય.

રાહુલ આ પ્રશ્નોથી થાકતો ત્યારે આશાને ફરિયાદ કરતો કે, ‘બેન મને આવું બધું પૂછે તે નથી ગમતું.’ વળી ગામની કાકીઓ તેને ચીડવતી. જ્યારે રાહુલની વહુ સાસરે આવે ત્યારે તે બંનેને લઈને ગંદી મજાક, ટકોર વગેરે ઘણું બધું કરતી. આ બધાથી કંટાળીને રાહુલ આ દિવસોમાં શક્ય બને ત્યાં સુધી આશાના ઘરે રહી ટી.વી. જોતો, કેરમ, ચેસ વગેરે રમતો. આશા તેને સમજાવતી કે, ‘એ તારી પત્ની છે. તેની સાથે વાતચીત કરવામાં વાંધો નહીં. માત્ર આટલી

નાની ઉંમરે તમારી વચ્ચે શારીરિક સંબંધ ન હોવો જોઈએ. આપણાં ગામમાં બધાં ખૂબ નાની ઉંમરે મા - બાપ બની જાય છે. તેથી તું એવું ન થાય તેનું ધ્યાન રાખજે.'

રાહુલ પણ આ બાબત બરાબર સમજતો હતો. તેની માતા પણ તકેદારી રાખતી હતી. વિપુલની વહુ આવે ત્યારે તે બારીક નિરીક્ષણ કરી લેતી કે આ દીકરા વહુનો સંસાર ચાલુ થયો છે કે નહીં? પરંતુ, તેની અનુભવી આંખો પારખી લેતી કે બંને દીકરા હજુ આ બાબતે અપરણીત જ છે. છેલ્લે જ્યારે રાહુલની વહુ સાસરે આવી ત્યારે તેનું રૂપ ખીલ્યું હતું. શરીર જરા ઘાટીલું થયું હતું. આશાની નજરમાં આ બાબત આવી. તેણે વિકાસને આ વાત કરી. વાત સાંભળતા જ વિકાસના ચહેરા પર ઘેરી ચિંતા છવાઈ ગઈ. તેણે કહ્યું કે, 'પિયરમાં તેની ઉંમરની પરણેલી છોકરીઓ - વહુઓ હોય.સામાન્ય રીતે તે બધી સંસારના સુખનો અનુભવ મેળવી ચૂકી હોય. એ બધી સ્ત્રીઓ ખેતરમાં મજૂરી કરતી વખતે આડકતરી રીતે તે બાબતનો ઉલ્લેખ પણ કરતી હશે. તેમની વચ્ચે એ બાબતની મજાકો પણ થતી હશે..... રાહુલની વહુ એ અનુભવ મેળવવાની આશાએ સાસરે આવતી હોય. પરંતુ, અહીં તમે રાહુલને એ તરફ હમણાં નહીં જવાની સલાહ આપી છે. તેથી રાહુલ તે તરફ આગળ વધશે નહીં. પરિણામે તેની વહુ એ ઈચ્છા સંતોષ્યા વગર જ પાછી પિયર જશે....... એ ઈચ્છા સંતોષવા એ ક્યાંક ખોટું પગલું ભરી દેશે તો?'

આશા કહે, 'તો શું મારે રાહુલને નાની ઉંમરે એ તરફ જવા દેવો? એ કેટલું યોગ્ય?'

વિકાસ કહે, 'મારું કહેવું એમ નથી. નાની ઉંમરે લગ્ન કરે છે ત્યારે આ પ્રશ્ન આવે છે ને? લગ્ન ન કરે તો છોકરા - છોકરીઓના મનમાં આવા તરંગો નાની ઉંમરમાં ઊઠે જ નહીં. ઓછા ખર્ચમાં પ્રસંગ પતાવવાની લાહ્યમાં આ વાલીઓ કેવડો મોટો અનર્થ સર્જી રહ્યા છે તેની તેમને સમજણ જ ક્યાં છે?'

થોડા દિવસમાં રાહુલની વહુ પિયર ગઈ. એકાદ મહિનામાં સમાચાર આવ્યા કે રાહુલ અને વિપુલની વહુ ભારે પગે છે. બંનેને સાત આઠ મહિના ચડ્યા છે. આ સમાચાર મળતા જ રાહુલની માતા આશા પાસે આવી હતી. બંનેને ખબર હતી કે આ બાબત માટે રાહુલ કે વિપુલ જવાબદાર ન હતા. છતાં આશાને પૂછીને ચકાસણી કરી લીધી.

'હવે શું કરવું? ' રાહુલની માતાની આ ચિંતા આશાએ વિકાસ પર છોડી.

રાતે વિકાસ ઑફિસેથી આવ્યો ત્યારે રાહુલના મા બાપ તેની સલાહ લેવા આવ્યા.

વિકાસે કહ્યું, એક ઉપાય છે,

'બંને દીકરીઓની લેબોરેટરી ( ગર્ભનું ડી. એન. એ. ચકાસવું) કરાવો. જો બાળકોના પિતા આપણા સંતાનો હોય તો આપણે વહુ અને બાળકોને સ્વીકારવા જોઈએ. જો આપણાં સંતાનો જવાબદાર ન હોય તો નહીં સ્વીકારવાના.'

વિકાસ આ રીતે એક સાથે બે બાબતનો સંદેશો ગામવાળાને - વેવાઈ પક્ષને આપવા માંગતો હતો.

૧. આપણા સંતાનો જવાબદાર છે કે નહીં તે ખ્યાલ આવી જાય.

૨. દીકરીના વાલીને ખ્યાલ આવે કે દીકરીઓને નાનપણમાં પરણાવી દઈ બેફિકર થઈ જાય તે નહીં ચાલે.

રાહુલના મા બાપ હજુ આ પગલું ભરવામાં ખચકાતા હતાં. તેથી

આશાએ રાહુલને પૂછી ખરાઈ કરી લીધી કે એ આ માટે જવાબદાર છે કે કેમ.

રાહુલની માતા વ્યવહરું ઉકેલ કાઢવા વેવાણને ગામ ગઈ. વેવાણને હકીકત જણાવી. છતાં વેવાણે બંનેને સાથે તેડી જવાનો આગ્રહ ચાલુ રાખ્યો. રાહુલની માતા મક્કમ રહી. એકલી જ પાછી આવી.

સમય જતા સમાચાર આવ્યા કે બંને વહુને દીકરા થયા છે! સામાન્ય રીતે આવા સમાચાર મળે તો ઘરમાં ખુશી ખુશી છવાઈ જાય. પણ સંભાળનાર કોઈ ખુશ ન થયું. હા, રાહુલે એની મમ્મીને કહ્યું, 'એ મમ્મી! હું તો બાપ બની ગયો!' રાહુલની માતાએ આશાને આ વાત જણાવતા કહ્યું, 'બેન,

રાહુલને કઈ ભાન છે કે એ શું બોલે છે?'

આશા જાણતી હતી કે જો ધ્યાન ન રાખ્યું હોત તો આ ઉંમરે કેટલાય છોકરાઓની જેમ રાહુલ પણ બાપ બની ગયો હોત.

વેવાઈને ત્યાંથી કહેણ આવ્યું કે, હવે તો તેડી જાઓ.

આ વખતે રાહુલના પિતાજી મક્કમ થયા. વિકાસ વાળો વિકલ્પ હવે મૂક્યો. કહેવડાવ્યું, 'લેબોરેટરી કરાવો. જો બાળકના બાપ અમારા દીકરા હશે તો જરૂરથી તેડી જશું. નહીં તો છુટાછેડા લેશું.'

પછી તો અરેરાટી ઉપજે તેવા પ્રસંગ બન્યા. એકનું બાળક ગુજરી ગયું. વેવાણે કહેવડાવ્યું કે, 'છોકરું મરી ગયુ છે, તેથી દીકરી છૂટી થઈ ગઈ છે, હવે તેડી જાઓ.'

રાહુલના પિતાએ ફરી એજ વાત દોહરાવી. સામેથી વેવાણે કહેવડાવ્યું કે, છૂટાછેડા જોઈતા હોય તો એક લાખ રૂપિયા આપો.... રાહુલનો પરિવાર કોઈ કાળે આટલો રૂપિયો ભેગો કરી શકે તેમ ન હતો. આખું ઘર સખત માનસિક તાણ ભોગવી રહ્યું હતું.

હવે કોર્ટ કચેરીના ધક્કા ચાલુ થયા, ઘણી હાલાકી વેઠવાનીઆવી.

છેલ્લે, સામેવાળાએ રૂપિયા ૧૦,૦૦૦ માગ્યા. રાહુલના પરિવારે માંડ ભેગા કર્યા.

કોર્ટની બહાર બંને પરિવાર મળ્યા. રૂપિયા ૧૦,૦૦૦ આપી બંને છોકરાઓને છૂટાછેડા મળ્યા.વિધિના ભાગ રૂપે બંને વહુઓએ બંગડી ફોડી રાહુલ અને વિપુલ પર ફેંકી. મા બાપે નિરાતનો શ્વાસ લીધો. થયું કે, હા....શ, ઓછામાં પત્યું.

પણ આશા અને વિકાસના હૃદયનો ભાર વધી ગયો. કેટલાયે પ્રશ્નો તેમના મનમાં ઊઠી રહ્યા હતાં.

આ ઘટના માટે કોણ જવાબદાર?

રાહુલના સાસુ સસરા કે જેણે દીકરીઓ પર નજર ન રાખી? દીકરીઓ આટલી હદે પહોંચે ત્યાં સુધી ધ્યાન જ ન રાખ્યુ?

કે પછી રાહુલના માતા પિતાને જવાબદાર ગણવા? જેણે આ ક્રૂર રિવાજને અનુસરી દીકરાઓને વહેલા પરણાવી નાની વયે સંસાર ભોગવવાના ઓરતા ઊભા કર્યા?

આમાં રાહુલનો શું વાંક? એણે તો પોતાના પર સંયમ રાખ્યો.

સંયમનું ફળ શું મળ્યું? કારણ વગરનો તે પરણિત ગણાયો. પિતા પણ ગણાયો અને લગ્ન ભંગ થયેલો - છુટાછેડા વાળો પણ ગણાયો.

પોતાના પર સંયમ રાખવાના દસ હજાર ચૂકવ્યા કે પત્નીએ સંયમ ન રાખ્યો તેના ચૂકવ્યાં?

આ સમય દરમિયાન તેના મન ઉપર શું વીતી હશે તે કોઈ અનુભવી શકશે?

૨૧ વર્ષે હવે તેના લગ્ન થશે?

આ છૂટાછેડાવાળાને બીજવર તરીકે સ્વીકારનારી પોતે પણ છૂટાછેડાવાળી હશેને?

અથવા તો કોઈ ખોડખાપણ કે બીજું કંઈક....... જેના માટે થઈને રાહુલને પરણાવ્યો હતો તે મંદબુદ્ધિ ધરાવતા વિપુલને કોણ પોતાની દીકરી પરણાવશે?

આશા અને વિકાસે નક્કી કર્યું કે, આ ભયંકર રિવાજને આ ગામમાં હવે ટકવા નહીં દઈએ.હવે કોઈનો ભોગ નહીં લેવા દઈએ.

આ સંકલ્પને પૂરો કરવા બંનેએ હાથ મિલાવ્યા. સ્પર્શમાં રહેલી હૂંફે બંનેમાં સંકલ્પ પૂરો કરવાની શક્તિનો જાણે સંચાર કર્યો.

આવનાર સમયમાં આ કુરિવાજને નાબૂદ કરવા જે સંઘર્ષ કરવાનો હતો તેમાં ખૂબ શક્તિ વપરાવવાની હતી. એ તો વાચકને આવતા અંકે ખ્યાલ આવશે.

(આ લખાઈ રહ્યું છે ત્યારે રાહુલના પુનઃ લગ્ન થઈ ગયા છે. વિપુલના પુનઃ લગ્ન નથી થઈ શક્યા.)

મો.૯૪૨૮૦૦૦૫૪૧

ક્રમશઃ

## ૦૭ ભારતભૂમિની ઊર્જાવાન નારી : ચાંદ સુલતાના

**ટીના દોશી**

---

હિંદુસ્તાનની એલિઝાબેથ રાણી, અહમદનગરની રત્નશ્રી અને જેને જીતી ન શકાય તેવી અપરાજિત સ્ત્રી. આ તમામ વિશેષણો કોના માટે વાપરવામાં આવ્યા હતાં એ જાણો છો?

ચાંદબીબી... અહમદનગરની કુંવરી અને બીજાપુરની રાણી. અકબરના દરબારના ગંગ નામના કવિએ તેમની એક કવિતામાં ચાંદબીબીએ મોગલો વિરુદ્ધ કરેલા પ્રતિકારનું વર્ણન કર્યું છે. ગંજીફાની રમતમાં પણ હાથીદાંતના પત્તા પર શિકાર કરતી ચાંદબીબીનું ચિત્ર જોવા મળે છે. કર્નલ મેડોઝ ટેલરે ચાંદબીબી વિશે ત્રણ ભાગમાં 'નોબલ ક્વીન' નામનું પુસ્તક લખ્યું છે. દાના દુશ્મન અકબરના પુત્ર મુરાદ તેના અપ્રતિમ શૌર્યથી પ્રભાવિત થઈને, મૂર્ખ મિત્ર કરતાં બાહોશ શત્રુ વધુ યોગ્ય ગણાય એ ન્યાયે તેને ચાંદ સુલતાનાનું બિરૂદ આપ્યું.

અહમદનગરના બાદશાહ હુસેન નિઝામશહા અને ખુનજા હુમાયૂની રાજકુંવરી એ ચાંદબીબી. તેના જન્મ અને બાળપણ અંગે ઝાઝી વિગતો ઉપલબ્ધ નથી,પણ અહમદનગરના કાઝી અબ્દુલ વાનીના પૌત્ર કાઝી શહાબુદ્દીને હિજરી બારમી સદીમાં 'તારીખ-એ-શહાબી' નામના પુસ્તકમાં કરેલી નોંધ અનુસાર ચાંદબીબી મૃત્યુ પામી ત્યારે તેની ઉંમર અંદાજે પચાસ વર્ષ હતી. તેના પરથી એવું કહી શકાય કે તેનો જન્મ ૧૫૫૦માં થયો હશે. જોકે કેટલાક ઈતિહાસકારોના મતે તેનો જન્મ ૧૫૪૫માં થયો હતો.પુત્રીનાં લક્ષણ પારણામાં પરખાયાં. બાળપણથી જ ચાંદે પોતાના બુદ્ધિસામર્થ્યથી ચિત્રકળા,સંગીત અને યુદ્ધવિદ્યામાં પ્રાવીણ્ય મેળવ્યું.

બીજાપુરના કુંવર અલી આદિલશહા સાથે ૧૫૬૩માં તેનાં લગ્ન થયાં.અહમદનગરની રાજકુમારી ચાંદબીબી બીજાપુરની રાણી બની.પતિ અલી આદિલશહાને રાજકારભારમાં મદદ કરવા લાગી.તેને ઘણાં કામ સોંપવામાં આવ્યાં.માત્ર શૌર્યનાં જ નહીં,ન્યાય તોળવાનાં કઠિન કામો અને સામાજિક સમસ્યાઓ ઉકેલવાનાં મુશ્કેલ કાર્યો પણ તેને સોંપાયાં. કાર્યેષુ મંત્રી જેવી ચાંદબીબી સતત પતિને પડખે રહેતી.યુદ્ધમાં પણ અને શિકારમાં પણ. ચાંદબીબી ઘોડા પર સવાર થઈને શિકાર કરતી હોય એવું ચિત્ર વિશ્વવિખ્યાત છે.

શિકારનો શોખ એ ચાંદબીબીનો એક ચહેરો હતો અને બીજો ચહેરો લોકકલ્યાણ કરવાનો હતો. આદિલશહાએ બીજાપુરમાં અનેક ઇમારતો બાંધી.પ્રસિદ્ધ જુમ્મા મસ્જિદ બાંધી.ત્યાં એક સાથે ૬૦૦૦ લોકો નમાજ પઢી શકતા.આખા શહેરને પાણી પુરવઠા માટે નળનું કામ પૂર્ણ કર્યું. હુજી શહાપુર નામનું પ્રખ્યાત જળાશય પણ તેના સમયમાં તૈયાર કરાયું.આ દરેક કામમાં ચાંદબીબીએ ઉત્સાહભેર ભાગ લીધેલો.અલી આદિલશહાને ચાંદબીબી માટે એટલું બધું માન હતું કે ચાંદબીબીના સન્માનમાં તેમણે ૧૫૭૧માં બીજાપુરમાં ચાંદબાવડી નામની પાણીની ટાંકીનું નિર્માણ કરાવેલું.

નિઃસંતાન અલી આદિલશહાએ પોતાના ભાઈ શહા તહમાસ્પના પુત્ર ઇબ્રાહિમને ૧૫૭૯(હિજરી ૯૮૭)માં પોતાનો વારસ નીમ્યો. ૧૫૮૦માં અલીનું મૃત્યુ થયું.એ વખતે ઈબ્રાહિમની ઉંમર માત્ર ૯ વર્ષની હતી.તેથી સત્તાનાં સૂત્રો સંભાળવાની જવાબદારી ચાંદબીબીને શિરે આવી. ગુલાબના ફૂલ સાથે માત્ર સુગંધ નથી હોતી, કાંટા પણ હોય છે એમ સત્તાની સાથે સિંહાસન તો મળ્યું પણ કાંટાળી સેજ

પણ મળી. એ સમયે દક્ષિણના અન્ય સુલતાન બીજાપુર પર વારંવાર હુમલો કરતા. એક હુમલામાં રાજધાનીના રક્ષણ માટે બીજાપુરમાં ફક્ત ૨૭૦૦ સૈનિક હતા, આવી ગંભીર કટોકટીના સમયે ચાંદબીબી પળે પળે ઇબ્રાહિમને પડખે હતી. પ્રત્યક્ષપણે યુદ્ધમાં હાજર રહેતી. દૂરંદેશી હોવાથી શત્રુનો અન્નપુરવઠો બંધ કર્યો.વિજય મેળવ્યો.

ચાંદબીબીએ સાસરિયાને સુરક્ષિત બનાવ્યું, પણ પિયર અહમદનગરમાં પરિસ્થિતિ જુદી જ હતી.ચાંદબીબીનો ભાઈ મૂર્તુજા નિઝામશહા મૃત્યુ પામ્યો હતો. ત્યાં કાવાદાવા, કાવતરા અને ખટપટો ચાલી રહેલાં. અહમદનગરમાં અંધાધૂંધી સર્જાયેલી. પોલું ભાળીને તેનો લાભ ઉઠાવવા ૧૫૮૯માં મોગલ સમ્રાટ અકબરે પોતાના પુત્ર મુરાદને અહમદનગર પર ચડાઈ કરવા મોકલ્યો. અહમદનગરના ઉમરાવો અને સરદારોએ ચાંદબીબીને પોતાના હસ્તાક્ષર સાથેનો પત્ર પાઠવીને અહમદનગરના સંરક્ષણની જવાબદારી લેવા વિનંતી કરી. અહમદનગરની અસ્થિર સ્થિતિનો અવળો પ્રભાવ બીજાપુર પર પણ પડે તેમ હતો. તેથી પિયરના નગરની સુરક્ષા માટે ચાંદબીબી ફરી સજ્જ થઈ.

એ લડાઈમાં ચાંદબીબીએ બુરજ-કિલ્લાના મથાળે તોપ ગોઠવવા કાઢેલી અગાશી જેવી રાવટી પર સ્વયં ઊભા રહેવાનો નિર્ણય કર્યો. એ જોઈ નિઝામશાહીના મહાવતોએ તેની સામે કતારબંધ હાથી મૂકીને ચાંદનું સંરક્ષણ કરવા વિચાર્યું. પરંતુ ચાંદબીબીએ ધરાર ના પાડી દીધી. બીજી બાજુ મોગલ સૈન્ય કિલ્લો જમીનદોસ્ત કરવાના મનસૂબા ઘડી રહ્યું હતું. મુરાદ કિલ્લા ફરતે ખાઈમાં માટી ભરવાના કામની ખબર રાખતો હતો. જોકે મોટા મોટા મોરચા ઊભા કરાયા હોવાથી મોગલોએ કિલ્લાની એક બાજુએ ભૂગર્ભમાં ૨૦ ફેબ્રુઆરી ૧૫૯૬ના રોજ પાંચ સુરંગ પાથરી. ઉપર પથ્થર અને માટી બિછાવી સુરંગ ઢાંકી દીધી. સુરંગ ફોડીને કિલ્લામાં દાખલ થવાની યોજના ઘડી.

ચાંદબીબીના ખ્વાજા મુહમ્મદશહા નામના ઈરાની સરદારને સુરંગ વિશે ખબર પડી ગઈ. તેણે ચાંદબીબીને જાણ કરી. ચાંદબીબીના આદેશથી સૈનિકો સુરંગ શોધવાના કામમાં જોતરાયા.ચાંદબીબી સ્વયં હાજર રહીને સૈનિકોનું મનોબળ વધારતી રહી. સૈનિકોએ બે સુરંગ શોધીને તેમાંનો દારૂ કાઢીને માટી તથા પથરા ભરીને સુરંગને નકામી બનાવી દીધી. ત્રીજી સુરંગમાંથી દારૂ કાઢે ત્યાં તો પ્રચંડ વિસ્ફોટ થયો અને ચોથી સુરંગ કે જે હજુ સાંપડી નહોતી, તે ફૂટી. ભીંત ધસી પડી.,

સેનાપતિ અભંગખાને ચાંદ સુલતાનાને સુરક્ષિત સ્થળે ચાલ્યા જવા કહ્યું, પણ 'બુરખાની લડાઈ ચાલુ રહેશે' એમ કહીને તેણે ઇનકાર કરી દીધો. રેતીથી ભરેલા ગોળા તૈયાર કર્યા. મોગલો તરફ ગોળાનો મારો ચલાવ્યો. મોગલોની ના ફાવી કોઈ કારી. ચાંદબીબી નામની નારી ના હારી. એથી મોગલો ધોયેલા મૂળાની જેમ પોતાની છાવણીમાં પાછા ફર્યા. જે સૈન્ય મેદાનમાં હતું તેના પર કિલ્લામાંથી તાંબાના સિક્કા ભરેલી તોપોથી મારો ચલાવ્યો.અહમદનગરની તોપોમાં તાંબાના સિક્કાથી હલ્લો કરવાની પદ્ધતિ પ્રસિદ્ધ હતી સિક્કા શત્રુ પર ફેંકાય ત્યારે કર્કશ અવાજથી ભયનું વાતાવરણ પ્રસરી જતું. સ્વાભાવિક જ ભયભીત થઈને મોગલ સૈન્ય ભાગી છૂટયું.પણ ચાંદ પગ વાળીને બેઠી નહીં. સરદારો પાસે એક જ રાતમાં બુરજનું સમારકામ પૂરું કરાવ્યું. સવાર સુધીમાં બાર ફૂટ ઊંચી દીવાલ ઊભી થઈ ગઈ. મુરાદ ચાંદબીબીનું અલૌકિક શૌર્ય જોઈને ચકિત.સવારે મોગલોનો દૂત સફેદ ઝંડો લઈને આવ્યો. ચાંદબીબીને મુરાદનો સંદેશો આપ્યો. હવેથી મોગલ બાદશાહ ચાંદબીબીને 'ચાંદ સુલતાના'કહેશે એમ કહ્યું. ચાંદેપ્રજાહિતમાં શત્રુ સાથે સુલેહ કરી. મોગલોનું સાર્વભૌમત્વ સ્વીકાર્યું.

આ સમજૂતી થયા પછી ઘીના ઠામમાં ઘી પડી ગયું હોય એવું જણાયું,પરંતુ પડતા પર પાટુની જેમ અકબરે ઇ.સ. ૧૬૦૦માં ચડાઈ કરી. મુરાદ મૃત્યુ પામેલો, એટલે અકબરે પોતાના સૌથી નાના પુત્ર દાનિયલ મિર્ઝાને દક્ષિણનો સૂબેદાર બનાવ્યો.તેના નેતૃત્વમાં મોગલસેનાએ કૂચ કરી.

ચાંદબીબીએ ડૂબતો તરણું ઝાલે એમ બીજાપુરમાં ઇબ્રાહિમ અને ગોળકોંડામાં કુતુબશહાને મદદ માટે પત્ર પાઠવ્યો. પણ પરિણામ શૂન્ય. ઇબ્રાહિમ અકબરના ભયથી કાકીને સહાય કરવા માંગતો નહોતો.સગાં સૌ સ્વાર્થનાં!

આ સંજોગોમાં કોઈપણ માણસ હથિયાર હેઠાં મૂકી દે, પણ ચાંદબીબી ઘાયલ તોયે સિંહણ હતી. હિંમત હાર્યા વિના તે કામે વળી. પોતાના અતિ વિશ્વાસુ હમીદખાનની નિમણૂક કિલ્લાના સરદાર તરીકે કરી. મોગલોએ કિલ્લો કબ્જે કરવા ૧૮૦ મણ બંદૂકનો દારૂ ઠાંસીને સુરંગ બિછાવી. ચાંદબીબીના સરદારો જમીન ખોદીને સુરંગ શોધી જ રહ્યા હતા.તેમણે મુખ્ય મહાલય હેઠળ પથરાયેલી સુરંગ શોધી કાઢી.ચાંદબીબીએ સૈનિકોને પ્રતિકાર પાનો ચડાવ્યો. પછી પોતાના ખંડમાં જઈને નિશ્ચય કર્યો કે, કિલ્લાના સહુને તેમની માલમત્તા સહિત જીવતા જવા દેવાની શરતે દાનિયલને કિલ્લો સોંપી દેવો.

ચાંદબીબીએ હમીદખાનને એ વિશે જણાવ્યું. હમીદખાન ખુશ. કારણ, મેડોઝ ટેલર અનુસાર હમીદખાન ગુપ્તપણે દાનિયલને મળીને તેને ચાંદબીબી હવાલે કરવાનું વચન આપી ચૂકેલો. વિશ્વાસે વહાણ ચાલે છે, પણ ચાંદબીબીનાં વહાણ તો વિશ્વાસે ડૂબવાનાં હતાં. દોસ્તના સ્વાંગમાં ઊભેલા દુશ્મનને ચાંદબીબી ઓળખી ન શકી. ભરોસાની ભેંસ પાડો જણશે એવી ખબર નહોતી. એટલામાં બહાર અવાજ સંભળાયો. હમીદખાન બહાર દોડ્યો. ચોકમાં આવીને બરાડા પાડવા લાગ્યો: ‘બંધુઓ, વિશ્વાસઘાત થયો છે. રાણી શત્રુઓ સાથે કરાર કરીને કિલ્લો તેમને હવાલે કરે છે. તે જીવંત રહેવાને યોગ્ય નથી. તેની પાસે ચાલો.’

ચાંદબીબી સ્થિર ઊભી રહી. મોં આઘાતથી ઉઘાડું થયું, આંખો શૂન્યમનસ્ક.ઘરકા ભેદી લંકા ઢાયે, એનો ચાંદબીબીને અનુભવ થયો. આ કાતિલ ક્ષણ અંધારાનું એવું બોગદું હતું જેને છેડે અજવાળું ક્યાંય દેખાતું નહોતું. જોકે પ્રેમાળ રાણી પર હુમલો કરવાની કોઈએ હિંમત ન કરી. પરંતુ હમીદખાને તલવારથી ચાંદબીબી પર વાર કર્યો. આગ લાગે તો જળને કહું, જળ સળગે તો કોને કહું? રાણી મરણને શરણ થઈ.ગુલશને ઇબ્રાહિમ મુજબ તે દિવસ ૧૩ જુલાઈ ૧૬૦૦નો હતો. જોકે કેટલાકના મતે તે નાવમાં એસિડ ભરીને કૂદી પડેલી. કોઈના મતે ચાંદબીબી અને તેની સખીએ ‘મછલી વાવ’માં જીવ દીધેલો, તો કોઈના કહેવા મુજબ ચાંદબીબી લડતાં લડતાં ગુપ્ત મહેલમાં ચાલી ગઈ અને ક્યારેય પાછી ના ફરી. ભલે મતમતાંતર હોય, પણ સૂર્યની જેમ ઝળહળતી ચાંદનો અસ્ત થયો હતો તે હકીકત હતી!

ચાંદબીબી ભલે મૃત્યુ પામી, પણ તેની કીર્તિગાથા આજે પણ ગવાય છે. જે પ્રજાહિત અને લોકકલ્યાણનાં કાર્યો કરે છે તેનું નામ ઈતિહાસમાં સુવર્ણ અક્ષરે અંકિત થઈને અમર થઈ જાય છે. કીર્તિના કિલ્લાઓ સહેલાઈથી ધરાશાયી કરી શકાતા નથી.

નામ રહેતાં ઠાકરાં, નાણાં નહીં રહંત
કીર્તિ કેરાં કોટડાં પાડ્યાં નહીં પડંત!

મોબાઈલ: ૯૮૯૮૦૭૦૨૦૫

જે સૌથી વધારે મહત્ત્વપૂર્ણ હોય તેને શરૂઆતથી કરવું જોઈએ.

ત્યારબાદ એ કામ કરો જે સંભવ છે. તેના બાદ જાણશો કે, તમે એ કામ કરવામાં પણ સક્ષમ થઈ ગયા છો જે તમને અસંભવ લાગતા હતા.

- સંત ફ્રાંસિસ

ધ્યાનથી જોઈએ તો દરેક ક્રાંતિ એક ચમત્કાર છે. દરેક પળોમાં એક ચમત્કાર અને એક ક્રાંતિ થઈ રહી છે. આ એક દષ્ટિકોણની વાત છે.

- હેનરી ડેવિડ થોરો

કદાચ કોઈને પણ પોતાના જીવનની સૌથી મહત્ત્વપૂર્ણ પળોની જાણ ત્યાં સુધી નથી થતી જ્યાં સુધી તે પળો તે જીવી નથી લેતો.

- અગાથા ક્રિસ્ટી

## ૦૮ લોકભારતીના દાદાઓ : જ્ઞાનપિપાસુ ગાંધીમાર્ગી અધ્યાપક : પ્રભાતસિંહ બારોટ

**પ્રવીણચંદ્ર ઠક્કર**

---

**ભૂમિકા :**

પ્રકાશવંત, પ્રસન્ન, સંતુષ્ટ અને જીવંત જીવનના મર્મજ્ઞ, પ્રયોગશીલ કૃષિકાર, જ્ઞાનપિપાસુ અધ્યાપક અને આજીવન વિદ્યાર્થી, વિજ્ઞાન અને અધ્યાત્મના સમન્વયકારી, સ્વાતંત્ર્યસેનાની, 'દર્શક'ના શબ્દોમાં ઓલિયાપુરુષ પ્રભાતસિંહ બારોટ લોકભારતી ગ્રામવિદ્યાપીઠમાં બાગાયત વિષયના સંનિષ્ઠ અધ્યયનશીલ અધ્યાપક તરીકે ૧૯૬૪ થી ૧૯૭૩ દસેક વર્ષ પ્રવૃત્ત રહ્યાં પણ એક અસામાન્ય વ્યકિત તરીકે ૧૯૦૯ થી ૨૦૦૦ સુધી ૯૧ વર્ષના કાલખંડમાં તેમની જે રોચક યાત્રા રહી છે તે કોડિયુંના સુજ્ઞ વાચકો માટે પથદર્શક સિદ્ધ થશે.

**અભ્યાસ, ગાંધીપ્રભાવ અને સત્યાગ્રહ :**

ગુજરાતના નર્મદા કિનારે ભરૂચ જિલ્લામાં વસેલું એક નાનકડું ગામ ભાલોદ. આ પૌરાણિક ગામ પહેલા બ્રહ્મપૂરી કે વિષ્ણુપૂરી નામે ઓળખાતું હતું. તપસ્વી ઋષિ- મુનિઓ અહીં આવીને વસેલા એમ માનવામાં આવતું. શલ્યામાંથી અહલ્યા બનનારી સતિની કથા પણ આ પ્રદેશ સાથે સંકળાયેલી છે. રાજપીપળાના રજવાડામાં મોભાનું સ્થાન ધરાવનાર પરિવારમાં પ્રભાતસિંહભાઈનો જન્મ ૧૯૦૯માં ભાલોદ ગામે થયો. ઘરમાં સહુ એમને મનુ કહેતા. તેઓ દસેક વર્ષના હતા ત્યારે એમણે એમનાથી મોટા બે ભાઈઓને ગુમાવ્યા. એમના પિતાજીનું ભણતર ઓછું પણ જીવનનું ઘડતર ઘણું. તેઓ હંમેશા શિક્ષીત પરિવારના સંપર્કમાં રહેતા અને આગળ જતાં તેમના સત્સંગથી થિઓસોફિસ્ટ બન્યા. પ્રતાપસિંહભાઈ પણ ૧૫ વર્ષની ઉંમરે થિઓસોફિસ્ટ થયા. એજ વર્ષે એમણે પિતાની છત્રછાયા ગુમાવી. તેઓ જીવનનો અર્થ સમજે તે પહેલાં મૃત્યુનો પરિચય થયો. નાની ઉંમરે ઘણી જવાબદારી આવી. જીવનમાં આવતા આઘાતો મૂંગે મોઢે સહયાં. એમના કાકાના દીકરા મધુરકંઠે ભજન અને દેશભકિતના ગીત ગાતા. તેમનું એક ગીત તેમને ખૂબ ગમતું 'મેરે માતા કે સર પર તાજ રહે, હિન્દ હમારા આઝાદ રહે.' અને એ રીતે તેમના ચિત્તમાં દેશભકિતના બીજ રોપાતા ગયા.

પ્રાથમિક શિક્ષણ પ્રાપ્ત કરીને વડોદરામાં માધ્યમિક શિક્ષણ મેળવ્યું. આ અરસામાં તેઓ 'તારક' ઉપનામ હેઠળ 'આનંદ' નામનું હસ્તલિખિત માસિક ચલાવતા. એ સમયે શિક્ષણનું માધ્યમ અંગ્રેજી. સંસ્કૃત પણ અંગ્રેજીમાં જ શીખવું પડે. વડોદરા કલાભવનમાં એમણે ફોટોગ્રાફીનો અભ્યાસ પણ સંપન્ન કર્યો. તેમની ઉપર તરુણાવસ્થામાં ગાંધીજીનો ઊંડો પ્રભાવ તેથી મેટ્રિક પાસ થયા પછી તેમણે કાકા અને માતાની સંમતિ લઈને ૧૯૩૦માં યુવાન વયે મીઠાના સત્યાગ્રહમાં ભાગ લીધો. સાબરમતી જેલમાં ગયા.

જેલ નિવાસ દરમિયાન થોડાક સમય માટે ગાંધીજીના સંપર્કમાં આવવાની તક મળી. વેડછીના વડલા જુગતરામ દવે, રોહિત મહેતા વગેરેના સહવાસમાં રહ્યા. જેલ તેમની પાઠશાળા પૂરવાર થઈ. કાંતેલા સૂતરના બટન બનાવવા, સફાઈ કાર્યથી માંડીને રસોઈ વગેરે શીખી ગયા. જેલના વસવાટ દરમિયાન દિવાળી આવી પણ ભાલોદ ગામના લોકોએ દિવાળી ઉજવી નહોતી કારણ કે ગામની એક વિધવા માનો દીકરો દેશ ખાતર જેલમાં હતો. એકતા અને સમભાવનાનું કેવું સુંદર દૃષ્ટાંત ! પ્રભાતસિંહભાઈએ મકરંદ દવેની આ પંકિત સાર્થક કરી હતી :

'અમે તો જઈશું અહીંથી, પણ અમે ઉડાડેલો ગુલાલ રહેશે;

ખબર નથી શું કરી ગયા, પણ જે કરી ગયા તે કમાલ રહેશે.'

ગાંધીજી રાઉન્ડ ટેબલ કોન્ફરન્સમાં લંડન ગયા ત્યારે ગુજરાતમાં વ્યાયામ પ્રવૃત્તિના જયોતિર્ધર છોટુભાઈ પૂરાણી એ (૧૮૮૫ થી ૧૯૫૦) યુવકોને ખેતી કરવા કહયું. પ્રભાતસિંહભાઈ તે સમયે વિખ્યાત પૂનાની ખેતીવાડી કૉલેજમાં દાખલ થયા. જયારે ભારતમાં મેકોલે પ્રેરિત શિક્ષણની બોલબાલા થઈ રહી હતી ત્યારે પૂના એ ભારતીય સંસ્કૃતિ આધારિત 'વિદ્યાધામ' તરીકે નામના મેળવી હતી. અહીં એગ્રિકલ્ચર કૉલેજના લોકભારતીના અધ્યાપક કૃષ્ણાલાલ શુકલ (શુકલદાદા) પણ વિદ્યાર્થી. જયારે પૂનામાં બીજી ફર્ગ્યુસન કૉલેજ પણ પ્રસિદ્ધ. જયાં પી.વી. નરસિંમ્હારાવ, આચાર્ય કૃપલાનીજી, બાબુભાઈ જ. પટેલ જેવા દિગ્ગજો અને ન.પ્ર.બુચ (બુચદાદા) પણ સ્નાતક. પ્રભાતસિંહભાઈ કૉલેજમાં એકચિત્તે ભણ્યાં. કૉલેજમાં એમનું કાંતવાનું પણ ચાલતું. ગ્રેજયુએટ થયા પછી તેમણે ગાંધી જાગરણની અસર હેઠળ સરકારી નોકરી ન કરવાનો નિર્ણય લીધો.

અભ્યાસ સંપન્ન કરીને પ્રભાતસિંહભાઈ અમદાવાદમાં જયોતિ સંઘમાં જોડાયા. કવિ સુંદરમ્ તેમની સાથે. ત્યાં બહેનોને જ નોકરી મળે. પણ આ બંને અપવાદરૂપ. ગાંધીજીના આશીર્વાદથી, મૃદુલા સારાભાઈ દ્વારા મહિલાઓના સશકિતકરણ માટે ભારતમાં સૌ પ્રથમ ૧૯૩૪માં આ સંઘની સ્થાપના થયેલ. મહારાષ્ટ્રમાં સુગર ફેકટરીમાં તેમણે લીઝીંગ ઓફિસર તરીકે દસેક વર્ષ સેવાઓ આપી સાથે ખેતી પણ કરી. નેવાસામાં ૧૦૦ એકર જમીન લીઝ પર લઈ ત્યાં પ્રયોગિક ખેતી કરીને નામના મેળવી. એ ખેતી બારોટસાહેબની બાગશાહી નામે પ્રખ્યાત થઈ. બાગશાહીમાં વિવિધ પ્રકારના ફળો, સૂરણ, શેરડી, કપાસ, ઘઉં અને આંબાની ખેતી. પ્રવરા નદીને કાંઠે તેમના પ્રભાવી પત્ની કમળાબહેન દરેક કામમાં સંપૂર્ણપણે સાથે. જયારે સાતેય સંતાનો માટે એ સુવર્ણકાળ હતો. દરેકનો ઉછેર ગાંધીજીવનના મૂલ્યોને અનુસરીને થયો. તેમના સુપુત્રી ડૉ.વસુધાબહેન લોકભારતીના સ્નાતિકા છે. ગુજરાતી અને મરાઠીની પ્રાયોગિક નવલકથાનું તુલનાત્મક અધ્યયન કરી તેમણે પીએચ.ડી.ની પદવી પ્રાપ્ત કરી છે. તેઓ સર્જક, વાર્તાકાર તરીકે પ્રસિદ્ધ થયા છે. અત્યારે અમેરિકા છે.

નેવાસામાં જયાં સંત જ્ઞાનેશ્વરે જ્ઞાનેશ્વરી લખી એ ગામ તેમને સાચા અર્થમાં કર્મભૂમિ બની રહયું. આ ગામમાં પ્રભાતસિંહભાઈએ લોકોના પરિશુદ્ધ સ્નેહ અને નિઃસ્વાર્થ સન્માન મેળવ્યા પણ તે વિસ્તારમાં વારંવાર દુષ્કાળને કારણે ખેતી નુકસાનમાં જવા લાગી. લીઝની જમીન તેમણે પાછી સોંપી દીધી.

**લોકભારતીમાં અધ્યાપક :**

પ્રભાતસિંહભાઈના મોટા સુપુત્ર પણ પૂનાની એગ્રિકલ્ચર કૉલેજના ગ્રેજયુએટ. નોકરીની શોધમાં. તેમના મિત્રે તેમને લોકભારતીમાં સેવા માટે સૂચવ્યું પણ ભાઈને બદલે પિતાશ્રી લોકભારતી પહોંચી ગયા. જયોતિભાઈ દેસાઈએ પૂછયું ભણાવવાનો અનુભવ ખરો? જવાબમાં એમણે હસીને કહ્યું મારાં છ સંતાનોને મેં શિક્ષીત - દિક્ષીત કર્યા છે. ૧૯૬૪માં એમની નોકરી પાકી થઈ ગઈ. બાગાયત વિષયના અધ્યાપક. અધ્યાપનકાર્યનો સૌ પ્રથમ અનુભવ તેથી વિષયની પૂરી સજજતા કેળવવા તેઓ થોકબદ્ધ પુસ્તકો પુસ્તકાલયમાંથી લાવે. સતત વાંચે. વિષયને લગતા સંક્ષિપ્ત માહિતી સાથેના પોસ્ટર - ચિત્રો વિદ્યાર્થીઓ પાસે તૈયાર કરાવે. તેમના પ્રદર્શન યોજે. પ્રત્યક્ષકાર્યમાં તેમને વિશેષ રસ. કલમ બાંધવી, મશરૂમની ખેતી, ખાદ્ય પદાર્થોની જાળવણી, જામ અને જેલીની બનાવટ જેવા શિક્ષણમાં સૌને સામેલ કરવાના. વિદ્યાર્થીઓ સાથે પ્રવાસમાં જવાની દિલચશ્પી. તેઓને પાંચેક ભાષાનું સારું એવું જ્ઞાન. અધ્યાત્મ અને ફિલોસોફી પર વિશેષ રુચિ. કયારેક કવિતા લખે. આ બધી વિશેષતાઓને કારણે તૃષાતુરવિદ્યાર્થીઓને પૂષ્કળ

લાભ મળ્યો. એક દાયકા સુધી શ્રેષ્ઠ અધ્યાપક તરીકે વિદ્યાર્થીઓના પ્રીતિ પાત્ર પૂરવાર થયા.

લોકભારતીની સેવાઓ પૂરી કરી ભાલોદ આવ્યા. અહીં ખેતીની સાથે સમાજકલ્યાણનું કામ કરે. બહેનોને સ્વરોજગારી માટે પાપડના ગૃહઉદ્યોગની સ્થાપના કરી. ખેડૂતોને સંશોધિત બિયારણ લાવીને આપે. તુવેરની દાળ ગામમાં જ મશીન દ્વારા બનાવવા ખેડૂતોને પ્રોત્સાહિત કરે. હરિજનો અને વંચિતો સાથે સંપર્ક રાખે. તેમની સમસ્યાઓમાં સમાધાન સૂચવે.

**અમેરિકામાં સંન્યસ્તાશ્રમની સાર્થકતા :**

૧૯૭૫માં ભારતમાં કટોકટી આવી. ભોગીલાલ ગાંધી અને પ્રકાશભાઈ શાહ સાથે આંદોલનમાં સક્રિય. ત્યારપછી કાયમી વસવાટ માટે અમેરિકા ગયા. ૧૯૮૦માં તેમના પત્નીના દેહાવસાન બાદ પોતાની જાતને સતત પ્રવૃત્તિશીલ રાખી. બીમાર લોકોની સેવા અને સારવાર માટે નર્સિંગ વિષય આનંદપૂર્વક ભણ્યાં. ત્યાંની મેન્ટલ હોસ્પિટલમાં પેરેન્ટીંગની માનદ્‌સેવા આપી. ત્યાં સુંદર બગીચો બનાવ્યો અને તે બગીચાના ફૂલમાંથી દરેક વ્યકિતને હસતાં હસતાં ફૂલ આપે. એટલે તેમને સહુ 'ફ્લાવરમેન' તરીકે ઓળખે. આ સમય દરમિયાન ચિત્રકામ શીખ્યાં. લિપ લેગ્વેજ અને સિરામીકના વર્ગોમાં જોડાયા. તેઓ મૈત્રીના માણસ. અનેક લોકો સાથે વણથંભ્યો પત્રવ્યવહાર. અનેક શુભેચ્છકો સાથે ફોન પર વાત કરે. મનુભાઈ પંચોળી, રઘુવીરભાઈ ચૌધરી, ગુણવંત શાહ કે પ્રકાશભાઈ શાહ જેવા તેમના મોંઘેરા મહેમાન બને.

**સમાપન :**

સ્વભાવે ઋજુ, ભૌતિક જીવન પરત્વે નિર્લેપ, છેક સુધી સ્વાવલંબી, પોતાના બધા કામો જાતે કરવાના, થિઓસોફિસ્ટ તરીકે આત્માનું રહસ્ય સમજવાની ઉત્સુકતા અને સાથે જ કમ્પ્યૂટર, નેટ અને ઈમેલ વિશે જાણવાની જિજ્ઞાસા એટલે પ્રભાતસિંહભાઈ. લોકભારતીના તત્કાલીન વિદ્યાર્થીનું એ પરમ સદ્‌ભાગ્ય છે કે તેમને આવા દાદાના સાનિધ્ય અને સહવાસ પ્રાપ્ત થયા છે.

નોંધ : આ લેખ માટે જરૂરી માહિતી પૂરી પાડવા માટે ડો. વસુધાબહેનનો આભાર.

વડોદરા મો. ૯૪૨૬૪૬૧૦૯૦

**હનુમંતતત્ત્વ**

હનુમંતતત્ત્વ સદ્‌ગુરુતત્ત્વ છે, બુદ્ધતત્ત્વ છે,જાગ્રતતત્ત્વ છે. જાગૃતપુરુષનું પ્રથમ લક્ષણ છે, નિરંતર નશામાં રહેવું. એ નશો છે સત્યનો, પ્રેમનો, કરુણાનો.જેની શુદ્ધિ અને સ્વસ્થતા તૂટે નહીં એવા જાગૃત બુદ્ધપુરુષ આપણને પીડામાંથી મુકત કરનારા વૈદ હોઈ શકે છે. જીવનમાં તેજ અને આંખોમાં ભેજ આ બે સાધકોનું લક્ષણ છે. જેમની સાથે સદ્‌ગુરુ હોય છે, એ જ અહંકારનું ધનુષ તોડી શકે.

હનુમંત આશ્રય ખૂબ કરવો એ પ્રાણતત્ત્વ છે. વિશ્વાસતત્ત્વ છે. બધું જ છે. હનુમાન રામ પણ છે, કૃષ્ણ પણ છે, શિવ પણ છે. એક હનુમાનજીની આરાધના કરે છે એ ત્રણેયને આત્મસાત્ કરવા લાગે છે. આપણે ત્યાં એક બહુ જ ખોટી વાત થાય છે કે બહેનોથી હનુમાનજીનું સ્મરણ ન કરાય.એવું કંઈ છે જ નહીં. બહેનોને પહેલો અધિકાર છે. બહેનો મા છે અને હનુમાનજીને પણ જનમ દેનારી કૌ'ક મા તો હશે ને ? કયાં સુધી માતૃઅવહેલના આ દેશ કરતો રહેશે ? નારીને ભગવાનપણું સોહ્યલું છે, પુરુષને દોહ્યલું છે,કારણ કે નારી પાસે આંસુ છે. ભગવાનનો જન્મ આંસુડાંમાંથી થાય છે. બેન-બેટીઓને હનુમાનજીનાં સ્ત્રોતનો અધિકાર છે.સિંદુરવાળાની આરતી સિંદુરવાળા જ ઊતારી શકે.

હનુમાનમાં સ્પર્ધા નથી. હનુમાનમાં શ્રદ્ધા છે,સ્પર્ધા નથી. તમે સ્પર્ધા કરશો તો વિકાસ થશે, વિશ્રામ નહીં મળે. હું સ્વીકારું છું કે સ્પર્ધા કરશો તો વિકાસ થશે પરંતુ વિશ્રામ નહીં મળે. વિકસિત તો થઈ જશો, આરામ નહીં લઈ શકો.

-મોરારિબાપુ

## ૦૯ સ.ઓપનહાઈમર

**સોનલ પરીખ**

---

અગાઉ આપણે હોલીવૂડની રામાનુજમ, ગાંધી અને પેલે જેવા મહામાનવો પર બનેલી અદભુત ફિલ્મો જોયેલી. આ વર્ષની આ કદાચ શ્રેષ્ઠ ફિલ્મ હોઈ શકે. ઓપનહાઈમર ફિલ્મ 'American Prometheus' નામના પુસ્તકના આધારે બની છે. તે પુસ્તકના લેખકો છે કાઈ બર્ડ અને માર્ટિન શેર્વીન. ઓપનહાઈમરની જીવનકથા ટૂંકમાં જોઈએ.

ઓપનહાઈમર એક સૈદ્ધાંતિક ભૌતિકશાસ્ત્રી, જેનામાં મહાનાયકનું વશીકરણ હતું. જેટલા પ્રતિભાશાળી, તેટલા જ જટિલ, તેજસ્વી અને નિખાલસ, સામાજિક ન્યાયના સબળ પુરસ્કર્તા. પરમાણુ હથિયારની દોડમાંથી ખસી જવાના તેમના વલણને કારણે તેમના વહીવટી દુશ્મનો ઊભા થયા. અત્યંત ડહાપણ સાથે તેનામાં ઘણું ભોળપણ હતું. તે શરીરે કૃષકાય, પણ મનોબળ એકદમ દ્રઢ. તેમની મેધા બહુ પ્રખર.

તે ૩૫ વર્ષે જગવિખ્યાત ભૌતિકશાસ્ત્રી બની ગયેલા. ૩૯ વર્ષે તે અણુબોંબ બનાવવાના મેનહટ્ટન પ્રોજેક્ટના નિયામક બનેલા અને કેટલાક નોબેલ પ્રાઈઝ મેળવેલા વૈજ્ઞાનિકો સહિત ૪૫ જેટલા ઉચ્ચ કક્ષાના વૈજ્ઞાનિકોની મદદથી ત્રણ વર્ષના ગાળામાં અણુબોંબ બનાવેલો. તે પછી તે જગતભરમાં મશહૂર થઈ ગયેલા. તે અમેરિકાના શ્રેષ્ઠ વૈજ્ઞાનિક ગણાતા હતા. અણુબોંબે જાપાનમાં જે વિનાશ સર્જ્યો તેનાથી તે અને તેમના સાથીઓ ખૂબ વ્યથિત થઈ ગયેલા. આથી તે યુદ્ધ વિરોધી અને અણુબોંબના ઉપયોગના વિરોધી બની ગયેલા. તે સતત સરકાર પર દબાણ કરતા રહ્યા કે રશિયા સાથે સહકાર કરો અને આંતરરાષ્ટ્રીય નિયંત્રણની વ્યવસ્થા ગોઠવો કે જેથી અણુબોંબનો કોઈ ઉપયોગ ન કરે. આથી સરકારના અને લશ્કરના કેટલાક લોકો તેમની વિરુદ્ધ થઈ ગયા. તેમને સામ્યવાદી અને રશિયાના જાસૂસ ગણાવી તેમની સામે બંધ ઓરડામાં એક તરફી તપાસ આદરી.. તેમનું સિક્યુરિટી ક્લિયરંસ રદ કરવામાં આવ્યું અને તે દ્વારા દરેક સરકારી પદો માટે તેમને જીવનભર ગેરલાયક ઠેરવવામાં આવ્યા. આમ અમેરિકાના તે વખતના શ્રેષ્ઠ વૈજ્ઞાનિકની ભારે માનહાનિ થઈ. પહેલાં તે 'એટોમબોંબના જનક' તરીકે ઓળખાયા, પછીથી ગેલેલિયો જેવા 'શહીદ વૈજ્ઞાનિક'નું બિરુદ પામ્યા.

૧૯૬૮માં ઓપનહાઈમરનું કેન્સરના કારણે અવસાન થયું. તેના ૫૪ વર્ષો પછી, બિડેન સરકારે અગાઉની સરકારની ભૂલ સ્વીકારી. હાલના અમેરિકન એટોમિક કમિશનના વકીલે જાહેર કર્યું કે આંતરિક તપાસનું તારણ એવું છે કે આ સિસ્ટમની ભૂલ થઈ છે અને એક વફાદાર અમેરિકનને ભારે અન્યાય થયો છે. આટલાં વર્ષો બાદ, ૧૮મી ડિસેમ્બર ૨૦૨૨માં અમેરિકન સરકારે અને કોર્ટે ઓપનહાઈમરને બધા આરોપોમાંથી મુક્ત કર્યા છે.

ઓપનહાઈમરે એટોમબોંબ બનાવ્યો, જેનો ઉપયોગ અમેરિકન સરકાર દ્વારા ૧૯૪૫માં જાપાનના હિરોશીમા અને નાગાસાકી શહેરો પર થયો, તેના કારણે જાપાને બીનશરતી શરણાગતિ સ્વીકારી. બોંબને કારણે લાખો માણસોના મરણ થયા અનેક પેઢીઓ રીબાઈને મરી. તો ઓપનહાઈમરનું - તે સાથે આવા ભયંકર શસ્ત્રો બનાવનાર વૈજ્ઞાનિકોનું મૂલ્યાંકન કેવી રીતે કરીશું? આ વિષે બહુ વિદ્વાનોએ ઘણી ચર્ચા કરી છે.આ વિષય પર ચાર્લ્સ થોર્પે નામના એક પત્રકારે પીએચ.ડી. કર્યું અને તે માટેના મહાનિબંધનું નામ છે 'ઓપનહાઈમર – એક શોકાન્તિક બૌદ્ધિક'. તેની પ્રસ્તાવનામાં ચાર્લ્સ થોર્પેએ આ બાબતે જે ચર્ચા કરી છે. તેને ટૂંકમાં સમજીએ.

આ નિબંધ ભૌતિકશાસ્ત્રી જે. રોબર્ટ ઓપનહાઈમરનાં જીવન અને તેની કારકીર્દીને સમજવાનો પ્રયાસ કરે છે. પણ તેનો ઉદ્દેશ્ય, તેના જીવન તરફ નજર નાખીને વધુ વ્યાપક બાબતોનું પૃથક્કરણ કરવાનો છેઃ તે સાથે પોતાની જાતનું ઘડતર, કારકિર્દી, વિજ્ઞાનનો સાંસ્કૃતિક અને રાજકીય બાબતો પર અધિકાર, વ્યક્તિત્વનો પ્રભાવ, અને વ્યક્તિગત નૈતિક જવાબદારી જેવી બાબતો વિષે સમજવા પણ પ્રયાસ કરે છે. વીસમી સદીમાં જે રીતે વિજ્ઞાન હિંસાનું મુખ્ય સાધન બન્યું છે, જે રીતે તેણે હિંસાની ક્ષમતા અને વ્યાપનું સ્વરૂપ બદલી નાખ્યું છે, તે બધી બાબતોને ધ્યાનમાં રાખીને આજે વિજ્ઞાન, જે રીતે સત્તાધારીઓનું સંસાધન બની ગયું છે, તેને સમજવાનો પ્રયાસ છે.

બીજા વિશ્વયુદ્ધ બાદ, સત્તા અને હિંસાના પ્રશ્નોને સંબંધિત ઓપનહાઈમરના પ્રતિભાવો અણુબોંબ સંદર્ભે હતા. તે વિજ્ઞાનના અર્થની શોધમાં હતા. તેના ૧૯૪૮ના પ્રવચન 'ખુલ્લુ મન' માં ઓપનહાઈમરે એ વિરોધાભાસ પ્રત્યે ધ્યાન દોરેલું કે આ પ્રવૃત્તિ આધુનિક સંસ્કૃતિ સામે સત્તાની જબરજસ્તીના બીજા છેવાડાની છે, જે આજે કદાચ તકનિકી હિંસાનું પ્રાથમિક માધ્યમ બની ગઈ છે.

વીસમી સદીની ઘટનાઓએ વિજ્ઞાનના એવા આદર્શોને વધુને વધુ વામણા બનાવી દીધા છે. વીસમી સદીના ઈતિહાસે વિજ્ઞાન અને હિંસાના આ આધુનિક સંબંધની નિકટતાને પૂરવાર કરી દીધી છે. તેણે પોતાનો ઓછાયો વૈજ્ઞાનિક પ્રગતિની વ્યાખ્યા પર પાડ્યો છે. આધુનિક હિંસાએ સમય જતા તેના ચહેરાને 'વૈજ્ઞાનિક' ચરિત્ર બનાવી દીધું છેઃ અવૈયક્તિક, સંસ્થાગત અને સંગઠિત તર્કસંગત. વિજ્ઞાન હવે સંસ્કારિત તકનિકીકરણ અને આધુનિક શસ્ત્રોની તાકાતનો ભાગ બની ગયું છે. જો ઓગણીસમી સદીએ શસ્ત્રોનું યાંત્રિકીકરણ અને ઔદ્યોગિકીકરણ કર્યું, તો વીસમી સદીનું ઘડતર યુદ્ધના વિજ્ઞાનીકરણથી થયું. પહેલું વિશ્વયુદ્ધ 'રસાયણશાસ્ત્રનું યુદ્ધ' કહેવાયું, અને બીજું વિશ્વયુદ્ધ 'ભૌતિકશાસ્ત્રનું યુદ્ધ' કહેવાયું. આમ વિકાસનું દશ્યસ્વરૂપ એક વ્યંગચિત્ર જેવું થયું. યુદ્ધની બાબતોનું વિજ્ઞાનીકરણ એ હદ સુધી થયું છે કે આજે ભાષામાં પણ તેના કેટલાક શબ્દો આવી ગયા, જેવા કેઃ સ્માર્ટ બોંબ, સર્જિકલ સ્ટ્રાઈક.

વિજ્ઞાન અને હિંસા વચ્ચેનો આ આંતરસંબંધ વિજ્ઞાનીની જવાબદારી અને તેણે ભજવવાના પાઠ વિષે સવાલ ઊભો કરે છે. વીસમી સદીના આ સવાલની કદાચ સૌથી વધુ સચોટ અને સંપૂર્ણ સ્પષ્ટતા સમાજશાસ્ત્રી મેક્સ વેબરે તેમના ૧૯૧૮ના પ્રવચનમાં 'વિજ્ઞાન એક વ્યવસાય' તરીકે કરી છે. વેબરના મતે, 'હકીકત અને મૂલ્ય, બન્નેને જુદા પાડવાનો સ્વીકાર વિજ્ઞાન વ્યવસાયનો અર્ક છે, આથી, અંતિમ પરિણામો અને મૂળભૂત મૂલ્યોના સંદર્ભે, વ્યવસાયી નિસ્બતને દૂર રાખવી. વિજ્ઞાન પોતે જ એકમેક સાથે સંકળાયેલી હકીકતો વિષેનું જ્ઞાન અને સભાનતા આપે છે.' વેબર મૂલ્યોને હકીકતોથી છૂટા પાડવા પર ભાર આપે છે, જેથી રાજકારણ સામે વિજ્ઞાનની સ્વાયત્તતા જળવાઈ રહે, અને વિજ્ઞાનને રાજકારણની હિંસાથી બચાવી શકાય. (દા.ત. તેમણે એ જોયું કે, રાજકીય વિરોધીઓનાં પ્રવચનોમાં રાષ્ટ્રવાદી વિદ્યાર્થીઓ દ્વારા વિક્ષેપો ઊભા કરાતા હતા.) કોઈ સ્વતંત્ર અસ્તિત્વ ધરાવતા શાશ્વત મૂલ્યને વિજ્ઞાનથી અલગ પાડવાના વિચાર તરફ સમાજચિંતક અને તત્વજ્ઞાની હર્બર્ટ માર્ક્યુઝ ધ્યાન દોરતા કહે છે કે,

'તેનાથી તો વિજ્ઞાન બાહ્ય બળોથી વધારે અસુરક્ષિત થઈ જશે. તમારી નિષ્પક્ષતા જેટલી અનિવાર્ય છે, તેટલી જ ભ્રામક છે. કારણકે નિષ્પક્ષતા ત્યારે જ વાસ્તવિક બને છે જ્યારે તે બહારનાં આંદોલનોનો સામનો કરવા સક્ષમ હોય છે. જો તેવું નહીં હોય, તો તમે તરત જ શિકાર બની જશો અને બહારની જે કોઈ તાકાત તમારો ઉપયોગ કરવા માગે તેને શરણે થઈ જશો.'

માર્ક્યુઝનો મુદ્દો તે વખતે ખાસ મહત્ત્વ ધરાવે છે, જ્યારે

કોઈ ટેક્નોલોજીનો સવાલ વિચારે છે, અને ત્યારે સમકાલીન પરિસ્થિતિ, જેમાં ઊંચા દરજ્જાનાં શોધ અને વિકાસ હાથવગાં હોય, તે બહુ ટૂંક સમયમાં વૈજ્ઞાનિક શોધને લશ્કરના ઉપયોગમાં ફેરવી શકે છે. આજના આધુનિક તકનિકી યુદ્ધોમાં એક વિજ્ઞાની સત્તાનો નોકર બની જાય છે. આ પાઠ તેના વિરોધમાં નથી પણ કદાચ વેબરે કહેલા વ્યવસાયની જરૂરિયાત છે.

વેબરે કહેલી વિજ્ઞાન વ્યવસાયની પ્રકૃતિ, એ રાજકીય ઝુંબેશની તર્કહીન હિંસાની સામે વૈજ્ઞાનિક શોધની આવરદા કદાચ બચાવ હોઈ શકે, પણ તે આજની આધુનિક વિજ્ઞાન આધારિત હિંસા સામે કોઈ નૈતિક બચાવ આપી શકે તેમ નથી. તેના બદલે, આવી મૂલ્ય-નિષ્પક્ષતાની વૃત્તિ, વ્યવસાયની શિસ્ત, નોકરશાહી અને લશ્કરી સંસ્થાનો કરતાં કોઈપણ રીતે જુદી નથી પડતી. ઉલ્ટાની તે આજના આધુનિક રાષ્ટ્ર દ્વારા થતી તર્કબદ્ધ હિંસાની સાથે વિજ્ઞાનની ગતિ વધારવામાં મદદરૂપ થાય છે.

આ નિબંધ એની તપાસ કરે છે કે કેવી રીતે ઓપનહાઈમર, યુદ્ધ સમયના અણુશસ્ત્ર પ્રયોગશાળાના અધ્યક્ષ તરીકે અને યુદ્ધ પછી અમેરિકન સરકારના વૈજ્ઞાનિક સલાહકાર તરીકે, સમયની માંગ મુજબ પોતાનો પાઠ તૈયાર કરે છે, કે જેથી તે વિજ્ઞાનના સંદર્ભે રાજકારણ, યુદ્ધના સવાલનો અને હિંસા બાબતે પોતાની જવાબદારીઓ નક્કી કરી શકે. ઓપનહાઈમરે વેબરના મત અનુસાર પોતાની વ્યવસાયિક નૈતિકતા બનાવી. તેમ છતાં અણુબોંબ વિજ્ઞાની તરીકે તેની જવાબદારીઓ સામે એક ભૌતિકશાસ્ત્રીની લડાઈ શરૂ થાય છે. તે નૈતિક સવાલો ઊભા કરે છે. વ્યવસાયની નૈતિકતા અલગ અલગ ખાનાઓમાં વહેંચાયેલી વૃત્તિ હોવાના કારણે તે સવાલોને યોગ્ય રીતે સંભાળી શકાતા નથી. ઓપનહાઈમરના પોતાની જાત સાથેના નૈતિક ટકરાવો અને મૂંઝવણો વ્યવસાયિક નૈતિકતાની મર્યાદા છતી કરીને તાણ વધારે છે.

ઓપનહાઈમરની વ્યવસાય સાથેની લડાઈ પણ એ પૂરવાર કરે છે કે વિવિધ ખાનાઓમાં વહેંચાયેલી વૃત્તિઓની પાર જતા નૈતિક અભિગમની વ્યાખ્યા કરવી અને તેને જાળવી રાખવી કેટલી અઘરી છે. એવા તકનિકી-અમલદારી વાતાવરણમાં અને એવી સંસ્થામાં તૈયાર થયેલો કોઈ ખાસ વિષયનો તજજ્ઞ, જે પોતાની નથી તેવી મર્યાદિત અને ટુકડાઓમાં વહેંચાયેલી નૈતિક સમજને પૂરી તાકાતથી ઉછેરે છે અને જાળવી રાખે છે. ૧૯૫૪ માં ઓપનહાઈમર સામે પર્સનલ સિક્યોરિટી બોર્ડની તપાસનો મુખ્ય વિષય એ હતો કે ‘જ્યારે વિજ્ઞાનીઓ પોતે કરેલાં કામોનાં પરિણામો પ્રત્યે પોતાની નૈતિકતાની નિસ્બત જોડે છે, ત્યારે તેમના અધિકારોની હદ ઓળંગે છે,’ બોર્ડ આગ્રહ રાખે છે કે લોકશાહી સમાજમાં, પરિણામોના સવાલો ચૂંટાયેલા પ્રતિનિધિઓ પર છોડી દેવા જોઈએ. તે નોકરશાહી અને યાંત્રિક વિચારધારા મુજબનો વિજ્ઞાનીનો પાઠ, આજના પશ્ચિમી જગતમાં વર્ચસ્વ ધરાવે છે. વિજ્ઞાન-પત્રકાર ડેનિયલ ગ્રીનબર્ગે હમણાં દલીલ કરી છે કે: ‘વિજ્ઞાનીઓ તેમને આર્થિક ટેકો આપનારા સ્રોતોનો વધારે પડતો બચાવ કરે છે. મોટા ભાગના વિજ્ઞાનીઓ એવા છે જે પોતાના મર્યાદિત પાઠને પડકારીને પોતાની હોડીને અસ્થિર કરવાનું જોખમ નથી લેતા.’

વિજ્ઞાનીઓએ વિજ્ઞાન સંબંધિત કે બૌદ્ધિક જવાબદારીઓને વધુ વ્યાપના વિચાર સાથે અપનાવવી, તેનો અર્થ એવો થાય છે કે સત્તા સાથે વિજ્ઞાનને ભેળવી દેવું અને તે સાથે જાહેર સમાજ સાથે છેડો ફાડી નાખવો. આ રીતે વિજ્ઞાનને એક સંસાધન કે સાધન તરીકે જોવામાં આવે છે. તે આગ્રહ રાખે છે કે રાષ્ટ્રની સલામતી માટે પ્રયોજાતી વૈજ્ઞાનિક શોધ સંબંધિત સવાલને દબાવી દેવો, અથવા, તે સવાલને સમાજમાં થતી જાહેર ચર્ચાઓમાં વિજ્ઞાનના ક્ષેત્રની બહાર ધકેલી દેવો.

સૈદ્ધાંતિક ભૌતિકશાસ્ત્રી અને વિજ્ઞાનના ઈતિહાસકાર

સિલવાન શુબરે તેના લખાણમાં જવાબદારીના નમૂના તરીકે જીવવાની ઓપનહાઈમરની નબળાઈ માટે ટીકા કરી છે. શુબર માને છે કે ઓપનહાઈમર હિરોશીમા અને શીતયુદ્ધે ઊભી કરેલી નૈતિક અને રાજકીય બાબતોને સંભાળવાની દ્વિધા વખતે 'વધુ પડતો વેરવિખેર' હતો. તેના કરતા વૈજ્ઞાનિકની નૈતિક જવાબદારી વિષે મૂળ જર્મન ભૌતિકશાસ્ત્રી અને ઓપનહાઈમરની ટીમના સભ્ય હાન્સ બેથે વધુ સુસંગત હતા. બેથેએ જવાબો આપ્યા: 'તે દુનિયા સાથે સારાસારના વિવેક સાથે એ અંતિમ હદ સુધી કામ પાર પાડશે, કે જેને તેની વિવેકબુદ્ધિ માન્ય રાખે.' તેની સામે હું એવું કહીશ કે ઓપનહાઈમરની દ્વિધા નૈતિકતાને જીવવા માટેની તેની વ્યક્તિગત નિષ્ફળતા નથી દર્શાવતી, પણ તે વ્યાપક નૈતિકતાની અનિશ્ચિતતા અને યુદ્ધ અને સત્તાની તાકાતના સંદર્ભે વ્યવસાયિક નૈતિકતાના આંતરિક સવાલો દર્શાવે છે. વિવિધ બનાવોનું પૃથક્કરણ કરતી અમેરિકન સંસ્થા 'કાસીડી' ઓપનહાઈમરને બિરદાવતા લખે છે કે: ''અમેરિકાની વધતી જતી વૈશ્વિક તાકાત, અને વિજ્ઞાન, ઉદ્યોગ તથા લશ્કરના કેંદ્રિકરણના માળખાની અંદર ઓપનહાઈમરની લડાઈ છે.'' કાસીડી સૂચવે છે કે કેવી રીતે ઓપન-હાઈમરની કારકિર્દી આ જોડાણનું પ્રતિબિંબ પાડે છે. અમેરિકન વિજ્ઞાન કેટલીક બાબતે રાજકીય કારણોસર આર્થિક રીતે મજબૂત બનાવવાની સાથે, વિજ્ઞાનની સ્વતંત્ર એવી સાંસ્કૃતિક નિર્ણાયકતાની બલિ ચડાવે છે. મારું મંતવ્ય આ પૃથક્કરણ સાથે સહમત છે. પણ તેની સાથે, ઘણી બાબતોના સવાલો, જેવા કે વ્યક્તિ-ઘડતર, વ્યવસાયનો ખયાલ, જવાબદારીમાં નૈતિકતા અને વિજ્ઞાનીની બદલાતી સાંસ્કૃતિક ઓળખ; હું આ બધાને એકમેક સાથે જોડું છું.

જુદીજુદી રીતે લખાયેલાં વિવિધ જીવનચરિત્રો ઓપનહાઈમરના જીવનને શીતયુદ્ધ દરમિયાન વિજ્ઞાન, અમેરિકન સમાજ અને રાજકારણના રૂપાંતરના સંદર્ભે આલેખે છે. આ નિબંધમાં મારો એ પ્રયાસ છે કે એવું જીવનચરિત્ર આપવું, કે જે એકસાથે તેના વ્યક્તિ તરીકેના અને તે સાથે સમાજના માળખાને બતાવે. સામાજિક પ્રક્રિયાઓ અને સામૂહિક કાર્ય દ્વારા વ્યક્તિની ઓળખ બને છે. આ સમાજશાસ્ત્રીય જીવનચરિત્ર છે, જે સહયોગ સાથે એકમેક સાથે કામ કરતા વ્યક્તિના સંબંધોની જે જાળ ગૂંથે છે તે બતાવે છે. આ દ્વારા મારો ઉદ્દેશ્ય છે કે વ્યક્તિ અને તેના સંદર્ભો વચ્ચેનો ભેદ તોડી નાખવો, અને એ બન્નેને સામાજિક પ્રક્રિયા તરીકે ગણવા. આ બહુ અઘરું કામ છે. સમાજશાસ્ત્રી નોર્બેર્ટ એલિયાસ (જર્મન સમાજશાસ્ત્રી) લખે છે: ''જ્યારે આપણે જોઈએ છીએ, ત્યારે આપણે બે સિદ્ધાંતો વચ્ચેના વિરોધની સન્મુખ થઈએ છીએ; આપણી પાસે અમુક પરંપરાગત વિચાર છે, કે આપણે એકલ વ્યક્તિ છીએ, અને તે સાથે આપણી પાસે બહુ સ્પષ્ટ ખયાલ છે, કે જ્યારે આપણે 'સમાજ' કહીએ તેનો અર્થ શું થાય. પણ આ બે ખયાલો, આપણે સમાજ હોવાની સભાનતા અને તે સાથે એકલ વ્યક્તિ હોવાની સભાનતા, ક્યારેય એક નથી બનતા. આપણી જે નબળાઈ છે તેના વિષે સ્પષ્ટ થઈએ, કે આ બન્ને માત્ર વૈચારિક નમૂનાઓ છે, અને તેની પાર એક સંપૂર્ણ દર્શન છે, જેની મદદમાં એ ખયાલો છે કે આપણે વ્યક્તિગત મનુષ્ય હોવા સાથે સમાજ તરીકે બીજા સાથે એકરાગ પણ છીએ.

એ વાત પણ સમજી લેવાની કે વેબરના ઉપર જણાવેલા વિચારો ભવિષ્યના છે, તેના વખતના સમય, વાતાવરણને ધ્યાનમાં રાખીને લખાયેલા છે. વેબરના ઘણા વિચારો અને વિષયો આજની ઐતિહાસિક બાબતો માટે જેમના તેમ કામ આવે તેવા છે. તેના ઘણા વિચારો પ્રતિભા, કોઈ એક ખાસ વિષયમાં નિપુણતાના પ્રશ્નો, હકીકત અને મૂલ્યો...જેવા શબ્દો બીજા વિશ્વયુદ્ધ પછીની પેઢીના વિજ્ઞાનીઓની ચર્ચાઓ/લેખોમાં દેખાયા કર્યા છે. મેનહટ્ટન પ્રોજેક્ટ સમયની નોકશાહીની 'અતિ આધુનિક' અને શીતયુદ્ધ પહેલાંની દુનિયા, સામ્પ્રત અનુઆધુનિક દુનિયા કરતા વધુ 'વેબેરિયન'

હતી.

મેં આ નિબંધમાં ઓપનહાઈમર વિષે ઘણા લોકો પર તેની કેવી છાપ પડી છે તેના પર સારું એવું ધ્યાન આપ્યું છે. અને એ પણ લખ્યું છે કે કેવી રીતે વિવિધ લેખકોએ તેના જીવનને આલેખ્યું છે. લોકોએ તેના જીવન દરમિયાન (અને તેના મૃત્યુ બાદ પણ) તેના પર પ્રતિભાવો આપ્યા છે. હું એ વિચાર પર સવાલ ઉઠાવું છું કે ઓપનહાઈમરનું જીવન વાસ્તવમાં કેવું હતું અને તેની છાપ કેવી પડી, કેવા અર્થઘટનો થયા, કેવા પ્રતિભાવો આવ્યા.

આ સાથે આપણા ડૉ. વિક્રમ સારાભાઈને સરખાવીએ તોઃ

બન્ને વિજ્ઞાનને વરેલા. બન્ને મેધાવી – કદાચ ઓપનહાઈમર વધારે. બન્ને ધનાઢ્ય પરિવારમાંથી. એકનો વિષય હતો અંતરિક્ષ વિજ્ઞાન અને તેણે અણુઊર્જામાં પણ કામ કર્યું. બીજાનો વિષય થિયરેટિકલ ફિઝિક્સ અને તેણે એસ્ટ્રો ફિઝિક્સમાં પણ કામ કર્યું. એક કોઈ કામ શરૂ કરતા પહેલાં તેનાં વ્યાપક પરિણામો કયા હોવા જોઈએ તેને ધ્યાનમાં રાખી બધી પ્રક્રિયાઓ કરે, જ્યારે બીજા તરતના પરિણામને ધ્યાનમાં રાખી પ્રક્રિયાઓ કરે અને પછી તેના વ્યાપક પરિણામો વિષે વિચારે. એક વિજ્ઞાનને વિવિધ ક્ષેત્રોમાં (શિક્ષણ, કૃષિ, અણુઊર્જા, અંતરિક્ષ, ટેક્સટાઈલ્સ, પર્યાવરણ, ઉદ્યોગ, દવાઓ, કલા, મેનેજમેંટ, વગેરે) પ્રયોજે. બીજાનાં ક્ષેત્રો (શિક્ષણ અને અણુઊર્જા) પ્રમાણમાં મર્યાદિત. બન્નેનાં સંસ્કાર અને ઉછેર અલગ અલગ વાતાવરણમાં. એકના જીવન પર ગાંધીવિચારની પ્રબળ અસર, બીજાને આવી કોઈ વિશેષ અસર નહીં, પણ નીતિમત્તાના ખયાલો અને માનવો પ્રત્યે કરૂણા ખરી. બન્નેએ તેમનાં દેશોને મહાન પ્રદાન કર્યું. બન્નેની આવડતો અને જ્ઞાનનો તેમની સરકારોએ લાભ લીધો અને પછી તેમને દૂર હડસેલ્યા.

મોબાઈલ : ૯૮૩૩૭૦૮૪૯૪

## શ્રદ્ધાંજલિ

- ગુજરાત યુનિવર્સિટી, ભાવનગર યુનિવર્સિટીના પૂર્વ કુલપતિ અને સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના કુલનાયક અને લોકભારતીના શુભેચ્છક શ્રી નરેશભાઈ વેદના ધર્મપત્ની શ્રીમતી ઊર્મિલાબહેનનું તા. ૦૪-૦૫-૨૦૨૪ના રોજ વલ્લભવિદ્યાનગર ખાતે દુઃખદ અવસાન થયું છે.
- લોકભારતીના પૂર્વ વિદ્યાર્થી અને પૂર્વ કાર્યકર શ્રી રમણીકભાઈ કાલરિયાનું તા. ૨૨-૦૫-૨૦૨૪ના રોજ ૮૫ વર્ષની વયે રાજકોટ મુકામે દુઃખદ અવસાન થયેલ છે.
- લોકભારતી યુનિવર્સિટીના પ્રો.વી.સી. વિશાલભાઈ ભાદાણીના સસરા શ્રી વશરામભાઈ છગનભાઈ મોરડીયાનું ૬૩ વર્ષની વયે ભાવનગર મુકામે દુઃખદ અવસાન થયેલ છે.
- ગ્રામદક્ષિણામૂર્તિ લોકશાળા મણારના આચાર્યશ્રી ડાહ્યાભાઈ ડાંગર અને લોકભારતી ખેતી વિભાગના કાર્યકરશ્રી પ્રવીણભાઈ ડાંગરના માતુશ્રીનું તા. ૨૭-૦૫-૨૦૨૪ના રોજ સણોસરા મુકામે દુઃખદ અવસાન થયેલ છે.
- શ્રી પ્રવીણભાઈ મહેતાના મોટાભાઈ સ્વામી અપ્રોક્ષાનંદજીનું તા. ૨૩/૦૫/૨૦૨૪ના રોજ ૯૪ વર્ષની વયે દુઃખદ અવસાન થયેલ છે.

સમગ્ર લોકદક્ષિણામૂર્તિ પરિવાર તેઓના પરિવારો ઉપર આવી પડેલ આ દુઃખદ આઘાતને સહન કરવાની શક્તિ આપે અને દિવંગત આત્માઓને પરમ શાંતિ મળે તેવી પ્રભુ પ્રાર્થના કરે છે અને શ્રદ્ધાંજલિ અર્પણ કરે છે.

# ૧૦ શબરી

**વિશાલ જોષી**

---

અરે! મારા વ્હાલુડાં પંખીઓ,

લો, આ તમારી ચણ..., વ્હાલાં હરણાંઓ...!! જરા થોભો.. આમ અધીરા ના થાઓ. મને પહેલાં આ કેડીને સારી રીતે વાળી તો લેવા દો. અરે! મોરલાઓ ધીમે ધીમે જરા ધીમે.... આ તમારી પાંખોના ફફડાટથી આ ફૂલો જુઓ તો કેટલા ધ્રુજી ઊઠે છે ! આજે મારે જરા મોડું થયું છે. પંપા સરોવરની પહેલી જળ લહેરીઓ મને કહેતી હતી કે જો જે, ઉતાવળ કરજે હો, આજે તારા રામ ક્યાંક વહેલા આવી ન જાય... અને આ જુઓ તો, સસલાઓ પણ કેવા ઉમંગથી નાચી રહ્યા છે. અરે! ઊભા રહો જરા જુઓ, પેલાં હરણાંઓ.. હવે કેવાં શાંતિથી નિરાંતે બેસી ગયાં છે.

અરેરે! પેલી કંદમૂળની છાબડી ક્યાં રાખી દીધી મેં? આજે આ બધું કેમ અલગ લાગી રહ્યું છે? એ મારી ચકલીઓ કહો ને મને.... આ ખિસકોલી પણ વારેવારે મને પજવે છે. અરેરે! હજી તો મારા રામનું આસન બિછાવવું બાકી છે... નક્કી આજે હું પહોંચી નથી શકવાની.... ક્યાંક મારા રામ અચાનક સામે આવીને ઊભા ન રહી જાય... હાલો, હાલો, ઝટ કામે વળગું.

હેં, શું કહ્યું તમે? હું કોણ એમ?

હું ભીલ કન્યા. શ્રમણા અને આ... આ મારા ગુરુ મતંગ ઋષિના આશ્રમની ઝૂંપડી. હજી ન ઓળખીને? ક્યાંથી ઓળખો? લ્યો, ત્યારે કહું કે તમે તો મને શબરી નામથી ઓળખો ને! પણ સાચું કહું, મારું નામ શ્રમણા. મારા પિતાજી અજ. ભીલોના મુખી. મારાં માતા ઇન્દુમતી. અરે હું બાળપણથી જ આ વનોની વનરાજી, આ પશુઓ, પંખીઓ... આ પ્રકૃતિ અને તમામ જીવ સૃષ્ટિની લાડકી દીકરી. મારી માતાને કેટલી ચિંતા થતી, જ્યારે હું આ પંખીઓ સાથે વાતો કરતી હતી. પણ સાચું કહું? મને આ પંખીઓ શું કહે છે એ સમજાય. હું એના કલરવને ઉકેલી શકું, છેક મારા બાળપણથી. મારી માતાને ચિંતા થતી ત્યારે કોઈક સંતે આવીને કહ્યું કે આ દીકરીને તો કુદરતે દિવ્ય પ્રતિભા આપી છે અને પછી આ સચરાચર વનરાજી સાથે હુંય વેલની જેમ ઉછરી.

અચાનક મારા લગ્નની વાત થવા લાગી. અમારા રીત-રિવાજ મુજબ લગ્ન સમયે બકરાને મારીને ભોજન આપવાનું હોય. મેં માને કહ્યું આ ખોટું છે એક અબોલ જીવની હત્યા ન કરાય. મારું માનવામાં ન આવ્યું અને છેવટે હું લગ્ન પહેલાં જ ઘર છોડીને વનવાસની વાટે નીકળી પડી. મારે આશ્રમમાં રહીને વેદ શાસ્ત્રનો અભ્યાસ કરવો હતો. પણ ભીલ કન્યા હોવાને કારણે મને કોઈ ઋષિએ ન સ્વીકારી. અંતે મારા ગુરુ ઋષિ મતંગે મને એમના આશ્રમમાં પ્રવેશ આપ્યો. હું એમની સેવા-ચાકરી પૂજન-અર્ચનમાં ભાવપૂર્વક શ્રદ્ધાથી જોડાઈ. છેક એમના અંતિમ શ્વાસ સુધી. મને યાદ છે, બરાબર યાદ છે એ ક્ષણ જ્યારે ગુરુ મતંગ ઋષિએ કહ્યું કે તું રાહ જોજે. તને મળવા પ્રભુ રામ પધારશે. આ એમના છેલ્લા વચનને સહારે હું આજ સુધી રોજ સવારે મારી આ કુટિયા સજાવું છું. મને મારા ગુરુના વચન ઉપર શ્રદ્ધા છે. વિશ્વાસ છે. આજ જીર્ણ શરીર, પણ આંખોમાં પ્રતીક્ષા પાવન... આ કાંપતા હાથ પણ રૂમ રૂમ રામ દર્શનની રાહ રમંત.... આ ડગમગ ચાલતાં ચરણ પણ અડગ હૈયે હામ અનંત.

અરે! આ કોણ...!?? આ સુગંધ લહેરી ક્યાંથી? મારા

રામ... મારા રામ...

હૃદય પુલકિત, અશ્રુ વહ્યા જાય.. હૈયે હરખ ન માંહ્ય...

મારા રામ અહીં આવતા જણાય...

પધારો, પધારો, ગુરુ મતંગજીના આશીર્વચનો આપે સાંભળી લીધા. મારા ગુરુ મતંગ ઋષિ, જુઓ તમારું વચન સિદ્ધ થયું. બિરાજો પ્રભુ...!! ના..ના... ઊભા રહો પહેલાં... હું શું કરું? કશું સૂઝતું નથી... રામ તમે મારા આંગણે...? હા, જળ લઈ આવું... પ્રભુ, પ્રભુ, લાવો ચરણ... આહા, આહા! ધન્ય ધન્ય...!!! વ્હાલાં પંખીઓ, જુઓ, જુઓ, હું કહેતી હતી ને મારા રામ જરૂર આવશે...! પ્રભુ આપનાં ચરણોમાં મારું મસ્તક સ્વીકારો. પ્રભુ! બિરાજો, આ મોરપીંછનું આસન... પ્રભુ! લ્યો, આ કંદમૂળ અને ફળ લ્યો, પ્રભુ... આ નહીં..... આ લ્યો.... હે! પ્રભુ! હું કયા પ્રકારે આપની સ્તુતિ કરું?

હું અધમ જાતિની અને અત્યંત મૂઢ મતિ છું. હે પાપનાશક! હું તો મંદ બુદ્ધિ! કહો, પ્રભુ કેમ સ્તુતિ કરું...?

હેં, શું કહ્યું? કેવળ ભક્તિનો સંબંધ જ શ્રેષ્ઠ? પ્રભુ હા... તો તો હું ધન્ય ધન્ય. સત્ય વચન પ્રભુ!

નાત-જાત, કુળ, ધર્મ, મોટાઈ, ધન, બળ, કુટુંબ, ગુણ અને ચતુરાઈ... આ બધું હોવા છતાંય ભક્તિથી રહિત મનુષ્ય એ જળ વગરનાં વાદળ જેવો છે. સત્ય વચન, પ્રભુ !

હા, પ્રભુ કહો, કહો, નવધા ભક્તિ. સાંભળું છું. કૃત કૃત, ધન્ય ધન્ય! મુજ પતિતમાં આપે નવધા ભક્તિ જોઈ!

હા, જાનકીમૈયાની ભાળ તમને પંપા સરોવરને પેલે કાંઠે સુગ્રીવજી આપશે. હે રઘુવીર! ને આપનાં ચરણ કમળો મેં મારા હૃદયમાં ધારી લીધાં છે. મારા ગુરુ મતંગ ઋષિને નમન કરી હવે મને આ જીર્ણ શરીરમાંથી મુક્તિ આપો... મુક્તિ આપો... મુક્તિ આપો... પ્રભુ! મુક્તિ!

પ્રભુ રામે યોગાગ્નિ પ્રગટ કરી શબરીજીને દુર્લભ એવા હરિપદમાં લીન કર્યાં. નવધા ભક્તિના નવે નવ લક્ષણો — સંતનો સંગ, પ્રભુ પ્રસંગમાં પ્રેમ, અભિમાનરહિત ગુરુ ચરણોની સેવા,કપટરહિત ગુરુ ગુણ ગાન,ગુરુ વચનમાં અડગ વિશ્વાસ, શીલ અને ઈન્દ્રિયોનો નિગ્રહ, સમભાવે પ્રભુ અને સંત પ્રત્યે નિષ્ઠા,સંતોષ અને નિર્મળ દ્રષ્ટિ, પ્રતીક્ષાથી પરિપ્લાવિત હૈયું અને અંતરમાં દઢ સમર્પણ ભક્તિ સાથે સરળતા આજે પણ સ્વપ્રવત લાગે એવાં કાર્યો સિદ્ધ કરી શકે છે.

જય સિયારામ !

(પૂજ્ય મોરારિબાપુએ લોકભારતીમાં 'માનસ લોકભારતી'નું ગાન કર્યું એ અવસરે કથાપૂર્વે રામાયણના પાત્રોની એકોક્તિનું રંગમંચ ઉપર નાટ્યમંચન કરવામાં આવતું હતું. તે એકોક્તિઓમાંથી 'શબરી' વિશેની એકોક્તિ)

મોબાઈલઃ ૯૪૨૬૯૨૦૨૫૧

વિદ્યાર્થી શિક્ષક પરાયણ હોવો જોઈએ. શિક્ષક વિદ્યાર્થી પરાયણ હોવો જોઈએ.

બન્ને જ્ઞાન પરાયણ હોવા જોઈએ. જ્ઞાન સેવા પરાયણ હોવું જોઈએ. ને સેવા પ્રભુ પરાયણ હોવી જોઈએ

- રામચંદ્રડોંગરેજી

એ એકઅજાયબી ભરી ઘટના છે, કે માણસોને વકીલો કે દાકતરો થવા માટે ભારે કેળવણી આપવામાં આવે છે, જયારે મા-બાપ થવાના અતિ મહત્ત્વનાં કાર્ય માટે લાયક થવા તેમને કોઈપણ પ્રકારની તાલીમ અપાતી નથી.

- જે.કૃષ્ણમૂર્તિ

# ૧૧ મન મગન હુઆ

**ડંકેશ ઓઝા**

---

મનસુખ સલ્લાએ મનુભાઈ પંચોળી 'દર્શક' (૧૯૧૪-૨૦૦૧ અને અનિલભાઈ શાહ ૧૯૨૬- ૨૦૦૭)નો છ દાયકાનો પત્ર-સંવાદ સંપાદિત કરીને નવજીવન દ્વારા અનિલભાઈની પુત્રી પલ્લવીના સહયોગથી પ્રકાશિત કર્યો છે. શીર્ષક રાખ્યું છે : 'બે પ્રાજ્ઞનો સંવાદ' એ એક ઉત્તમ કામ થયું છે. પત્રોનું પુસ્તક છે. તેથી પુસ્તકના મુખપૃષ્ઠ પર પત્રો અને બન્નેના ફોટા ઝળકે છે જે પણ યથાયોગ્ય છે.

જે લોકો આ બંને વ્યકિતત્વોને જાણે છે તેમની પાસે તો એક ભૂમિકા પડેલી છે. પરંતુ નવી પેઢીના જે કોઈ ન જાણતા હોય તેમને માટે થોડોક પરિચય અનિવાર્ય બને. 'દર્શક' મોટા સાહિત્યકાર, વિચારક, ચિંતક અને શિક્ષણક્ષેત્રે પણ જાહેર અગ્રણી. અનિલભાઈ શરૂઆતમાં અર્થશાસ્ત્રના વ્યાખ્યાતા, પછી વિકાસ અધિકારી, તે પછી IAS અધિકારી અને નિવૃત્તિ પછી પણ ગ્રામવિકાસના ક્ષેત્રે સ્વૈચ્છિક સંસ્થા સ્થાપીને મથામણ કરતા રહેનાર. છોગામાં એ ઉમેરવું પડે કે સોળ વર્ષની વયે અનિલભાઈએ 'ભારત છોડો' આંદોલનમાં ભાગ લીધેલો અને એક વર્ષ ભાવનગરની જેલમાં રહેલા.

એમની પુત્રી પલ્લવીએ શક્ય તેટલા પત્રો શોધી કાઢયા તો બીજી તરફ મનુભાઈના પુત્ર રામચંદ્રભાઈએ પણ ઘણા પત્રો મેળવી આપ્યા. સંપાદનકાર્ય પણ એવી વ્યક્તિને સોંપાયું જે આ બન્ને પ્રાજ્ઞોને બરાબર જાણે. પ્રસ્તાવના રઘુવીર ચૌધરીએ લખી છે. જેઓ પણ સંપાદક સહિત ત્રણેયને બરાબર ઓળખે. અલબત્ત, બધા પત્રો નહિ મળી શક્યા હોય અને પત્ર અને તેના પ્રત્યુત્તર જોડે મૂકી શકાય એવું નહીં બની શક્યું હોય છતાં આ વિચારવ્યવહારમાંથી જે કોઈ વાચક પસાર થાય તેને જીવનનું ભાથું મળી રહે તેમ છે. જીવન વિશેની અને બીજી ઘણી બધી સ્પષ્ટતાઓ માટેના પૂરતા ઉપયોગી સંકેતો તેમાંથી પ્રાપ્ત થઈ રહે તેમ છે.

પુસ્તકની શોભામાં અભિવૃદ્ધિ થાય તે હેતુથી થોડા ફોટા પણ મુકાયા છે. ઉપરાંત પુસ્તકના પરિશિષ્ટરૂપે અનિલભાઈના કેટલાક લેખો અને વ્યાખ્યાનો મૂકાયાં છે તે યથાયોગ્ય પૂરવાર થઈ રહે છે. એમાંનો એક લેખ અપવાદરૂપે મનુભાઈનો છે. જેમાં તેમણે અનિલભાઈના પિતા ચુનીભાઈ વિશે લખ્યું છે. લેખમાંની બે ત્રણ વાત નોંધવા જેવી છે. પાંચ છ વર્ષના અનિલે માતા ગુમાવી અને ચુનીભાઈએ માની ખોટ પડવા ન દીધી, જિંદગીભર વિધુર રહ્યા. બાળ ઉછેર કરતાં ચુનીભાઈના માતૃહૈયાનો એવો વિસ્તાર થયો કે તેમણે સ્ત્રીકેળવણીનું બહું મોટું કામ લોકભારતીમાં આવતા પહેલાં કર્યું. મનુભાઈ લખે છે કે, 'ચુનીભાઈના સ્ત્રીકેળવણીના કાર્યની ગુજરાતે જોઈએ તેટલી નોંધ નથી લીધી.' પછી ઊમેરે છે, 'ભાવનગરમાંથી વિકસેલા ત્રણ ઉત્તમ શિક્ષકોઃ મૂળશંકરભાઈ (ભટ્ટ), ભાસ્કરરાવ (વિદ્વાંસ) અને ચુનીભાઈ.'

સમાન રસ-રુચિને કારણે સ્વરાજની લડત વખતે ભાવનગરની જેલથી શરૂ થયેલો સંબંધ મૈત્રીની કક્ષાએ પહોંચે છે. મનુભાઈ અલગ અલગ પત્રોમાં અનિલભાઈ વિશે લખે છેઃ 'તું લાંબી દષ્ટિથી જોનારો શીલવાન વિદ્વાન છે. તારી જોડેનો સ્નેહસંબંધ નિર્વ્યાજ મૂડી સમો બન્યો છે, ને મને એમાંથી આનંદ અને પ્રકાશ બન્ને મળ્યા છે. કેટલાક પ્રશ્નો મને આપણી વાતોમાંથી વધારે સમજાયા છે એમ કહું તો એ અતિશયોક્તિ નથી. આપણે સહપ્રવાસી છીએ તેમ મેં માન્યુ છે. અનિલભાઈને પણ મનુભાઈ તરફ અત્યંત સ્નેહાદર છે. અને નિખાલસતાથી તેઓ પોતાના વિચારો

અને મતભેદ સહજતાથી પ્રગટ કરે છે.

મનુભાઈ અને અનિલભાઈ બન્ને સમાજ અને સાહિત્યના અઠંગ અભ્યાસી છે. પુષ્કળ વાંચવાવાળા છે. સમાજની ચિંતા કરવાવાળા છે. સમાજના વિકાસની કઈ પધ્ધતિ અથવા કયો માર્ગ વધુ ઉપકારક નીવડે એની સહિયારી ચિંતા બન્ને જણ સેવે છે. પુસ્તકોની આપ-લે અને તે વાંચ્યા પછી એના વિશેની ચર્ચા બન્નેની મનભાવન પ્રવૃત્તિ છે. આ અર્થમાં જ બન્ને પ્રાજ્ઞ છે.અનિલભાઈ એક પત્રમાં લખે છે કે : 'આપણી જીવનશૈલી અને અમુક અંશે વિચારસરણીમાં પણ ભેદ રહ્યો છે. પરંતુ તેનાથી આપણા સંબંધના સાતત્યમાં અંતરાય ઊભો થયો નથી. તમારા પ્રત્યેનો મારો આદર અને તેથી વિશેષ મારા પ્રત્યેનો તમારો અપાર સ્નેહ એજ આવા અવિચ્છિન્ન અનુબંધનું કારણ હોઈ શકે.'

મનુભાઈનાં પુસ્તકો વિશેની પોતાની સમજણ અનિલભાઈ પ્રગટ કરતા રહે છે. તો વળી ટાગોર અને શરદબાબુ અને બીજાની પણ આ સંદર્ભે ચર્ચા ચાલતી રહે છે. ૧૯૪૯ના એક પત્રમાં મનુભાઈ અનિલભાઈને સમાજ વિશે માર્ગદર્શન પૂરું પાડતાં આ મુજબ લખે છે:

'ઘણા માણસો સુંદર સુકાન વિનાની નૌકા જેવા હોય છે, તેમનો પરિચય ઈષ્ટ છે, મૈત્રી નહિ. મારી સાથે તું રહેવા ઈચ્છે છે એ તો આનંદની વાત છે. પણ સંભવ છે કે તું ન રહી શકે. તો ય તું મારી સાથે જ છે એમ હું સમજુ છું.'

અનિલભાઈ 'દર્શક' કરતાં દેશ-વિદેશમાં વધુ ફરતા રહે છે. તેમ છતાં એ જાણવું અગત્યનું છે કે મનુભાઈ પણ કંઈ ઓછું ફર્યા નથી. ૧૯૯૦ ના એક પત્રમાં અનિલભાઈના પૂછવાથી યુરોપમાં ક્યાં કયાં જવું અને શું શું જોવું એની અત્યંત વિગતસભર વાત એ પત્રમાં તેમણે કરી છે. વિદેશમાં તો ઘણા ફરે છે, પણ કઈ રીતે ફરવું તે બધાં સમજી શક્તાં હોતાં નથી. અહીં બન્ને જણની આ સમજ કેટલી પાકી છે એનો પણ અંદાજ આવે છે.

બન્ને વચ્ચે મતભેદ ક્યાં છે? મનુભાઈ શ્રદ્ધાવાન છે અને અનિલભાઈ બુદ્ધિવાન છે. એક લેખમાં મનુભાઈ એવું લખી ચૂક્યા કે : 'ઈશ્વરમાં ન માનવું તે અભણપણાની નિશાની છે.' (કોડિયું, ડિસે. ૧૯૯૯) આવી વખતે અનિલભાઈએ પ્રતિલેખો કર્યા છે અને તે પણ 'કોડિયું'માં છપાયા છે. મનુભાઈએ સ્વીકાર્યું છે કે, 'અભણ કહેવામાં ઊતાવળ થઈ છે, તેને અધૂરા કહેવાય.' કારણ શોધે- છેવટનું ને વચગાળાનું શોધતા રહે તે માટે જ સૂચિત છે. તો વળી અનિલભાઈ લખે છે કે, 'તમારા બધાં પાત્રો તમારી જ ભાષા બોલે છે, તમારી જ વાત કરે છે. તમારી લગભગ બધી જ વાર્તામાં એક વડીલ જીવનજ્ઞાની હોય છે તેની છાયાતળે બે જુવાન સ્ત્રીપુરૂષ ભાવનામય પ્રેમ કરે છે.'

'સોક્રેટિસ' નવલ વિશે અનિલભાઈ લખે છે : 'કેમ જાણે નવલકથા જામી નહિ તેમ છાપ પડી. સૌથી વિશેષ તો લોકશાહી વિશેની તમારી થીસીસ આમાં સ્પષ્ટ થતી નથી.'

અગત્યનું એ જ છે કે પ્રાજ્ઞ પુરૂષો વચ્ચે વિવિધ મુદ્દે મતભેદ સ્પષ્ટતાથી પ્રગટ થતા રહે છે છતાં મનભેદ કદી ઊભો ન થાય. ગુજરાતમાં કે અન્યત્ર બધે આવાં સ્વસ્થ મનોવલણ જોવાં મળતાં નથી તેથી જ આ વ્યવહાર મૂલ્યવાન બની રહે છે.

અનિલભાઈ ગ્રામવિકાસ અંગે ઘણું કરી શક્યા કારણ એમની એ દિશાની સમજમાં પૂરી સ્પષ્ટતા છે. જીવનભર તેમણે વધુ કામ આ ક્ષેત્રે કર્યું છે. તાલીમી સંસ્થાઓ ઊભી કરી છે અને પગભર પણ કરી છે. નિવૃત્તિ પછી પણ બિનસરકારી સંસ્થાઓ ઊભી કરીને તેઓ સાતત્યપૂર્વક એ દિશામાં જ કામ કરતા રહ્યા, સહભાગી વનવ્યવસ્થા અને સિંચાઈ વ્યવસ્થાના તેઓ મજબૂત ટેકેદાર રહ્યા. મનુભાઈ ગ્રામસેવા કહે છે અનિલભાઈ ગ્રામવિકાસ કહે છે. બન્નેને એ વચ્ચેનો તાત્ત્વિક તફાવત ખબર છે. સારું કામ કરનારને ફૂલો જ મળે એવી બાંહેધરી કોઈ આપી ન શકે. અનિલભાઈ પણ એવા અનુભવોમાંથી પસાર થયા છે, જેની વાત તેમણે એક વ્યાખ્યાનમાં કરી છે.

આઝાદી પછીના તરતના સમયમાં અનિલભાઈને ગ્રામવિકાસ કામમાં જોડાયાને હજુ એકે વર્ષ નહોતું થયું ને જૂનાગઢમાં હડતાલ પડી. સૌરાષ્ટ્ર સરકારના મુખ્યમંત્રી શ્રી ઢેબરભાઈ પર તાર ગયા કે વિકાસ અધિકારી અનિલ શાહને બરતરફ કરો. બન્યુંતું એવું કે ખેડૂતોના ઊભા પાકને નષ્ટ કરતા રામધણને ગીર-સાસણની પાંજરાપોળમાં ખસેડવાનું નક્કી કર્યું. આ મુશ્કેલ પ્રક્રિયા દરમ્યાન થોડી ગાયોનું મરણ થયું તે સંદર્ભે આ ઊકળાટ હતો. રતુભાઈ અદાણી પ્રશ્નને બરાબર સમજ્યા તેથી અનિલભાઈને પત્ર લખ્યો કે,

'કેવા સંજોગોમાં કઈ જાતના સમાજ વચ્ચે આપણે નવઘડતરનું કામ આગળ વધારવાનું છે એનો આવા પ્રસંગોએ આપણને ખ્યાલ આવે છે. આવા પ્રસંગોથી અકળાવાનું તો હોય જ નહિ. મારા - તમારા જેવાને તો આવા પ્રસંગો નવું બળ આપી રહ્યા હોય છે.'

સચિવાલયમાં હોવા છતાં મારે એમનો પરિચય એમની નિવૃત્તિ પછી થયો. તેઓ એક કાળે વહીવટી સુધારણા પ્રભાગ પર વર્ચસ્ ધરાવતા હતા અને છેલ્લે ગ્રામવિકાસના સચિવ હતા. ભાગ્યે જ કોઈ અધિકારીમાં કાર્યકર પણ ભળેલો હોય! અનિલભાઈમાં એ સુભગ સંયોગ હતો. નાનકડી પુસ્તિકા એવી પ્રકાશિત કરાવેલી જેમાં લોકો અને કર્મચારીઓના એવા અનુભવો એકઠા કરેલા હતા જેમાં તેમને યોગ્ય વિચાર કે ઉકેલ પાછળથી સૂઝ્યો હોય.

શીર્ષક એમણે આપેલું : 'એ વિચાર નહીં આવેલો.' મને પણ આની ખબર ન હતી. ગ્રામવિકાસના પ્રશ્નોમાં રસ લઈને લખતા રહેતા આપણા સમાજનિષ્ઠ સાહિત્યકાર દિલીપ રાણપુરાએ આ ચોપડીની મારી પાસે માંગણી કરેલી. પછી તો મહેનત કરીને એ મેળવી જ. આવું કામ ભાગ્યે જ કોઈ બીજા અધિકારીના હાથે થયું હોત.

વિચારવંત પ્રતિભાઓમાં જેમને રસ પડે છે એ મોટેભાગે વિચારવંત જ હોવાના. મનુભાઈનું સાહિત્ય આ દિશામાં મૂલ્યવાન પ્રદાન કરતું રહ્યું છે. સાહિત્ય અકાદમીમાં જ્યારે તેઓ અધ્યક્ષ હતા ત્યારે પણ કામગીરીના ભાગરૂપે અને તે સિવાય પણ મને એમની સાથે લાંબી ચર્ચા કે વાર્તાલાપનો લાભ મળતો હતો. આવો સંગલાભ મળતાં મળે એવો હતો. આ પત્રવ્યવહારના પુસ્તકમાંથી પસાર થતાં બંન્ને પ્રાજ્ઞ પુરુષોનો એવો લાભ ફરી પ્રાપ્ત થયો એનો આગવો આનંદ છે.

મો.૯૭૨૫૦૨૮૨૭૪

( 'બે પ્રાજ્ઞનો સંવાદ'-સંપાદક-મનસુખ સલ્લા. પ્રથમ આવૃત્તિ-૨૦૨૪
નવજીવન પ્રકાશન અમદાવાદ-૧૪ )

**જીવન એટલે...**

જીવ જ શિવ છે. જો પ્રજ્ઞાની માત્રા વધારીશું. એક હૃદયમાંથી નીકળેલી સાચી સંવેદના અનેક હૃદય સુધી પહોંચી જાય છે. જીવનમાં જયારે સારાં વહેણ આવ્યાં હોય ત્યારે રસ્તામાં કોઈ અભાવગ્રસ્ત મળે એને ભર્યા વગર આગળ ન વધો. નાનાને આગળ કરજો અને તમે પાછળ રહેજો. છેવાડાના માણસ તરફ આપણું ધ્યાન હોવું જોઈએ. ગાંધીજીની છેલ્લા માણસ સુધી પહોંચવાની વાતને અનુસરવાનો હું વિનમ્રતાથી પ્રયાસ કરું છું.

જીવનો મર્મ સત્ય છે. જીવનનો મર્મ પ્રેમ છે. જગતનો સાર કરુણા છે. જે સત્યનિષ્ઠ છે એ પ્રેમનિષ્ઠ હશે જ અને જે પ્રેમનિષ્ઠ છે એ કરુણાનિષ્ઠ હશે જ. સત્ય સહજ હોવું જોઈએ. પ્રેમ સહજ હોવો જોઈએ. કરુણા સહજ હોવી જોઈએ.સત્ય,પ્રેમ,કરુણાનો સંદેશો આપવો હોય તો બધાંએ એક થવું પડશે. સત્ય માણસને અભય આપે, પ્રેમ માણસ પાસે સમર્પણ કરાવે અને કરુણા માણસને અહિંસક રાખે છે.

- મોરારિબાપુ

## ૧૨ તું તારા જેવો થજે

**ભાણદેવજી**

---

એક સુંદર અને મોટી નદીના કિનારે એક વિશાળ આશ્રમ હતો. આ આશ્રમના અધિષ્ઠાતાના સ્થાને એક વૃદ્ધ ગુરુજી હતા. મહારાજ સંન્યાસી હતા અને વિદ્વાન પણ હતા. આશ્રમમાં ગુરુજીના અનેક શિષ્યો પણ હતા.

ગુરુજીએ અનેક દર્શનોનો ઊંડાણપૂર્વક અભ્યાસ કર્યો હતો અને અનેકવિધ સાધનાનું પરિશીલન પણ કર્યું હતું. ગુરુજી શાંકર મતાનુયાયી અદ્વૈત વેદાંતમાર્ગના દશનામી સંન્યાસી હતા. તદનુસાર 'શાંકરભાષ્ય' સાથે 'પ્રસ્થાનત્રયી'નો ગહન અભ્યાસ કર્યો હતો. અદ્વૈતવેદાંતના અન્ય પ્રમાણભૂત ગ્રંથોની રચના પણ કરી હતી. અદ્વૈતપથની સાધના શ્રવણ, મનન, નિદિધ્યાસનનું નિષ્ઠાપૂર્વક પરિશીલન પણ ક્યું હતું. તેઓ સારા વક્તા પણ હતા અને અનેક સ્થાને તેમની વ્યાખ્યાનમાળા પણ ગોઠવાતી.

ગુરુજી યોગવિદ્યાના સારા જાણકાર હતા અને તેમણે દીર્ઘકાલપર્યંત યોગસાધના પણ કરી હતી. તેમણે અનેક શિષ્યોને યોગમાર્ગનું શિક્ષણ પણ આપ્યું હતું. 'યોગસૂત્ર', 'હઠપ્રદીપિકા', 'ઘેરંડસંહિતા', 'ગોરક્ષશતકમ્', 'સિદ્ધસિદ્ધાંતપદ્ધતિ' આદિ યોગગ્રંથોનો સભાષ્ય અભ્યાસ કર્યો હતો. તેઓ યોગ પર વ્યાખ્યાનો પણ આપતા.

ગુરુજી 'શ્રીમદ્ ભાગવત'ના પ્રેમી અને અભ્યાસી હતા. તેઓ સારા ભાગવતકથાકાર હતા. તેમણે 'શ્રીમદ્ ભાગવત', 'બ્રહ્મવૈવર્તપુરાણ', 'વિષ્ણુપુરાણ', 'ભક્તિસૂત્રો' આદિ ગ્રંથોનો ખૂબ અભ્યાસ કર્યો હતો. તેઓ કૃષ્ણભક્ત પણ હતા. તેમણે શ્રીરામકૃષ્ણદેવ, શ્રી ચૈતન્ય મહાપ્રભુ, શ્રી રમણ મહર્ષિ, આનંદમયી મા, કબીર, મીરાં આદિ અધ્યાત્મ વિષયક ગ્રંથોનો જીવનભર સ્વાધ્યાય કર્યો હતો. શ્રી અરવિંદના તેઓ સારા પ્રેમી અને જ્ઞાતા હતા.

ગુરુજી બૌદ્ધદર્શનના સારા જ્ઞાતા હતા અને વિપશ્યનાના પણ અભ્યાસી હતા. હોલી 'બાઈબલ' અને 'કુરાને શરીફ'ના પણ જાણકાર હતા. ગુરુજીની ઉંમર હવે નેવું વર્ષથી પણ અધિક હતી. ઉંમરની અસર તો સૌના શરીર પર થાય જ છે. કોઈ રોગ નથી, પરંતુ વૃદ્ધાવસ્થા તો આવી જ છે અને શરીર જીર્ણ થયું છે. ગુરુજીને અને શિષ્યગણને પણ સમજાઈ ગયું છે કે મૃત્યુ હવે નજીક છે. મૃત્યુ નજીક છે તેમ જાણીને ગુરુજીની આંખોમાંથી આંસુ વહેવા લાગ્યાં. રડવા લાગ્યા. ગુરુજીને રડતા જોઈને પાસે બેઠેલા શિષ્યોને દુઃખ પણ થયું અને આશ્ચર્ય પણ થયું. કેટલાક શિષ્યોને થયું કે ગુરુજીને ડર લાગે છે કે શું ?– મૃત્યુનો ડર !

રાત્રિના સમયે ગુરુજી એકલા જ હતા. ત્યારે એકાંતમાં એક પ્રિય અને અંતરંગ શિષ્ય ગુરુજીની પાસે બેઠો હતો. આ પ્રિય શિષ્ય એમને પૂછે છે :

'ગુરુદેવ ! અમે કોઈ આપના રુદનનું કારણ સમજી શક્યા નથી. આપ કૃપા કરીને કહો કે આપને રડવું કેમ આવી ગયું? આપને મૃત્યુનો ભય તો હોય જ નહીં, તો પછી આપના રુદનનું કારણ શું?'

શિષ્યના નિખાલસ પ્રશ્નના ઉત્તરમાં ગુરુજી સ્મિત કરે છે, થોડી વાર મૌન રહે છે અને પછી કહે છેઃ

'તારી વાત સાચી છે, બેટા! મને મૃત્યુનો ભય નથી. હું મૃત્યુના ભયને કારણે રડતો ન હતો. મારા રુદનનું કારણ જુદું જ છે.'

શિષ્યની જિજ્ઞાસા આગળ ચાલીઃ 'ગુરુદેવ! જો આપને ઉચિત લાગે તો મને તે કારણ સમજાવો.'

હવે ગુરુદેવ શિષ્યને પોતાના રુદનનું કારણ સમજાવે છે. ગુરુદેવ પોતાના પ્રિય શિષ્ય સમક્ષ પોતાનું હૃદય ખોલે છેઃ

'બેટા! હું મૃત્યુ પછી પ્રભુના દરબારમાં જઈશ. પ્રભુ

મને પૂછશે : 'તું વસિષ્ઠ—વિશ્વામિત્ર જેવો કેમ ન થયો?'

મને પ્રભુના આ પ્રશ્નની બીક નથી લાગતી. મારી પાસે પ્રભુના આ પ્રશ્નનો ઉત્તર છે. હું પ્રભુને ઉત્તર આપીશઃ

'પ્રભુ ! તમે મને વસિષ્ઠ-વિશ્વામિત્ર જેવો ઋષિ નથી બનાવ્યો, તેથી હું વસિષ્ઠ-વિશ્વામિત્ર જેવો બની શક્યો નથી.'

તેથી પ્રભુના આ પ્રશ્નની મને બીક નથી લાગતી.

પછી પ્રભુ મને પૂછશેઃ 'તું ભગવાન બુદ્ધ જેવો કેમ ન થયો?'

મને પ્રભુના આ પ્રશ્નની પણ બીક નથી લાગતી. મારી પાસે પ્રભુના આ પ્રશ્નનો પણ ઉત્તર છે. હું પ્રભુને ઉત્તર આપીશઃ

'પ્રભુ! તમે મને ભગવાન બુદ્ધ જેવો બનાવ્યો નથી, તેથી હું ભગવાન બુદ્ધ જેવો બની શક્યો નથી.'

તેથી મને પ્રભુના આ પ્રશ્નની પણ બીક લાગતી નથી. વળી પ્રભુ મને પૂછશેઃ

'તું ઈશુ ખ્રિસ્ત જેવો કેમ ન થયો?'

મને પ્રભુના આ પ્રશ્નની પણ બીક લાગતી નથી. મારી પાસે પ્રભુના આ પ્રશ્નનો પણ ઉત્તર છે હું પ્રભુને ઉત્તર આપીશ.

'પ્રભુ ! તમે મને ઈશુ ખ્રિસ્ત જેવો બનાવ્યો નથી. તેથી હું ઈશુ ખ્રિસ્ત જેવો બની શક્યો નથી.'

આમ મને પ્રભુના આ પ્રશ્નની બીક પણ લાગતી નથી.

આ પ્રમાણે પ્રભુ મને આ સ્વરૂપના અનેક પ્રશ્નો પૂછશેઃ

'તું પતંજલિ જેવો કેમ ન થયો?'

'તું ગોરખનાથ જેવો કેમ ન થયો?'

'તું રામકૃષ્ણદેવ કે શ્રી ચૈતન્ય મહાપ્રભુ જેવો કેમ ન થયો?'

'તું અરવિંદ, રમણ મહર્ષિ, કબીર, મીરાં, આનંદમયી મા કે જ્ઞાનેશ્વર જેવો કેમ ન થયો?'

તો મારી પાસે આ સર્વ પ્રશ્નોનો એક જ સચોટ ઉત્તર છેઃ 'પ્રભુ! તમે મને તેમના કોઈ જેવો બનાવ્યો નથી, તેથી હું તેમના જેવો બની શક્યો નથી !'

આમ મને પ્રભુના આ કોઈ પ્રશ્નનો ડર લાગતો નથી.

'પણ પ્રભુના એક પ્રશ્નની મને બીક લાગે છે.'

'કયો પ્રશ્ન, ગુરુદેવ?'

"પ્રભુ મને જો આ પ્રશ્ન પૂછશેઃ 'તું તારા જેવો કેમ ન થયો?' તો તે વખતે પ્રભુના આ પ્રશ્નનો ઉત્તર મારી પાસે નથી, તેથી હું વિહ્વળ બની જાઉં છું અને તેથી મને રડવું આવે છે!"

ગુરુજી અને શિષ્ય બંને દીર્ઘકાળપર્યંત શાંત રહે છે. પછી ગુરુજી પ્રારંભ કરે છે :

"બેટા ! મેં જીવનભર મહાન અવતારો અને સિદ્ધ મહાત્માઓ જેવા બનવા માટે અથાક પ્રયત્નો કર્યા છે, પરંતુ હું તેમાંના કોઈ જેવો બની શક્યો નથી અને તેથી પણ વિશેષ વાત એ છે કે મારા અથાક પ્રયત્નોને કારણે હું મારા જેવો - મારા મૂળભૂત સ્વરૂપને અનુરૂપ ક્યારેય બની શક્યો નથી. મેં જીવનભર બીજા કોઈના જેવા બનવાના પ્રયત્નો કર્યા છે, પરંતુ મેં ક્યારેય મારી અંદર વળીને જોયું નથી. મેં મારી જાતને ઓળખી નહીં. મેં મારી જાતને, મારા યથાર્થ સ્વરૂપને ગુમાવી દીધું છે. મેં જીવનભર બીજાઓનું અનુકરણ કર્યું છે, પણ મેં મારી જાતને જાણવાનો અને તેમ કરીને હું યથાર્થ જે છું તે બનવાનો પ્રયત્ન કર્યો નહીં. હું જે ખરેખર છું, પ્રભુએ મને ખરેખર જે બનાવ્યો છે, તે સ્વરૂપ સાથે મારું તાદાત્મ્ય સિદ્ધ થઈ શક્યું નથી. મેં મને ઓળખ્યો નહીં. હું મને પામ્યો નહીં, હું મારા સ્વધર્મને ચૂકી ગયો છું !

તમારા સૌની નજરમાં અને દુનિયાની નજરમાં હું મહાન ગુરુ ગણાઉં છું. તમે સૌ મને સિદ્ધપુરુષ માનો છો, પરંતુ હું જાણું છું કે જીવનનો અંત આવ્યો તોપણ હું મારા યથાર્થ સ્વરૂપને પામી શક્યો નથી. બેટા ! હવે મારા અંતસમયે હું અપ્રામાણિક બનવા ઈચ્છતો નથી. આ મારી નિખાલસ કબૂલાત છે. પ્રભુએ મને જે સ્વરૂપે બનાવ્યો છે, તે સ્વરૂપને હું પામી શક્યો નથી. તેથી પ્રભુના દરબારમાં, પ્રભુ સમક્ષ હાજર થતાં મને સંકોચ થાય છે અને ડર લાગે છે. બેટા ! મારા રુદનનું આ કારણ છે. મન મૃત્યુનો ભય નથી, પરંતુ મને મારા યથાર્થ સ્વરૂપને ચૂકી જવાનો પરિતાપ

છે. મારા રુદનનું કારણ મારો આ પરિતાપ છે."

આટલું બોલતાં ગુરુમહારાજને થાક લાગ્યો. થોડી વાર આરામ કરી તેઓ પુનઃ પ્રારંભ કરે છે :

"પ્રભુએ આ સૃષ્ટિમાં કોઈપણ બે માનવોને સંપૂર્ણ સરખા બનાવ્યા નથી. અરે! લીમડાનાં કે પીપળાનાં બે પાન પણ સંપૂર્ણ સરખાં હોતાં નથી. તો બે માનવી તો સંપૂર્ણ સરખા કેવી રીતે હોઈ શકે? આનો અર્થ સ્પષ્ટ છે કે કોઈના જેવા કોઈ બની શકે નહીં. કોઈના જેવા બનવાનો પ્રયત્ન કરવો તે માનવના સ્વરૂપને ન સમજવા બરાબર છે. આપણે કોઈના જેવા બનવાનું નથી. આપણે આપણા જેવા જ બનવાનું છે."

ગુરુમહારાજનું વક્તવ્ય પૂરું થયું અને તેમનું જીવન પણ પૂરું થયું. તેમની આંખો મીંચાઈ ગઈ - કાયમ માટે !

ગુરુદેવની આ આખરી અને નિખાલસ વાત જાણીને શિષ્યના હૃદયનાં દ્વાર ખૂલી ગયાં. તે શિષ્ય અને અન્ય સૌ શિષ્યો ગુરુજીનો અંતિમ સંદેશ સમજે છે -

આપણે કોઈના જેવા નહીં, પરંતુ આપણા જેવા- અર્થાત્ પોતાના જેવા બનવાનું છે. જ્યારે માનવી અન્ય માનવી જેવો, ભલે ને તે માનવી ગમે તેટલો મહાન હોય, તેના જેવો બનવા માટે પ્રયત્ન કરે છે, ત્યારે તે અનુકરણ કરે છે, યાદ રહે! જીવન અનુકરણ નથી, નકલ નથી, જીવન તો છે સદા વિકાસમાન પ્રવાહ!

જીવન તો પોતાના સ્વરૂપને પામવા માટે છે. પ્રભુએ આપણને જે બનાવ્યા છે, જેવા બનાવ્યા છે, તે આપણા અંતરતમ સત્ત્વનો સાક્ષાત્કાર કરવો તે જીવનું અભીષ્ટ છે, પ્રાપ્તવ્ય છે. તે છોડીને કોઈ બીજા મહાપુરુષ જેવા બનવાના પ્રયત્નમાં લાગી જવું, તે નિશ્ચિતપણે માર્ગચ્યુતિ છે.ગુલાબ ગુલાબ છે, તે કમળ ન બની શકે. જો તે કમળ બનવા જાય તો કમળ તો ન જ બની શકે અને પોતાનું ગુલાબપણું પણ ગુમાવી બેસે. ગુલાબ પોતાના યથાર્થ સ્વરૂપને પામે, ગુલાબ ગુલાબ તરીકે જ પૂર્ણ રીતે વિકસે, તેમાં જ ગુલાબનું કલ્યાણ છે અને તેમાં જ ગુલાબની કૃતાર્થતા છે, ગુલાબની કૃતકૃત્યતા છે.

પોતાના અંતરતમ સ્વરૂપને પામીને તેની પૂર્ણ અભિવ્યક્તિ કરવી, તેમાં જ ઉપવનની સાર્થકતા છે. જેઓ જીવનના આ સત્યને સમજશે અને તે માર્ગ પસંદ કરશે, તેમને અંતકાળે રડવું નહીં પડે. શિષ્યોએ સાથે મળીને ગુરુજીની અંતિમ વિધિ કરી. સમાધિ બની. સમાધિ પર આરસની નાની તકતી મૂકી અને તકતીમાં લખ્યું છેઃ 'તું તારા જેવો થજે.'

મો.૯૩૭૪૪૧૬૬૧૦

**વ્યાસપીઠનો યોગ પ્રેમયોગ છે.**

કથાકાર શરૂઆતમાં જીભથી બોલતો હોય જેવી પ્રૌઢતા આવે એટલે જીભ તો હલતી હોય બાકી જીવથી બોલતો હોય ! એનો પ્રાણ બોલતો હોય. અને જયારે પૂરી સિદ્ધતા આવે ત્યારે જીભ ખાલી બોલતી હોય, પ્રાણ ઘૂંટાતો હોય પણ પછી તે જીભથી નહીં, જીવથી નહીં પણ જીવતરથી બોલતો હોય છે.

વ્યાસપીઠનો યોગ પ્રેમયોગ છે. 'માનસ' નો એવી રીતે સ્વાધ્યાય કરો કે તમે 'માનસ'ને પ્રેમ કરો એના બદલે 'માનસ' તમને પ્રેમ કરે.'માનસ' સ્વયં મોક્ષદાતા છે, મોક્ષરૂપ છે. 'રામાયણ' રૂપી સદ્‌ગુરુ આપણા માટે રોજ નવો સૂરજ બનીને ઊગે છે. વ્યાસપીઠ મારો પ્રેમયજ્ઞ છે, જ્ઞાનયજ્ઞ નથી.પ્રેમમાં જીવવાની કોશિશ કરો. પ્રેમ તો પરમાત્માનું મોટું વરદાન છે. જે ભગવાનને પ્રગટાવી શકે એનું નામ પ્રેમ.

મારી વ્યાસપીઠ 'આર્ટ ઓફ ડેથ' સમજાવે છે. મૃત્યુને સમજી લઈએ તો મૃત્યુ મહોત્સવ બની જાય. સુખી થવું હોય તો મૃત્યુનો વિચાર જ ન કરો અથવા સ્વીકાર કરી લો. સત્યથી વિમુખ નહીં, સંમુખ થઈએ; પ્રેમથી વિમુખ નહીં, સંમુખ થઈએ અને કરુણાથી વિમુખ નહીં, સંમુખ થઈએ તો મૃત્યુ પણ મા બની જશે.

- મોરારિબાપુ

## ૧૩ સંસ્થા સમાચાર (મે, ૨૦૨૪)

**સંકલન : પ્રશાંત મહેતા**

---

**લોકભારતી સમાચાર**

- તા.૦૨ના રોજ શ્રી અરુણભાઈ દવે અને શ્રી વિશાલભાઈ ભાદાણી મુંબઈ મુકામે લોકભારતીના શુભેચ્છક/દાતાશ્રીઓની મુલાકાતે ગયા. ત્યાં તેઓએ બે દિવસ દરમિયાન અસ્પીના શ્રી શરદભાઈ પટેલ, શ્રી કિરણભાઈ પટેલ અને શ્રી જતિનભાઈ પટેલ; પેન્ટાગોનના શ્રી સુનિલભાઈ તથા શ્રી સ્વાતિબહેન દલાલ; પીડીલાઇટના શ્રી મધુકરભાઈ પારેખ એમ સૌ સાથે મુલાકાત કરી.
- લોકભારતીમાં યોજાયેલી રામકથામાં પૂ. બાપુના અદના સેવક તરીકે લોકભારતીમાં લગભગ એકાદ માસ રહીને અમને સૌને જેમણે માર્ગદર્શન અને હૂંફ પૂરાં પાડેલાં તેવા શ્રી ચીમનભાઈ વાઘેલાનાં ધર્મપત્નીના અવસાન નિમિત્તે મહુવા મુકામે શ્રદ્ધાંજલિ કાર્યક્રમમાં તા.૦૨ના રોજ શ્રી રાજેન્દ્રભાઈ ખીમાણી, શ્રી હસમુખભાઈ દેવમુરારિ, શ્રી કાંતિભાઈ ગોઠી, શ્રી નીતિનભાઈ ભીંગરાડિયા અને શ્રી મિલનભાઈ કેરશિયા જઈ આવ્યા.
- તા.૦૭ના રોજ શ્રી અરુણભાઈ દવે તલગાજરડા મુકામે પૂ. મોરારિબાપુની મુલાકાતે જઈ સુભાશિષ મેળવી આવ્યા. શ્રી ચીમનભાઈ વાઘેલા પાસે પણ જઈ આવ્યા.
- તા.૮ના રોજ નેક અંતર્ગત SSRનો આખરી Dvv, UGCમાં ઓનલાઈન સબમિટ કરવામાં આવ્યો.
- શ્રી અરુણભાઈ દવેને ફ્રાંસની 'તપોવન' સંસ્થા દ્વારા યોજાયેલ પર્યાવરણ અને જીવનમૂલ્યો વિષય સંદર્ભના એક વર્કશોપમાં આવવા નિમંત્રણ મળેલ. તા.૦૮ના રોજ શ્રી અરુણભાઈ અને શ્રી અર્ચનાબહેનને ફ્રાંસની આ મુલાકાત માટે શુભેચ્છાઓ આપવાનો એક નાનો એવો ઉપક્રમ સાયં પ્રાર્થનાના અનુસંધાને કરવામાં આવ્યો. તેઓ તા.૦૯મીના રોજ ૧૫ દિવસ માટેના વિદેશપ્રવાસ અર્થે લોકભારતીથી રવાના થયાં.
- શ્રી વિશાલભાઈ ભાદાણી શૈક્ષણિક હેતુસર દસેક દિવસ માટે ચાઇના જવાના હોઈ, તેમની આ ચાઇનાની મુલાકાત માટે શુભેચ્છાઓ આપવાનો એક નાનો એવો ઉપક્રમ તા.૧૨મીના રોજ સાયં પ્રાર્થનાના અનુસંધાને કરવામાં આવ્યો. તેઓ તા.૧૩મીના રોજ આ વિદેશપ્રવાસ અર્થે લોકભારતીથી રવાના થયા.
- કૃષિ વિજ્ઞાન કેન્દ્રના શ્રી સરોજબહેન ચૌધરી દ્વારા તા. ૧૬ના રોજ પૂને, મહારાષ્ટ્ર ખાતે પ્રાકૃતિક કૃષિ વિષય પરની તાલીમમાં ભાગ લેવા જઈ આવ્યા.
- તા. ૧૬ અને ૧૭ના રોજ શ્રી નિગમભાઈ શુકલએ આણંદ કૃષિ યુનિવર્સિટી ખાતે યોજાયેલ કૃષિ વિજ્ઞાન કેન્દ્રના વાર્ષિક આયોજનના ક્ષેત્રિય કાર્યશાળામાં ભાગ લીધો.
- તા.૨૩-૨૪મીના રોજ લોકભારતીના અરણેજ-નવાગામ ફાર્મની મુલાકાતે શ્રી રાજેન્દ્રભાઈ ખીમાણી, શ્રી નીતિનભાઈ ભીંગરાડિયા, શ્રી નિગમભાઈ શુક્લ અને શ્રી વીનિતભાઈ સવાણી જઈ આવ્યા. તેઓએ શ્રી અજિતભાઈ જાદવ અને સ્થાનિક ટીમ સાથે મળીને આ કેન્દ્રના

ભાવિ આયોજન અંગેની સઘળી વિચારણાઓ કરી અને મુલાકાતો લીધી.

- લોકભારતીના પૂર્વ કાર્યકર શ્રી રમણીકભાઈ કાલરિયાનું નિધન થતાં તા.૨૪મીના રોજ રાજકોટ મુકામે ગોઠવાયેલ શ્રદ્ધાંજલિ કાર્યક્રમમાં શ્રી રામચંદ્રભાઈ પંચોળી, શ્રી હસમુખભાઈ દેવમુરારિ, શ્રી કાંતિભાઈ ગોઠી અને શ્રી જીવનભાઈ જોગરાણા જઈ આવ્યા.
- શ્રી અરુણભાઈ દવે અને શ્રી અર્ચનાબહેન તેમના ફ્રાંસના વર્કશોપમાંથી તા.૨૬ના રોજ હેમખેમ પરત લોકભારતી આવી ગયા. તેઓને તા.૨૭મીની સાયં પ્રાર્થનામાં આવકારવામાં આવ્યાં.
- બોટાદના જિલ્લા પોલીસ વડાની કચેરી દ્વારા જિલ્લાના કેટલાક પસંદ કરેલા વિદ્યાર્થીઓ માટેનો એક ગ્રીષ્મ શિબિર બોટાદ મુકામે આયોજિત થયો, તેમાં બ્રહ્માંડદર્શન અને આકાશદર્શન કરાવવા માટે તા.૨૮મીના રોજ શ્રી હસમુખભાઈ દેવમુરારિ અને શ્રી ધરતીબહેન જોગરાણા જઈ આવ્યાં. તેમ જ તા.૩૦મીના રોજ લોકભારતી લોકવિજ્ઞાન કેન્દ્રની 'મોજીલા શિક્ષણ'ની ટીમ આ ગ્રીષ્મશિબિરમાં વિધવિધ શૈક્ષણિક પ્રવૃત્તિઓ કરાવવા જઈ આવી.
- કૃષિ વિજ્ઞાન કેન્દ્ર અને આત્મા પ્રોજેકટ, ભાવનગર દ્વારા પ્રાકૃતિક કૃષિ વિષય પર તા.૨૮ અને ૩૧ એમ બે દિવસિય બે તાલીમોનું ભાવનગર જિલ્લાના ફાર્મસ માસ્ટર્સ ટ્રેનર અને ટેકનીકલ માસ્ટર્સ ટ્રેનર માટે આયોજન કરવામાં આવ્યું જેમાં ૬૦ તાલીમાર્થીઓએ ભાગ લીધો.
- શૈક્ષણિક વર્ષ ૨૦૨૪-૨૫ થી લોકસેવા બી.આર.એસ. પ્રથમ વર્ષની પ્રવેશ પ્રક્રિયા ગુજરાત સમાચારના GCAS પોર્ટલ ઉપરથી કરવામાં આવી રહી છે.

**આંબલા સમાચાર**

- ધો.-૧૦ અને ધો. ૧૨નું ૧૦૦% પરિણામ આવેલ તે બદલ સર્વ વિદ્યાર્થીને શિક્ષકો, ગૃહપતિ, ગૃહમાતા તેમજ સમગ્ર કાર્યકરોને શ્રી અરુણભાઈ દવે અને શ્રી પ્રશાંતભાઈ ભટ્ટ, શ્રી સુરસંગભાઈ ચૌહાણ, શ્રી વાઘજીભાઈ કરમટીયાએ અભિનંદન પાઠવ્યા.
- તા. ૧૩ના રોજ આંબલા- મણારની વ્યવસ્થાપક મંડળની બેઠક શ્રી પ્રશાંતભાઈ ભટ્ટના નિવાસ સ્થાને ભાવનગર ખાતે યોજાયેલ. તેમાં શ્રી પ્રશાંતભાઈ ભટ્ટ, શ્રી સુરસંગભાઈ ચૌહાણ, શ્રી વાઘજીભાઈ કરમટીયા, શ્રી ડાહ્યાભાઈ ડાંગર, શ્રી રાજેન્દ્રસિંહ વાળા બંને સંસ્થાના હિસાબનીશ શ્રી રવિન્દ્રભાઈ પંડ્યા તેમજ ફિરોજભાઈ ખદરાણી હાજર રહેલ.
- તા.૧૪ના રોજ દર વર્ષની જેમ સંજય-તુલા સાથે સ્કૂલ સે મિલે સ્કૂલ પ્રોજેકટ અંતર્ગત ગૌરાંગભાઈ અને તેમના પત્ની શ્રીમતી ભારતીબેન તેમજ સંસ્થાના કાર્યકર શ્રી દીપકભાઈ પંડ્યાના દીકરા શ્રી ધ્રુવભાઈ કાશ્મીર ખાતે ગયેલ છે.
- સ્વનિર્ભર મોજીલી પ્રાથમિક શાળામાં ઘન આકારના ગણિતના વર્ગનું નવું નિર્માણ કરવામાં આવેલ છે.
- સ્વનિર્ભર મોજીલી પ્રાથમિક શાળામાં હાલ ૫૫ જેટલા એડમિશન થઈ ગયેલ છે. વેકેશન દરમિયાન ૨૨ જેટલા વિદ્યાર્થીઓ શાળામાં રોકાઈને શ્રી મહાશંકરભાઈ પાસે પાયાના ગણિતનું જ્ઞાન સાથે ગમ્મત કરતાં રહ્યા.

**મણાર સમાચાર**

- ગ્રામદક્ષિણામૂર્તિ લોકશાળા મણારનું ધો. ૧૦અને

ધો.૧૨નું ૧૦૦% પરિણામ આવ્યું. આચાર્યશ્રી, નિયામકશ્રી, સર્વ કાર્યકરો-શિક્ષકોના સહકાર અને સહિયારા પ્રયત્નોથી સતત ૯માં વર્ષે ધોરણ ૧૨નું ૧૦૦% પરિણામ મળ્યું છે.

- શ્રી પ્રવીણભાઈ મહેતાના મોટાભાઈ સ્વામી અપ્રોક્ષાનંદજીનું તા. ૨૩/૦૫/૨૦૨૪ના રોજ અવસાન થતા સંસ્થામાં શ્રધ્ધાંજલિ અર્પણ નિમિત્તે પ્રાર્થના સભાનુ આયોજન થયું.
- શ્રી ડાહ્યાભાઈ ડાંગરના માતુશ્રી ગં.સ્વ.રામશ્રીબહેનનું તા.૨૭/૦૫/૨૦૨૪ ના રોજ ૯૦ વર્ષની વયે અવસાન થયું છે દિવ્ય આત્માને શ્રધ્ધાંજલિ અર્પવા સણોસરા ગામે તથા લોકશાળા મણારમાં પ્રાર્થના સભાનું આયોજન કરવામાં આવ્યું.
- સરકાર તરફથી 'નમો લક્ષ્મી' અને 'નમો સરસ્વતી' યોજના જે ધો. ૦૯થી ૧૨ની વિદ્યાર્થિનીઓ માટે અમલમાં મુકવામાં આવેલ છે તેના રજીસ્ટ્રેશન શાળા-ઓફિસ દ્વારા કરાવવામાં આવ્યા.
- તા.૨૬ના રોજ શાળાના શ્રી કંચનબહેન વન ડે વિપસ્યના શિબિર તથા આઈ.પી.એસ. શ્રી હસમુખભાઈ પટેલના હસ્તે અપાયેલ ચેક અર્પણ (ભાવનગર બ્લડબેંકને) કાર્યક્રમમાં જઈ આવ્યા. શ્રી છાયાબહેન પારેખ તથા કવિશ્રી વિનોદભાઈ જોશી, આઈ.પી.એસ. શ્રી હસમુખભાઈ પટેલ તેમજ વિવિધ શાળાઓમાંથી પધારેલ પીફોરપી સાથે જોડાયેલ શિક્ષકોની હાજરીમાં રૂપાંતર પ્રોજેક્ટને ખુલ્લો મુકવામાં આવ્યો.

**માઈધાર સમાચાર**

- તા.૫ના રોજ લોકકલ્યાણ વિદ્યાલયના વિદ્યાર્થીનું વાલીમિલન યોજાયું જેમાં વિદ્યાર્થીઓએ, વાલીઓએ, શિક્ષકોએ પોતાના પ્રતિભાવો રજૂ કર્યા. શ્રી નિર્મળભાઈ પરમાર, શ્રી પાતુભાઈ આહિર અને શ્રી ભાવનાબહેન પાઠક દ્વારા પ્રાસંગિક વાતો કરવામાં આવી.
- તા.૧૫ના ભાવનગર આરોગ્ય વિભાગ અને નાની રાજસ્થળી PHC સેન્ટર દ્વારા કિશોરીઓ માટે માર્ગદર્શન સેમિનાર યોજાયો.
- આ વર્ષે પણ લોકકલ્યાણ વિદ્યાલય ધો. ૧૦ અને ધો. ૧૨નું પરીણામ ૧૦૦% આવ્યું છે.
- આ વેકેશન અંતર્ગત લોકશાળા મણારથી શ્રી ભાવેશભાઈ જાંબુચા, શ્રી રાજુભાઈ ચૌહાણ અને તેમની સાથે લોકવિદ્યાલય માઈધારથી શ્રી રવિન્દ્રભાઈ આ ત્રણેય મિત્રો તળાજા તાલુકાના મૃદા ફાઉન્ડેશન દ્વારા શૈક્ષણિક કામગીરી કરવામાં આવી રહી છે. તેમનાં સહયોગથી વડોદરા શહેર નજીક પાદરા તાલુકાના એકલબારા ગામમાં ૧૫ દિવસનો સમર કેમ્પ કરાવી આવ્યાં.
- તા. ૧૮ થી ૩૧ સુધી વડોદરા અગત્સ્ય ફાઉન્ડેશન દ્વારા યોજવામાં આવેલ તાલીમમાં આવિષ્કાર વિજ્ઞાન કેન્દ્રના કાર્યકરો જઈ આવ્યા.
- તા.૩૦ નાં રોજ સ્ટુડન્ટ પોલીસ કેડેટ (SPC) યોજના અંતર્ગત ભાવનગર જીલ્લાનો સમર કેમ્પ બેલા મુકામે યોજાયેલ જેના ભાગ રૂપે ૫૦૦ બાળકો અને ૨૫ પોલીસ કર્મચારીઓ માઈધાર કેન્દ્રની મુલાકાતે આવી ગયા. શ્રી ભાવનાબહેન પાઠકે સંસ્થા પરિચય આપ્યો. અને આવિષ્કાર વિજ્ઞાન કેન્દ્ર, સ્ટેમલેબ, મોજીલું શિક્ષણ, કૃષિ વિજ્ઞાન કેન્દ્ર અને લોકકલ્યાણ વિદ્યાલયની પ્રવૃત્તિઓ વિદ્યાર્થીઓ અને કાર્યકરો દ્વારા બતાવવામાં આવી.
- આ મહિના દરમિયાન સંસ્થા મુલાકાતે સુરતથી શ્રી રાઘવભાઈ ડાભી તેમજ પૂર્વ વિદ્યાર્થીઓ, વાલીઓ સંસ્થાની મુલાકાતે આવ્યા.

# ચાઈનાની શૈક્ષણિક મુલાકાતની યાદગાર તસ્વીરો



શ્રી વિશાલભાઈ ભાદાણીને ચાઈનાની યાત્રા માટે શુભેચ્છા પાઠવતા લોકભારતી પરિવારજનો








યુનિવર્સિટીના શૈક્ષણિક સંકુલના બાંધકામના નિરીક્ષણાર્થે આવેલ શુભેચ્છક-દાતાશ્રી  જતીનભાઈ શરદભાઈ પટેલ












To.

From :

**Registered** *BVR/151/2024-2026, RNI No. GUJ/1763-57, Renew upto 31-12-2026*
**Published on :** *14th of every month. Posted at : Amargadh Post office on 15th of every month*

**मालिक** : ग्रामदक्षिणामूर्ति-आंबला ट्रस्ट की ओर से **मुद्रक-प्रकाशक** : सुरसंगभाई चौहान - ग्रामदक्षिणामूर्ति-आंबला, पीन ३६४ २५० (गुजरात) द्वारा चामुंडा प्रिन्टिंग प्रेस, सोनगढ, पीन ३६४ २५० मे मुद्रित करके ग्रामदक्षिणामूर्ति : आंबला से प्रकाशित किया ।
**तंत्री** : डो. अरुण दवे : लोकभारती- सणोसरा, (गुजरात) Email : kodiyusanosara@gmail.com वार्षिक चंदा रु. २००/- प्रति अंक रु. २०/-